श्री.

श्रीमंत नामदार शर. टी. माधवराव
के. सी. अेस. आय.
दीवान साहेब बाहादुर.
वडोदरा.

महाराजा,

देशना कल्याणार्थे आपनो अति श्रम, अने विद्या वृद्धिमां आप साहेबना प्रौढ विचार अने विद्वानोनी बुज तथा चाहेना राखनार-ए मुख्य कारणोनेलीधे आपनुं मानवंतुनाम आ नाना ग्रंथ साथे जोडी राखवुं अमे पसंद करेलुं छे.

आपना आज्ञांकित अने
नम्र सेवको
प॰भो॰पारेख.
ह॰के॰शाह.

प्रस्तावना.

ગુજરાતનો ઘણો ખરો ભાગ ગાયકવાડ સરકારના તાબામાંછે. તેમજ ગુજરાતમાં મોટામાં મોટું દેશી રાજ્ય ગાયકવાડ સરકારનુંછે. સબબ એ રાજ્ય ક્યારથી સ્થાપન થયું; તે ઉત્તરોત્તર કેમ વધતું ગયું, આજ સુધીમાં એ ગાદીયે કેવા અને ક્યા ક્યા રાજા થયા વગેરે જાણવાની ગુજરાતના વતનીઓને અને તેમાં વિષેશે કરીને ગાયકવાડી રૈયતને ઉત્કંઠા થાય એ સ્વાભાવિકછે.લોકોની એ આશાપુરી પડે એવું આજસુધીમાં એકે પુસ્તક નીકળ્યું નથી. નિશાળોમાંના ચોથા ધોરણમાં ચાલતા ગુજરાતના ઇતિહાસમાં એ રાજ્યની હકીકતછે ખરી પણ તે ટુંકીછે. સબબ ગાયકવાડી રાજ્યનો ખુલાસાવાર ઇતિહાસ બનાવી લોકોની આગળ મુકી મનમાનતી સેવા બજાવવાના વિચાર મારા દીલમાં ઘણા દિવસથી ઘોળાયા કરતા હતા. મેં ગાયકવાડી રાજ્યની ભૂગોળ બહાર પાડ્યા પછી એટલે આશરે બે વર્ષ અગાઉ એ રાજ્યનો ઇતિહાસ બનાવવાને મારા પરમ મિત્ર પરમાનંદદાશે મને ભલામણ કરેલી, જેથી મારા જુના વિચાર તાજા થયા, અને એ કામ પૂરૂં કરવા મેં હાથમાં લીધું. વચગાળે કેટલીક અડચણો આવ્યાથી આ પુસ્તક બહાર પડતાં વિલંબ થયો કે જેને માટે હું દલગીરછું.

સાધારણ વાંચનારને તેમજ નિશાળના છોકરાઓને શિખવવામાં અનુકૂળ પડવાને સારૂ આ પુસ્તકમાં આઠ પ્રકરણ પાડેલાં છે. દરેક પ્રકરણમાં ઘણું કરીને એક એક રાજાની હકીકતછે. છેલ્લું એટલે આઠમું પ્રકરણ વડોદરાની

ગાદીએ થયેલા મહારાજાનું નથી પણ તે કડીવાળા પ્રખ્યાત મલ્હારરાવનુંછે. એમના વિશે બનેલા રાસડાથી એ છેક નાના છોકરા સુધીમાં પણ પ્રખ્યાતછે. એટલે તેમને આ જગોએ વધારે ઓળખાવવાની હું જરૂર ધારતો નથી. એમની અને મહારાજાની રમૂજી લઢાઇ હોવાથી; મહારાજાને ઇંગ્રેજ સરકારે મદદ કરવાથી તેમને ગુજરાતનો ઘણોક ભાગ મળ્યો, અને એમની સત્તા ગાયકવાડી રાજ્ય ઉપર વધી વગેરે અગત્યની તેમજ મનોરંજક બાબત હોવાથી તેનું એક અલાયદું વધારાનું ૮મું પ્રકરણ કાઢેલુંછે જે કે વાંચનારાઓને કંટાળા ભરેલું નહીં થઇ પડે એવી આશા રાખુંછું.

રાજાઓના ગુણદોષ અને પરાક્રમની સાથે તેમની અને તેમના કુટાયાની વંશાવળી માલમ પડવાને આપુસ્તકમાં પૂરવણી નં. ૨ જે ઝાડ પાડેલુંછે, કે જે વાંચેથી ગાયકવાડ સરકારના કુટુંબમાં ક્યાં ક્યાં અને કેટલાં માણસો હતાં તે સેહજ જણાઇ આવશે. નિશાળોના વિદ્યાર્થીયોને આ પુસ્તકનો અભ્યાસ કરવાની ઉલટ થાય સબબ સેહેલાં વાક્ય અને સાદી ઇબારત કરવાને મેં બનતી કાળજી રાખીછે.

આ પુસ્તક બનાવવામાં રાસમાળા, મી૦ મગનલાલ કૃત ગુજરાતનો ઇતિહાસ તથા મુંબાઇ હાયકોર્ટના વકીલ મી૦ ગીરધરલાલે કરેલા કોલકરારના ભાષાંતરના પુસ્તકોમાંથી મેં મદદ લીધેલીછે. જેથી આ જગોએ હું તેમનો ઉપકાર માનવાને ચૂકતો નથી.

આ વાંચનાર સાહેબોને જણાવવાની હું ફરજ સમજુછું કે આ પુસ્તકમાં જેને કંઇ ચૂક માલમ પડે તેણે મને જણાવવાની મેહેરબાની કરી તસ્દી લેવી કેજેથી બીજી આવૃતિ થએથી તેમાં સુધારવાની કાળજી રહે.

વડોદરા　　　　　　　　　　　　　હ. કે. શાહ.

તા. ૨૧ મી માહે સપટેંબર સને ૧૮૭૬

अनुक्रमणिका.

श्री.

गायकवाडी राज्यनो इतिहास.

परमानंददास भोळाभाइ. पारेख.
वडोदरा, वरिष्ट अदालतना वकील
અને
हरगोविंद केशवलाल शाह.
वडोदरा, सरकारी गु० सेंट्रल स्कूल. आसिस्टंट
मास्तरे रच्यो.

ते रचनारे छपावी प्रसिद्ध कर्यो.

અમદાવાદમાં

મામાની હવેલીમધ્યે એ० યુ० પ્રીં० અને જ०
એ० કુંપની (લિમિટેડ) ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યો.

સંવત ૧૯૩૪ મૃગશાલ. ઈ० સન ૧૮૭૭.

કિંમત ૪ આના.

श्री

गायकवाडी राज्यनो इतिहास.

गायकवाड संस्थाननी हद.

१. ગાયકવાડ સંસ્થાન હિંદુસ્તાનના પશ્ચિમ ભાગે મુંબાઈ ઇલાકામાં આવેલુંછે. એ સંસ્થાનમાં આશરે ૩૭૫૦ ગામ તથા ૨૧૦૦૦૦૦ એકવિશલાખ માણસની વસ્તી છે. એનું ક્ષેત્રફળ આશરે ૫૦૦૦ ચોરસ માઇલનું છે. આ સંસ્થાનનો ઘણોક ભાગ ગુજરાતમાં છે; બાકીનો થોડોક ભાગ કાઠિયાવાડમાં છે. ગુજરાતમાં જે ભાગછે તેની સીમા નીચે પ્રમાણે.

૨. પૂર્વે ઇડર સંસ્થાન, પરાંતીજ પરગણું, મહિકાંઠો, ખેડાજીલ્લો, પંચમહાલ, રેવાકાંઠો, અને ખાનદેશ જીલ્લો છે. દક્ષિણે સુરત જીલ્લો, વાંસદા સંસ્થાન, અને રાજપીપળાનો કંઇક ભાગછે. પશ્ચિમે ખંભાતનો અખાત, સુરત તથા ભરૂચ જીલ્લો, ખંભાતનું સંસ્થાન, અમદાવાદ જીલ્લો અને મહિકાંઠોછે. ઉત્તરે રાધનપૂર સંસ્થાન, પાલણપૂર સંસ્થાન અને ઇડર સંસ્થાનનો કંઇક ભાગ છે.

૩. આ સંસ્થાનનાં પરગણાં આખા ગુજરાત સાથે સેળભેળછે. તેના ચાર રાજકીય ભાગ પાડેલા છે. તે નીચે પ્રમાણે.

ભા. ૧લો—એની ઉત્તરે રાધનપૂર તથા પાલણપૂર છે. પૂર્વે ઇડર સંસ્થાન, પરાંતીજ પરગણું તથા મહિકાંઠો; દક્ષિણે ખેડા તથા અમદાવાદ જીલ્લો અને પશ્ચિમે અમદાવાદ જીલ્લો, મહિકાંઠો તથા વઢિઆર છે. એમાં મૂખ્ય

ગામ-પાટણ, વડનગર, વિશનગર, વિજાપૂર, કડી, દેહ-ગામ ને આતરસુંબા છે.

ભા. ૨જો-એની ઉત્તરે ખેડાજીલ્લો, પૂર્વે રેવાકાંઠો અને પંચમહાલ, દક્ષિણે રાજપીપળાનું સંસ્થાન અને ભરૂચ જીલ્લો, અને પશ્ચિમે ભરૂચ જીલ્લો તથા ખંભાત સંસ્થાન છે. એમાં મૂખ્ય ગામ-વડોદરા, પાદરા, પેટલાદ, વસો, સોજીત્રા વગેરે છે.

ભા. ૩જો—આની ઉત્તરે ભરૂચ જીલ્લો અને રાજપીપળાનુ સંસ્થાન; પૂર્વે ખાનદેશ જીલ્લો; દક્ષિણે સુરત જીલ્લો તથા વાંસદાનું સંસ્થાન; અને પશ્ચિમે સુરત જીલ્લો છે. આ ભાગમાં મૂખ્ય ગામ નવસારી, ગણદેવી, કામરેજ, બળેશ્વર ઇત્યાદિ છે.

ભા. ૪થો-એ ભાગ કાઠિયાવાડમાં છે. એમાં અમરેલી, દામનગર, ધારી, કોડીનાર, શીયાનગર, તથા પશ્ચિમ તરફ ઓખામંડળમાં દ્વારકાં અને બેટ છે.

૪. મૂખ્ય નદિઓ—અંબિકા, પૂર્ણા, તાપી, નર્મદા, ઢાઢર, વિશ્વામિત્રી, મહી, સાબરમતી, સરસ્વતિ, તથા બનાસ એ સર્વે ઉપર કહેલા પહેલા ત્રણ ભાગમાં છે. રૂપેણ, શીંગવડા તથા શેત્રુંજી એ કાઠિયાવાડ માંહેલા ભાગમાં છે.

प्रकरण १ लुं.

૧. દિલ્હી શેહેર મધ્ય હિંદુસ્તાનમાંછે, ત્યાંની ગાદી ઉપર મોગલ વંશનો બાબરથી છઠ્ઠી પેઢીએ શાહજહાંનો દીકરો ઔરંગઝેબ પાદશાહ હતો, તેના વખતમાં શિવાજી મરેઠો બળવાન થયો. તેણે પ્રથમ ૧૬૬૪ માં મરેઠી રાજ્ય સ્થાપ્યું. ત્યાર પછી કેટલેક દિવસે ગુજરાતમાં આવીને સને ૧૬૬૬ માં ૭ દિવસ સુધી સુરત શેહેર લુંટ્યું. તે

વખતે ત્યાં વેપાર ઘણો ધમધોકારે ચાલતો હતો. વળી ઇંગ્રેજોની તથા વલંદા લોકોની વખારો પણ ત્યાં હતી. તે જો એના હાથમાં આવી હોત તો એનો હાથ જાસ્તી ભરાત, પણ તેના માલિકોએ પોતાની વખારોનું બરાબર રક્ષણ કર્યું, ને તેને ફાવવા દીધો નહીં. એ વખતે સુરતનો કોટ માટીનો હતો તે ઇંટોનો કરાવ્યો હતો. ત્યાર પછી સને ૧૬૭૦ માં શિવાજી મોટી ફોજ લેઈ બીજીવાર સુરત ઉપર ચઢી આવ્યો, અને તે શેહેર લૂટ્યું. એ રીતે લૂટ મેળવવાની લાલચે મરેઠા લોક ગુજરાતમાં આવવા લાગ્યા.

૨. સને ૧૭૦૮ ને સુમારે મરેઠાની ગાદીએ શિવાજીથી ત્રિજી પેઢીએ શાહુ છત્રપતિ થયા. એમનો સેનાપતિ ખંડેરાવ દાભાડે કરીને હતો. તે ગુજરાતમાં પોતાના ઘોડા ઝોકાવા લાગ્યો, તથા ખંડણી પણ ઉઘરાવવા લાગ્યો. એ ગુજરાતની ઘણી ખરાબી કરનારો પુરૂષ હતો. તેની સાથે પુના શેહેર પાસે દાવડી નામે ગામછે, ત્યાંના પટેલ ઝીંગોજી બાવાના ભાઈ દામાજી બાવા હતા.

૩. એ લોકોનો ગુજરાતમાં આવવાનો રસ્તો ખાનદેશમાં પીપલનેર, સોનગઢ, નવાપૂર અને નવસારી થઇને હતો. એ રસ્તા ઉપર તેમણે પોતાની તરફનાં થાણાં મૂકેલાં હતાં. પ્રથમ તો એ લોક અમદાવાદની પડોસમાં ભટકવા લાગ્યા. પણ ત્યાંથી પાછા જઇ નાંદોદ અને રાજપીપળાની પાસેના બળવાન દેશમાં વિશેષ જાથુની સ્થાપના કરી ત્યાં રહીને ગુજરાત અને દક્ષિણ વચ્ચેના વેપારના મૂખ્ય રસ્તા ઉપર સત્તા ચલાવવા લાગ્યા. ઈ.સ. ૧૭૩૦ માં બાલાપૂરે આગળ એક મોટી લઢાઈ થઈ. તેમાં દાભાડેનું લશ્કર પોતાના શૂરવિરપણાથી પ્રખ્યાતિ પામ્યું. એ રણક્ષેત્રમાં એક સરદારે પ્રથમજ કીર્ત્તિ મેળવી. તે

સરદાર એકે જેના ભાગ્યમાં ગુજરાતના કારભારમાં અગત્યની સત્તા ચલાવવાનું લખ્યું હતું. એ સરદાર દામાજીરાવ ગાયકવાડ હતા. એમનાં શાહુરાજા આગળ ખંડેરાવ દાભાડેએ ઘણાં વખાણ કરી તેમને પોતાના હાથ નીચે બીજી પાયરીએ રખાવ્યા, અને તેમને સમશેર બાહાદુરનો કિતાબ અપાવી તેમનું નામ વધરાવ્યું. એ ભારગવ ગોત્રી મરેઠા કેહેવાય છે.

૪. ઉપરની લઢાઇમાં જય પામ્યા પછી થોડા મહિનાને અંતરે દામાજીરાવ ગાયકવાડ સને ૧૭૩૦ માં મરણ પામ્યા પછી થોડેક દિવસે ખંડેરાવ દાભાડે પણ ગુજરી ગયા. તેથી ખંડેરાવ દાભાડેની જગાએ તેનો દિકરો ત્રિંબકરાવ દાભાડે સેનાપતિ થયો અને દામાજીરાવ ગાયકવાડને પેટે કાંઈ સંતાન ન હોવાથી તેમના ભાઇ ઝીંગોજી બાવાને પીલાજીરાવ તથા માલોજીરાવ નામે બે દીકરા હતા તેમાંના પીલાજીરાવ ગાયકવાડને તેમના કાકાની જગોએ ઠરાવ્યા, અને માલોજીરાવને ડભોઇ પાસેનું શંખેડા ગામ આપ્યું. પીલાજીરાવ ગાયકવાડના વંશજો હજુ સુધી વડોદરામાં રાજ કરેછે. તેમજ માલોજીરાવના વંશજો પણ વડોદરામાં રેહેછે.

૫. ગાયકવાડી રાજ પીલાજીરાવે પ્રથમ ઇ. સ. ૧૭૩૦ માં સ્થાપ્યું. એમનો મિત્ર કંથાજી કદમ બાંડે કરીને શાહુ રાજાનો સરદાર દાહોદમાં હતો. એ બંનેનાં નામ મળીને પીલુકંથાજી નામ આખા ગુજરાતમાં પ્રસિદ્ધછે.

૬. ગુજરાતના સુબા સરબુલંદખાનના હાથ નીચે સુજાતખાનને ઠરાવી નિજામુલમુલ્કને એ પ્રાંતના અધિકાર ઉપરથી દુર કર્યો. તેથી એનો કાકો હામેદખાન સરબુલંદખાનની સામે થયો. એ હામેદખાને કંથાજીકદમ

ભોંડેને પોતાની મદદે આવવાને માટે ચોથ આપવાની કબૂલ કરી, તેથી એની સાથે તે જવાને તૈયાર થયો. પણ તે વખતે સુજાતખાન ધડરમાં હતો. ત્યાંથી આવતાં રસ્તામાં એ બંને સરદારોએ પોતપોતાની ફોજ એકઠી કરી ગુજરાતની રાજધાનીથી થોડાક માઇલને છેટે એક બીજા ઉપર હલ્લાં કરી તેમાં સુજાતખાન ઠેર મરાયો. ને હામેદખાનના હાથ નીચે રાજધાની આવી. પણ એ મરનારનો ભાઇ ×અભરામ કુલીખાન ચઢી આવ્યો તે લઢતાં લઢતાં દગાથી મરાયો. ત્યાર પછી તેનો ત્રીજો ભાઈ રૂસ્તમઅલીખાં કે જે સુરતના ફોજદારના અધિકાર ઉપર હતો. પોતાના શેહેર પાસે પીલાજીરાવ ગાયકવાડ રેહેતા હતા, તેથી એને તેમની સાથે ઠીક પડ્યું. કેમકે જેવા રૂસતમઅલીએ પોતાના ભાઇના માઠા સમાચાર જાણ્યા કે તરતજ મરેઠા શત્રુ સાથે સલાહ કરીને હામેદખાન ઉપર હલ્લાં કરવા માટે એમને સામેલ રેહેવા માટે તેડાવ્યા. આ બંધા અધિકારી મરેઠા સાથે સામા પક્ષવાળાએ પણ ઠરાવ કરી રાખ્યો હતો તોપણ એનું કેહેણ તેમણે કબૂલ કર્યું. અને કોના ભણી રેહેવાથી લાભ થાય એમકે તેનો પોતાના મન સાથે ખરેખરો નિશ્ચય કરવા માટે રૂસતમઅલી સાથે અમદાવાદ ભણી ગયા. તે બંને જણા મહી નદી ઉતરી અડાસ ભણી જતા હતા તેવામાં ફજલપૂર આગળ હામેદખાને તેમના ઉપર હલ્લો કર્યો; પણ રૂસ્તમઅલીના તોપોના મારા આગળ તેને પાછા હઠવું પડ્યું. આ વેળાએ પીલાજીરાવ ગાયકવાડે રૂસતમઅલી ભણી રેહેવાનું પસંદ કર્યું. તે ઉપરથી તેમણે રૂસતમઅલીને ક-

---

×એની કબર અમદાવાદમાં કલેકટર સાહેબના બંગલા આગળ છે. તેની માનતા આજ પણ ચાલેછે.

હ્યું કે તોપો મારા સ્વાધિન કરીને તમે આપણા શત્રુઓ જે નાસેછે તેમની પાછળ દોડીને તેઓને મારો. આ શૂરા મુસલમાને પીલાજીરાવની કપટકારી સલાહ પ્રમાણે વર્ત્તવાને પ્રારંભ કર્યો નહીં એટલામાંજ તેની તોપો ફેરવીને રૂસતમઅલીની ફોજ ઉપર તે ઘાતકી સહાયકારીએ પાછળથી હલ્લાં કરી, તોપણ તેણે બાહાદુરીથી કેટલીકવાર સુધી પોતાનું રક્ષણ કર્યું. પરંતુ તેની ફોજના માણસો છેકજ ઘટી ગયેલાં તેથી બચવાનો સંભવ તેને લાગ્યો નહીં, અને પોતાના મનસાથે વિચાર કર્યો કે હું ઝલાઇશ તો મને કેદ કરી મારી નાંખશે. તે ઉપરથી પોતે પોતાની મેળે છાતીમાં કટાર મારી મરણ પામ્યો.

૭. પીલાજીરાવ ગાયકવાડે આ પાપ કર્મ કર્યું તેના બદલામાં કંથાજીની ચોથમાં અરધા ભાગીયા થઇ પડ્યા. એ બંને જણા મળીને પોતપોતાનો ભાગ ઉઘરાવાને ગયા પણ દ્રવ્યમાં ભાગ પડવાથી કજીઓ ચાલુ થયો. કેટલીક વાર સુધી આ વાંધાને લીધે શેહેર અને ગામડાં ઉપર માત્ર વધારે બોજો થઇ પડ્યો. પીલાજીરાવના ઘાતકી સ્વભાવને લીધે લોકો તેમના કરતાં કંથાજીને વધારે ચાહાતા. તેથી કંથાજીએ લોકો "મને વધારે ચાયછે, માટે તમને જે પૈસા આપીએ તે લઇ તમારે પાછા જવું" આવું એક માણસને મોકલી પીલાજીરાવને કહેવડાવ્યું. આ અપમાનથી કોપાયમાન થઇને પીલાજીરાવે તેજ માણસને કેદ કર્યો. કંથાજીએ તેને છોડી મુકવાનો ઘણો આગ્રહ કયા; પણ તેમણે માન્યું નહીં, તેથી તે બંને જણ પોત પોતાનો હક નક્કી કરવાને હથીઆર લેઇ ઉઠ્યા, સારી પેઠે લઢાઇ થયા પછી કેટલીક વારે પીલાજીરાવ હાર્યા, તેથી તે ખેડાની પાસેના માતર પરગણામાં નાસી ગયા. કંથાજીએ ખંભાતમાં-

થી ખંડણી લીધી, તથા ઇંગ્રેજોની કોઠીવાળા પાસે રૂ૫૦૦૦) માગ્યા. ત્યારે તે નહીં આપવાને તેના અધિકારીઓએ તકરાર કરી અને કારણ જણાવ્યું કે શાહુરાજાએ અમોને વેપારની છૂટ આપેલી છે. તેથી એ વાત કંથાજીએ છોડી દીધી. એ કોઠીનો મુખ્ય અધિકારી મિ૦ ઇન્સ ચીડાઇ જઇને તેઓને "હથિઆર સજેલા હરામખોર" કરી કહેવા લાગ્યો. કંથાજી તેના આવા બોલવા ઉપરથી માત્ર હસ્યો.

૮. હામિદખાનના સહાયકારી તેને તજીને જાય નહીં એટલા માટે આગળથી વિચાર કરી એવો ઠરાવ કર્યો કે મહીનદીની પૂર્વ ભણીની ચોથ પીલાજીરાવ ગાયકવાડ લે અને પશ્ચિમ ભણીની કંથાજીરાવ લે. મરેઠા લોકનો ચોમાસામાં પોતાને ઠેકાણે જવાનો ચાલ હતો, તે હજુ સુધી પણ તેઓ સાચવી રહ્યા હતા. ખંભાત લડાઇ થયા પછી પીલાજીરાવ ગાયકવાડ સોનગઢ ગયા, અને કંથાજીરાવ પોતાનું એક પરગણું જે ખાનદેશમાં હતું ત્યાં ગયો.

૯. હામિદખાનનો આવો જબરો બળવો બેસાડી દેવાને દિલ્હીના પાદશાહે ગુજરાતના સુબા સરબુલંદખાનને ગુજરાત તરફ જવાને ફરમાવ્યું, તે ઉપરથી તે મોટી ફોજ એકઠી કરી અમદાવાદ તરફ આવવાને નિકળ્યો. હામિદખાનને પોતાના મરેઠા સહાયકારી આવી મળવાને રાહ જોવાનો વખત રહ્યો નહીં, કેમકે સરબુલંદખાનની ફોજ તો લગભગ અમદાવાદ આગળ આવી પોહોંચી. તે ઉપરથી અમદાવાદના રક્ષણ અર્થે થોડા કિલ્લેદારોને મૂકીને પોતે નીકળી ચાલ્યો. પણ એટલામાં એના મદદનિશ મરેઠા લોકો મહીનદી ઉતરીને મેહેમદાવાદ આગળ તેને આવી મળ્યા એટલે અમદાવાદ ભણી પાછો વળ્યો. એ શેહેરમાં એક ટોળી સરબુલંદખાનના પક્ષમાં હતી,

તેણે હામેદખાનના કિલ્લેદારોને હરાવી શેહેર બહાર કાઢી મૂક્યા. સરબુલંદખાનની ફોજ જે દિવસે અડાળજ આવી પોહોચી તેજ દિવસે હામેદખાનને પોતાનો મુકામ શાહીબાગમાં કરવો પડ્યો. સરબુલંદખાનની ફોજને આગળ બહુ વધવા દીધી હતી. હામેદખાનની સાથે સરબુલંદખાને લઢાઇ કરી તેમાં તેની જીત થઇ. પણ એ જીત થવામાં તેણે ઘણું નુકશાન વેઠવું પડયું. મરેઠા લોક બીજીવાર લઢાઇ કરવાને સમર્થ નહીં હતા, તેથી હામેદખાન પણ તેમના જેવો લૂંટારો થઇ પડ્યો. એ સરબુલંદખાને પરગણે પરગણે લશ્કરી અધિકારી મૂકી દીધા હતા, અને જોઇએ તે કરતાં પણ વધારે બંદોબસ્ત કરી દીધો હતો, તોએ પણ કંથાજી અને પીલાજીરાવે આઠ માસ લૂંટ કરવી જારી રાખી અને ચોમાસું બેઠું ત્યારેજ એ ધંધો છોડી પોત પોતાને ઠેકાણે ગયા.

૧૦. મરેઠાની થતી લૂંટફાટ અટકાવવાને સરબુલંદખાને ઘણોએ પ્રયત્ન કર્યો, તોપણ તેના સ્વાધિનમાં જે દેશ હતો તેની એવી તો બુરી અવસ્થા થઇ ગઇ હતી કે તેનાથી પોતાના ખર્ચને માટે જોઇએ તેટલી પણ ઉપજ થઇ શકી નહીં. તેથી નાણાની મદદ મોકલી દેવાને બાદશાહને લખ્યું, પરંતુ તેની માગણી ઉપર તેણે કાંઈ પણ ધ્યાન આપ્યું નહીં. ત્યારે તેણે પીલાજીરાવ ગાયકવાડને ચોથ આપવાની કબૂલ કરી. એથી તેઓ લૂંટ કરતાં બંધ રહ્યા. પણ તેથી સરબુલંદખાનનું કાંઈ વળ્યું નહીં. કારણ કે મરેઠા સરદારો ચોથને બદલે સર્વ ખંડણી ઉઘરાવી લેવા લાગ્યા, અને કોઇ પ્રકારે દેશનું રક્ષણ કર્યું નહીં. છેવટે શાહુ રાજાના પ્રધાન બાજીરાવ પેશવાનો ભાઈ ચીમનાજી આપા મોટી ફોજ લઈ ગુજરાતમાં આવ્યો, અને ધોળકું પરગાણું લૂંટી

લીધું. તેમજ પેટલાદ પરગણાની ખંડણી પણ ઉઘરાવી લીધી. પોતાના ભાઇના કહાવ્યા પ્રમાણે ચીમનાજીએ સરબુલંદ ખાનને કહ્યું કે ગુજરાત દેશની ચોથ અને શેરદેશમુખી આપવાની કબૂલાત આપો તો બીજા સર્વ લૂટારાઓના જુલમમાંથી અમે દેશનો બચાવ કરીએ. સરબુલંદખાને અંતે એ ઠરાવ પણ મંજુર રાખ્યો, પરંતુ તેની સાથે એણે એવી રીતે કરાર કરી લીધો કે બે હજાર પાંચસેં મરેઠા ઘોડેસ્વાર પેશવા સરકારે ગુજરાતમાં જાથુ રાખવા, અને અમારી રાજ સત્તા સાચવવાને બને તેટલી મદદ આપવી. વળી ઉપરના ઠરાવ સાથે શાહુરાજા ભણીથી બાજીરાવ પેશવાએ એમ પણ કબૂલ કર્યું કે ઊંચાં મન થએલા જમીનદારને તથા બીજા લોકની સલાહ શાન્તિમાં ભંગ કરનારા હરકોઇને મરેઠી પ્રજા આશ્રય આપે નહીં અથવા તેમની સાથે સામેલ થાય નહીં. આ ઠરાવ મુખ્યત્વે કરીને ઉઘાડી રીતે પીલાજીરાવ ગાયકવાડને અર્થે કરેલો જણાતો હતો. કેમકે તે દેશના લૂંટારા અને કોળીઓની સાથે મળી ગએલા હતા.

૧૧. આ પ્રમાણે પેશવા સરકારે સરબુલંદખાનની સાથે કરાર કર્યા કે તરતજ ત્રિંબકરાવ દાભાડેએ બીજા મરેઠા સરદારો સાથે સંપ કરવાનો અને ગુજરાતમાં મોટી ફોજ એકઠી કરવાનો આરંભ કર્યો. જ્યારે તેની પાસે પાંત્રીશ હજાર ફોજ થઈ અને નિજામુલમુલ્કે આશ્રય આપવાને હા પાડી, ત્યારે તેણે પેશવા ઉપર ચઢાઈ કરવાનો ઠરાવ કર્યો. પીલાજીરાવ ગાયકવાડ, કંથાજીરાવ, રઘુરાંવકદમ બાંડે, શિવાજી, આનંદરાવ પરમાર અને બીજા કેટલાક મરેઠા સરદારો તેની મદદે આવી પોહોંચ્યા. ત્રિંબકરાવ દાભાડેએ એવું બાનું કાઢ્યું કે શાહુરાજાનું રાજ્ય

લેવાને પેશવા સરકાર લોભ કરેછે, તેથી તેનો બચાવ કરવાને દક્ષિણ ઉપર ચઢાઈ કરૂંછું. બાજીરાવે શત્રુઓની સામે જવાનો નિશ્ચય કર્યો. એની ફોજ સંખ્યામાં ઓછી હતી. પણ તેમાં જુની પાગાના સ્વાર અને કિર્તિ પામેલા કેટલાક સરસ મરેઠા માનકરી હતા. તે લઇને પોતે સત્વર ગુજરાત ભણી ચાલ્યો, ને થોડી મુદતમાં નર્મદા નદી ઉતરીને આણી તરફ આવ્યો. આ ઠેકાણે તેની ફોજના મોખરાના યોદ્ધાને પીલાજીરાવ ગાયકવાડના છોકરા દામાજીરાવની હાથ નીચેની ટુકડી સાથે લઢાઇ થઇ. તેમાં બાજીરાવની છેક હાર થઇ ગઈ, તોપણ તે નિરાશ થઇ ગયો નહીં. પણ આગળ વધીને [1]વડોદરા તથા ડભોઈ વચ્ચે એક જગો ઉપર શત્રુઓની સાથે ભીડ્યો.

૧૨. આ અગત્યની લઢાઇ ઇ. સ. ૧૭૩૧ માં થઈ. એમાં જ્યારે બાજીરાવને પોતાના દેશીઓ સાથે લઢાઇ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે પોતાની સદાયની રીતીથી ઉલટી રીતે વર્ત્તિને શત્રુના લશ્કરની છેક લગભગ આવીને લઢવા લાગ્યો. તેથી સેનાપતિના નવા રાખેલા માણસોથી ટકી શકાયું નહીં, અને લઢાઇ થતાં પેહેલેજ મારે નાસી ગયા. તેમની સાથે કુંથાજી કદમ બાંડે પણ નાઠો. ફક્ત ખંડેરાવ દાભાડેના જૂના માણસોજ તેના રક્ષણ અર્થે રહ્યા. બાજીરાવ ઘોડા ઉપર બેશીને આવા મોટા પ્રસંગે જોઇએ તેટલું શૂરાતન બતાવીને લઢવા લાગ્યો. દાભાડે હાથી ઉપર બેઠો હતો. એણે પોતાની ફોજનાં માણસો નાસતાં જોઇને પોતાના હાથીના પગે સાંકળ નંખાવી દીધી. રણ-

---

૧ એ શેહેરમાં પીલાજીરાવે સને ૧૭૩૦ માં રાજધાની કરીહતી.

ક્ષેત્રમાં ભારે યુદ્ધ થયું. પણ તેમાં કોનો જય થશે તે કેટલીક વાર સુધી સમજાયુ નહીં તેવામાં કમાનની પનચ કાન સુધી ખેંચીને બાણનો પ્રહાર કરતાંજ ત્રિંબકરાવને અચાનક ગોળી વાગી તેવોજ તે પડ્યો. પેશવાનો જય થયો, અને તેની મરેઠા સરદારો ઉપર કેહેવા માત્ર સત્તા થઈ.

૧૩. આ જય મેળવતાં બાજીરાવ ઘાયલ થયો હતો, તોપણ સરબુલંદખાનની સલાહથી ગાયકવાડ સરકારના તાબાનું વડોદરૂં શેહેર સર કરવાને તૈયાર થયો. પણ પછી તરતજ ગાયકવાડે તેની સાથે સલાહ કરી, તેથી તે લઢાઈ ન કરતાં સતારે પાછો ગયો.

૧૪. જેમ બીજી દરેક મુલકી લઢાઈઓમાં થાયછે તેમ દાભાડે ઉપર જય મેળવ્યાથી ઘણા લોકોને પેશવા ઉપર પણ ઈર્ષા આવી તે મટાડી દેવાને તેણે ઘણો પ્રયત્ન કરવા માંડ્યો, અને તેઓનું સમાધાન કરવાને પોતાથી બન્યા તેટલા ઉપાયો કર્યા. ત્રિંબકરાવ દાભાડેના બાળ પુત્ર યશવંતરાવને તેની માતુશ્રીના દેખરેખપણા નીચે સેનાપતિનો અધિકાર આપ્યો, અને તેઓના પ્રથમ [1]મુતાલિક પીલાજીરાવ ગાયકવાડ હતા, તેથી તેમને તે જગો ઉપર કાયમ કરીને તેમના વંશપરમપરાના સમશેર બાહાદૂરના પદ સાથે સેનાખાસખેલની બીજી પદ્વી આપી. પછીથી ફરીને તકરાર થાય નહીં એટલા માટે એક લેખ તૈયાર કરીને તેમાં પેશવાએ અને સેનાપતિએ સહિયો કરી. તે લેખમાં એવું લખ્યું હતું કે ગુજરાત અને માળવામાં એક બીજાની જગાઓછે, તેમાં કોઇ કોઇએ હાથ ઘાલવો નહીં; આખા ગુજરાત પ્રાંતની તમામ બ્યવસ્થા

---

૧ કામ ચલાવનાર મૂખ્ય માણસ.

સેનાપતિ કરે, પણ તે પેશવાની મારફતે સતારાના સરકારને ઉપજનો અડધો ભાગ આપે.

૧૫. સરબુલંદખાને ગુજરાતની ચોથ અને સરદેશ મુખી મરેઠાઓને આપવાની કબૂલ કરી તે વાત પાદશાહને પસંદ પડી નહીં માટે સરબુલંદખાનની જગો ઉપર મારવાડના રાજા અભયસિંહને ઠરાવ્યો. તે રાજ્યનો કબજો લેવાને ફોજ લઇ આવ્યો તેની સામે સરબુલંદખાન થયો. પણ આખરે તે હારીને દિલ્હી પાછો ગયો ત્યાં તેનું ઘણું અપમાન થયું.

૧૬. સરબુલંદખાનના હાથ નીચે ભરૂચ પરગણાના ફોજદારી કામ ઉપર આ વેળાએ અબદુલ્લાબેગ હતો. એ પરગણું નિજામુલમુલ્કને તેના અંગના પરગણા તરીકે આગળ આપવામાં આવ્યું હતું. અબદુલ્લાબેગને નિજામુલમુલ્કે નેક આલમખાનનો ઇલકાબ પણ આપ્યો હતો. તે ઉપરથી હવે અબદુલ્લાબેગ પોતે નિજામુલમુલ્કનો નોકર છું એવું માની લેવા લાગ્યો. તેથી તે અભયસિંહ કે મરેઠાઓને પોતે પત કરવા લાગ્યો નહીં.

૧૭. ઇ. સ. ૧૭૩૨માં અભયસિંહના ફોજદારે ગાયકવાડ સરકારનું વડોદરા પરગણું લઇ લીધું. પણ પીલાજી રાવ લઢવાને બાહાર પડ્યા અને કેટલીક જીતો મેળવીને ઘણા મુખ્ય કિલ્લા પોતાના સ્વાધિન કરી લીધા પછી રાઠોડે અંતે તેમને રામશરણ પોંચાડવાનો ઠરાવ કર્યો. તેમની સાથે સલાહ કરવાને મિષે તે કામ સાધી લેવાને કેટલાક માણસો મોકલ્યાં. આ વખતે પીલાજીરાવ ગાયકવાડ ડાકોર પરગણાના ડાકોર ગામમાં જ્યાં શ્રી રણછોડજી મહારાજનું ધામછે ત્યાં પડાવ નાંખી રહેલા હતા. તેમને વેંહેમ આવે નહીં એટલા માટે અભયસિંહના માણ-

મોએ કેટલીક વાર સુધી આવજા કર્યા કર્યું. એક દિવસે તેઓ એક સાંજની વખતે આના સેપને ગાયકવાડ સરકારના તંબુમાંથી નિકળ્યા પણ તેમની માંહેનો એક કાંઇ જરૂરિયાતની વાત કહેવાની રહી ગઇ છે એવું મિશ કાઢીને પાછો ગયો, અને પીલાજીરાવના કાનમાં કંઇ કહેવાનું છે એવું ડોળ કરીને તેમના કાળજા વચ્ચે કટાર મારી, તેથી તેઓ મરણ પામ્યા.

૧૮. આ પ્રમાણે પીલાજીરાવ ગાયકવાડનો ઘાત કર્યા તોપણ અભયસિંહની મન કામના કાંઇ પૂર્ણ થઇ નહીં, કારણકે વડોદરા પાસે પાદરા નામે ગામછે, ત્યાંનો દેશાઇ પીલાજીરાવ સાથે મિત્રાઇ રાખતો હતો. તેથી તેણે આખા દેશના ભીલ તથા કોળી એકઠા કર્યા. તે વખતે પીલાજીરાવના ભાઇ માલોજીરાવ જંબુસરથી આવી પોંહોંચ્યા અને તેમણે વડોદરૂં પાછું પોતાને સ્વાધીન કરી લીધું તે હજુ સુધી ગાયકવાડ સરકારના તાબામાં છે.

पुनरावर्त्त माटे प्रश्न.

(૧) મરેઠી રાજ્ય પ્રથમ કોણે સ્થાપ્યું? (૨) ખંડેરાવ દાભાડે કયા રાજાનો સેનાપતિ હતો તથા એની સાથે ગુજરાતમાં કોણ આવ્યું હતું? (૩) બાલાપૂર આગળની લડાઇમાં પ્રથમ કિર્તી કોણે મેળવી તથા તેથી તેને શા શા ફાયદા થયા હતા? (૪) દામાજીરાવ ક્યારે મરણ પામ્યા તથા તેમની જગોએ કોને ઠરાવ્યા? (૫) ગાયકવાડી રાજ્ય કોણે કઇ સાલમાં સ્થાપ્યું? (૬) ગુજરાતના સુબા સરબુલંદના હાથ નીચેના નીજામુલમુલ્કને ખસેડવાથી શા શા બનાવ બન્યા હતા તે કહો? (૭) ૧૭૦૫માં ભાગ

પડવાથી પીલાજીરાવ અને કંથાજી વચ્ચે શો પરિણામ નિપજ્યો? (૮) પીલાજીરાવ અને કંથાજીરાવને ચોથની વેંહેચણ કોણે અને કયી રીતે કરી આપો હતો? (૧૦) સરબુલંદે પીલાજીરાવને શાથી ચોથ આપવી કબુલ કરી અને તેથી તે પાર પડયો કે નહીં? (૧૪) પીલાજીરાવને યેશવંતરાવનો મુતાલિક કાયમ રાખવાથી બીજી કયી પદ્વીં મળી? (૧૭) પીલાજીરાવને કોણે અને શી રીતે મરાવ્યા તે કહો? (૧૮) પીલાજીરાવના કયા ભાઈએ કયા દેશાઈની મદદથી વડોદરૂં પાછું તાબે કર્યું?

प्रकरण २ जुं.

૧૯. પીલાજીરાવના વડા પુત્ર દામાજીરાવ ગાયકવાડ સોનગઢથી મોટી સેના લઈને આવ્યા. તેમણે ગુજરાતની પૂર્વ ભણીનાં કેટલાંક મૂખ્ય પરગણાં પોતાને સ્વાધિન કરી લઈને ઠેઠ જોધપુર સુધી ચઢાઈ કરી. તેથી અમદાવાદ શેહેર પોતાના એક મુતાલિકને સોંપીને પોતાનું વંશપરમ પરાનું રાજ્ય સંભાળવાને અભયસિંહને ત્યાં જવાની જરૂર પડી.

૨૦. આ પ્રમાણે દામાજીરાવ ગાયકવાડે ગુજરાતમાં પોતાનો પાયો જમાવ્યો, અને તેમના બાપનો ઇલકાબ સેનાખાસખેલ તથા વડાવાનો સમશેર બાહાદૂરનો, એ બંને ભેગા કરી પોતે લખવા લાગ્યા. ત્યાર પછી બે વરસે પોતાના બાપના સામાવાળા કંથાજી કદમ બાંડેને પ્રાંત-માંથી હાંકી કાઢ્યો. પણ બીજે વરસે એટલે ઈ.સ.૧૭૩૫માં તે હોલકરને હલ્લાં કરવા માટે તેડી લાવ્યો. તેઓએ

એકાએક આવી અમદાવાદની ઉત્તરનાં કેટલાંક શેહેર લૂંટી લીધાં; અને ઇડર, પાલણપૂર તથા છેક બનાસ નદી સુધી ખંડણી ઉઘરાવી લીધા પછી જેવા તેઓ એકાએક આવ્યા તેવાજ પાછા ગયા. ત્યાર પછી તરતજ અભયસિંહને ગુજરાતના અધિકાર ઉપરથી દૂર કરીને તેને ઠેકાણે નજીબુદવલ્લા મોમીનખાનને બાદશાહે ઠરાવ્યો, અને તે અમદાવાદ આવ્યો. પણ અભયસિંહના મુતાલિક રતનસિંહે તે શેહેર તેને સ્વાધિન કર્યું નહીં. તેથી તેને કાઢી મુકવા સારૂ દામાજીરાવ ગાયકવાડની મદદ માગવાની મોમીનખાનને જરૂર પડી. આ ઉપરથી એક બીજાએ સામ સામા ઠરાવ કરાવી લીધા પછી રતનસિંહને કાઢી મુકવાને ગાયકવાડ સરકારે રંગોજીને કેટલીક ફોજ આપી પોતાના નવા મળતીયા સાથે મોકલ્યો. જેવા તેઓએ અમદાવાદ ઉપરે હુમલો કર્યો કે તરતજ તેઓને શત્રૂએ પાછા હઠાવી દીધા. પણ રતનસિંહ છેવટે તેઓને તાબે થયો, ને અમદાવાદ ઇ.સ.૧૭૩૭માં મોમીનખાનને સ્વાધિન થયું. પાદશાહ તથા મરેઠાનો ખંડણીમાં અને સત્તામાં બરોબર ભાગ મોમીનખાને ઠરાવ્યો હતો. આ ગોઠવણ એવી થઇ કે જેથી સામું કજીયાનું મૂળ ઉભું થયું. એજ વરસમાં બાદશાહે નિજામુલમુલ્કને સમજાવીને દિલ્હી પાછો બોલાવી લીધો, અને ગુજરાત તથા માળવાનો અધિકાર તેના છોકરા ગાજીઉદિનના નામથી એને સોંપ્યો. પણ તેની સાથે એવી શરત કરી લીધી હતી કે તેણે મરેઠાઓને બંને પ્રાંતમાંથી હાંકી કાઢવા. આ પ્રમાણે કરી શકવાનું તેનામાં કૌવત નહોતું. તેણે તેના બળવાન શત્રુ બાજીરાવ પેશવા સાથે લડાઇ કરી, પણ તેમાં તેનું કાંઇ ફાવ્યું નહીં. તેથી તેણે એવી રીતનો કરાર કરી આપ્યો

કે બાજીરાવને આખો માળવાપ્રાંત અને ચબળા તથા નર્મદાનદી વચ્ચેના તમામ પ્રદેશનું સંપૂર્ણ અધિપત્ય બાદશાહ પાસેથી મારે અપાવવું.

૨૧. દામાજીરાવ ગાયકવાડ હવે તો બહુ સત્તાવાળા માણસ થઈ પડ્યા. ત્રિંબકરાવની વિધવાના તે વ્યવસ્થાપક હતા. તેથી દાભાડેની ટુકડી ઉપર પણ પોતાની મરજી પ્રમાણે સર્વ સત્તા ચલાવવા લાગ્યા. કારણ કે યેશવંતરાવ તે કામ ઉપાડી લેવા જેવો પાકી ઉમરનો થયો હતો ખરો પણ તેના મુખ્ય તરીકે કામ ચલાવવા જેટલી તેનામાં આવડ નહોતી. મરેઠાઓની સર્વ શરદેશમુખી તથા કાઠિયાવાડમાંની તમામ ખંડણી દામાજીરાવ ગાયકવાડે મોમીનખાનનું ઈ.સ. ૧૭૪૩માં મરણ થયું ત્યાં સુધી ઉઘરાવી લીધી. બાદશાહના હુકમથી અબદુલ્લ અઝીઝખાનને ગુજરાતનો નવો સુબો ઠરાવ્યો, તે આ વખતે દક્ષિણમાં ઔરંગાબાદમાં હતો. ત્યાંથી કેટલાક માણસની ફોજ એકઠી કરીને પોતાના નવા અધિકાર ઉપર જવાને નિકળ્યો. પણ રસ્તામાં જતાં સુરત મુંકીને ભરૂચ આગળના અંકલેશ્વર ગામ પાસે આવી પોચતાં દામાજીરાવના પક્ષવાળાઓએ તેના ઉપર ઓચીંતો હુમલો કરી તેની ટુકડીનો પૂરે પૂરો નાશ કર્યો. ત્યાર પછી ફકીરઉદવલાને અમદાવાદનો કબજો કરવાને દિલ્હીથી મોકલ્યો. પણ ઈ.સ.૧૭૪૪માં દામાજીરાવની ટુકડી જે રંગોજીના તાબામાં હતી, તેણે તેની સામે થઈને કબજો કરવા દીધો નહીં. આ વેળાએ દામાજીરાવ સતારામાં હતા, એ લાગ જોઈને એમના બાપુ ખંડેરાવે પોતાને અનુકૂળ પડતો ફેરફાર કરી દીધો. તેમાં રંગોજીને કામ ઉપરથી દૂર કરી પોતાની તરફના એક માણસને અમદાવાદ ઉપર ઠરાવ્યો. વળી ફકીર ઉદવલાને

તેણે કેટલોક આશરો આપ્યો. પણ દામાજીરાવે તાબડતોબ પાછા આવીને તેઓનો સંબંધ જે મરેઠાઓના સ્વાર્થને નુકશાનકારી થઇ પડે તે પેહેલાં તે તોડી નાંખ્યો. બંડ રાવને બોરસદનો કિલ્લો અને મૂલ્યવાન નડિયાદ પરગણું આપ્યું, તથા વડોદરામાં તેને પોતાનો મુતાલિક ઠરાવ્યો. આ ઉપયુક્ત બંદોબસ્ત કરવાથી દામાજીરાવ પોતાના કુટુંબના ઘણા માણસો ઉપર પોતાનું ઉપરીપણું જાળવી શક્યા. પોતાની સત્તાને ખલેલ પોંચાડનારી અડચણ બરેખરી આવી હતી, તે દૂર કરી એમણે ફકીરઉદવલાને માન્ય કર્યા નહીં, તથા તેને બદલે પોતાનો જાનો મળતિયો જે મોમીનખાન તેના દીકરા તથા ભાઇઓને આશરો આપ્યો.

૨૨. શિવાજીની સ્ત્રી તારાબાઇએ પ્રથમ પોતાના છોકરા રાજારામને સમજાવીને કહ્યું કે તારો ચાકર બાલાજીરાવ બાજીરાવપેશવા તારી સર્વ સત્તા બથાવી પડ્યો છે. તે તું પાછી મેળવી લે. પણ તેમાં તે બાઇનું કાંઇ વળ્યું નહીં. તે ઉપરથી તારાબાઇએ ઇ. સ. ૧૭૫૧માં દામાજીરાવ ગાયકવાડને લખી મોકલ્યું કે મરેઠી રાજ્યને અને રાજાને બ્રાહ્મણોના હાથમાંથી છોડવવાને તમારે સતારે આવવું. દામાજીરાવ ગાયકવાડ આ ઉપરથી સતારે જવાને નિકળ્યા. તે ત્યાં પોહોચ્યા. એવા સમાચાર બાલાજીરાવને મળ્યા કે તરતજ રાજાને સતારાના કિલ્લામાં બોલાવી એકદમ કેદ કરી દીધો. પ્રથમ તો દામાજીરાવે પેશવાના સરદારોને હરાવ્યા, અને સતારે જઇને તારાબાઇને મળ્યા. પણ પછીથી તરતજ પાછું હઠવું પડ્યું; અને બાલાજીરાવ પેશવા સાથે કોલકરાર કરવાની અગત્ય પડી. પેશવા સરકારે દામાજીરાવને પોતાના કબજામાં આવેલા જોઇને ગુજરાતમાંના જે કાંઇ રૂપીઆ

ચડેલા હતા તે તથા કેટલોક મુલક માગ્યો. ત્યારે દામાજી રાવે કહ્યું કે હું તો દાભાડેનો મુતાલિક છું, તેથી તમારી માગણી કબૂલ કરવાને મને અધિકાર નથી. આવા ઉત્તર ઉપરથી દાભાડેના કુટુંબના તથા ગાયકવાડના કુટુંબના કેટલાક માણસોને કેદ કરી એક ડુંગરી કિલ્લામાં રાખ્યા પછી તેણે ઘાતકીપણે દામાજીરાવની છાવણી ઉપર લૂંટ કરીને તેમને કેદ કરી પુને મોકલી દીધા. ત્યાંથી તેમને છોડતાં પેહેલાં ઘણા સખ્ત કરાર તેમણે કરી આપવા એવું કહ્યું. તે કરાર એવા હતા કે તેથી તેમને ઘણું નુકશાન લાગે; પરંતુ અંતે તે તેમને કબૂલ કરવાની ગરજ પડી. તે કરાર એવા કે ચડેલા રૂપીઆને બદલે પંદર લાખ રૂપીયા આપવા, અને ગાયકવાડના તાબામાં હાલ જે દેશ છે તેમાંથી તથા હવે પછીના જે જીતે તેમાંથી અરધો ભાગ આપવો. એ અરધો ભાગ આપવાને દામાજીરાવે અડમૂળથી કબૂલ કર્યું. જે ઠેકાણેથી ખંડણીની ઉપજનો ભાગ સરદેશમુખી અથવા લૂંટ મળે તેમાંથી ખરચ બાદ કરતાં બાકીનામાંથી અરધો હિસ્સો આપવો એ પણ કબૂલ કર્યું. વળી પેશવાને જ્યારે અગત્ય પડે ત્યારે દશ હજાર ઘોડા સહોત મદદ આપવી કબૂલ કરી. દાભાડેના મુતાલિક તરીકે ગુજરાતપ્રાંતમાંના તેનાભાગને પેટે પ્રતિ વરસે ૫૨૦૦૦૦ રૂપિઆ આપવા. રાજાના માણસોના ખરચને પેટે દર વરસે કંઇક રકમ આપવી. આ કરારથી પેશવાના તાબામાં જે પરગણાં આવે ત્યાં થાણાં બેસાડવાને મદદ આપવી. તથા સોરાષ્ટ્રના આખા દ્વીપકલ્પમાંથી ખંડણી ઉઘરાવવાના કામમાંએ પણ મદદ કરવી. ઉપર પ્રમાણે સર્વ કરાર દામાજીરાવ ગાયકવાડે કબૂલ કર્યા. પેશવાએ પોતાના નાના ભાઈ રઘુનાથરાવને ગાયકવાડની સાથે ઉપલા સર્વ કરારનો

અમલ કરી લેવા માટે ગુજરાત તરફ મોકલ્યો. ઈ. સ. ૧૭૫૫ માં દામાજીરાવને કેદમાંથી છોડ્યા એટલે તે પણ પોતાની ફોજ સહિત ગુજરાતમાં રઘુનાથરાવને આવી મળ્યા. તેઓ બંને જણ ખંડણી ઉઘરાવતા તથા દેશને તાબે કરી લેતા ચાલ્યા. ચાલતા ચાલતા અમદાવાદના કિલ્લા નજદીક આવી પોંહોંચ્યા ત્યાં સુધી કોઇએ તેમને અટકાવ્યા નહીં.

૨૩. આ વખતે અમદાવાદ શેહેર જુવાનમર્દખાન બાબીના હાથમાં હતું. તેને મોમીનખાનના ભાઇએ પોતાનું મરણ થતાં પેહેલાં મોગલના તાબાના ભાગ ઉપર ઠરાવેલો હતો. પણ દામાજીરાવ જેવામાં કેદ પડેલા હતા તેવામાં તે શેહેરની સર્વ સત્તા પોતાના હાથમાં લેઇ બેઠો હતો. ફક્ત ગાયકવાડ સરકારનું લેહેણું વસુલ કરી લેવા દેતો હતો. જ્યારે બંને એકઠા મળેલા સરદારો અમદાવાદ આગળ આવ્યા ત્યારે જુવાનમર્દખાન પાલણપૂર હતો. તે શેહેરના કોટ ચઢી ઉતરતાં પેહેલાં તો તે ત્યાં આવી પોંહોંચ્યો, અને તેને જોઇ તેના કિલ્લેદારોને નવો જોસ્સો તરત ઉત્પન્ન થયો. તેથી તેઓએ ઘણા આગ્રહથી બચાવ કર્યો. જુવાનમર્દખાન બાબીની સલુકાઇથી તેના લાભમાં પ્રતિષ્ઠિત કરાર થયો. તે કરાર એકે જો તે શેહેર છોડી દેતો પાટણ, વડનગર, વિજાપૂર, રાધણપૂર તથા બીજાં કેટલાંક પરગણાં તેને આપવાં. તે ઉપરથી તેણે અમદાવાદ ઈ. સ. ૧૭૫૫માં મરેઠાઓને સ્વાધીન કર્યું ત્યારથી તેની ઉપજ પેશવાએ તથા ગાયકવાડે અરધો અરધ વેહેંચી લેવા માંડી. પણ પેશવાએ સર્વ કિલ્લેદારો પોતાની તરફના મુક્યા અને હમણાં ગાયકવાડ સરકારની જે હવેલી છે તેજ હવેલીમાં દામાજીરાવની ફોજ રહે એમ ઠર્યું. માધવરાવની સામે રાઘુબાએ ફીતુર ઉઠાવ્યુ, તેમાં ગાયકવાડે રાઘુબાને

મદદ કરવા માટે પોતાના દીકરા ગોવિંદરાવને લશ્કર આપી તેની સાથે મોકલ્યા. પણ એ લડાઇમાં રાઘુબા હાર્યા. તેથી ગાયકવાડને એટલી શિક્ષા કરી કે, ૫,૨૫,૦૦૦ રૂપિયાની ખંડણી બેસાડી; અને સમાધાની વખતે ત્રણ હજાર તથા લડાઇમાં પાંચ હજાર સ્વાર દર વરસે નોકરીમાં સેવા તથા પેશવાએ કેટલાંક પરગણાં પાછાં આપવાં કબૂલ કર્યાં, તે ઉપરથી તેમણે બીજા રૂપીયા બે લાખ ત્રેપન હજાર આપવા કબુલ કરયા. પેહેલી તથા આ મળી એકંદર ખંડ ણી દર વરસે ૭.૭૮૦૦૦ સાતલાખ ઇઠ્યોતેર હજાર રૂપીયાની કરી લીધી.

૨૪. આ વખતે દામાજીરાવ ગાયકવાડ પોતની પાછળ પાંચ પુત્ર મુકી પાટણ શેહેમાં ઇ૦ સ૦૧૭૭૨માં મરણ પામ્યા. તેમની છત્રી આજ પણ પાટણમાં છે. એ દામાજીરાવ ગાયકવાડનો શિક્કો નીચે પ્રમાણે હતો.

શિક્કો.

श्री मार्तंड चरणी
पीलाजी सुत दामाजी
गायकवाड
निरंतर.

દામાજીરાવના ભાઇ જેસીંગરાવને દીકરો નહીં હતો. અને બીજાભાઇ ખંડેરાવને દામાજીરાવે હિમતે બાહદૂરનો ખલકાબ આપીને કડી પરગણાની જાગીર આપી હતી. એ ખંડેરાવને ‡મલ્હારરાવ નામે દીકરો હતો.

૨૫. ઉપર લખ્યા પ્રમાણે દામાજીરાવ ગાયકવાડને ચાર પુત્ર હતા. તેઓનાં નામ—બીજી સ્ત્રીના મોટા પુત્ર શિયાજીરાવ, પહેલી સ્ત્રીના બીજા પુત્ર ગોવિંદરાવ, મલ્હારરાવ ઉર્ફે રામરાવ અને ત્રીજી રાણીના છોકરા માનાજીરાવ તથા ફતેસિંગરાવ હતા.

પુનરાવર્ત્ત માટે પ્રશ્ન.

(૧૯) જોધપૂર સુધી કોણે ચઢાઇ કરી ને તેથી અભયસિંહને શું કરવું પડ્યુ?

(૨૦) નજીબુદવલ્લાને શાથી ગાયકવાડની મદદ માગવી પડી? (૨૧) દામાજીરાવ સતારામાં હોવાથી તેમના ભાઇએ શો ફેરફાર કરી દીધો હતો તથા તે દામાજીરાવે પાછો શી યુક્તિએ તોડી પાડ્યો? (૨૨) તારા બાઇએ દામાજીરાવને શાથી તેડાવ્યા અને ત્યાં જવાથી તેમને પેશવા સાથે શા શા કરાર કરવા પડ્યા? (૨૩) રાઘુબાની મદદે ગોવિંદરાવને મોકલવાથી ગાયકવાડ સરકારને શું નુકશાન થયું હતું? (૨૪) દામાજીરાવ ક્યારે મરણ પામ્યા?

પ્રકરણ ૩ જું.

૨૬. દામાજીરાવ ગાયકવાડ ગુજરી ગયા તે વખતે ગોવિંદરાવ ગાયકવાડ પુનામાં હતા. તેમણે માધવરાવ પે-

‡ એનો ઈતિહાસ રમૂજી જાણી છેવાડે પૂરવણી નંબર ૧ લે ખુલાસો આપેલાછે.

શવાને મોટી નજર આપી તથા પોતાના બાપના કરેલા ક-રાર કબૂલ કરી પોતાનું નામ બાપની જગોએ સેનાખા-સખેલ સમશેર બાહાદુરમાં દાખલ કરાવ્યું. શિયાજીરાવ મોટા પણ ભોળા હતા, સબબ તેમનો હક ઉઠાવ્યો. પેશ-વા સરકારની મરજી માંહોમાંહે ફુટ કરાવી ગાયકવાડ સરકારનું જોર કમી કરવાની હતી. તે ઉપરથી તેમણે શિ-યાજીરાવનો હક પાછળથી કબૂલ કર્યો. તેથી ગોવિંદરાવ અને ફતેસિંગરાવ, એ બે ભાઇઓ વચ્ચે ભારે વેર ચા-લ્યાં. કારણ કે ફતેસિંગરાવને પેશવા સરકાર તરફથી શિ-યાજીરાવના મુતાલિક ઠરાવવામાં આવ્યા હતા. પોતાનું પાસુ મજબુત કરવા માટે ફતેસિંગરાવે ઈ. સ. ૧૭૭૨ માં ઈંગ્રેજ સરકારની સાથે કહેણ ચલાવ્યું. પણ તેઓએ તે વખતે કંઇ દાદ દીધી નહીં. પણ પાછળથી એટલે ઇ. સ. ૧૭૭૩ માં ઈંગ્રેજ સરકારે ગાયકવાડ સરકાર સાથે સલાહ કરી. એ સલાહ થઇ તેવામાં ભરૂચના નવાબની સાથે ગાયકવાડ સરકારને ટંટો થયો. તેથી એજ સાલમાં ભરૂચ શહેર નવાબ પાસેથી ઈંગ્રેજ સરકારે લઇ લીધું, અને તેમાં ગાયકવાડ સરકારનો જેટલો ભાગ હતો તેટલો લખી બઈ જેવી રીતે તે નવાબ પાસે રહેતું હતું તેવીજ રીતે ઈંગ્રેજ સરકાર પાસે રહ્યું.

૨૭. માધવરાવના દીકરા નારાયણરાવનું ખુન થયા પછી રાઘુબાએ ફરીથી ગોવિંદરાવનો દાવો મંજુર કર્યો. પણ મંત્રિની ટોળી નારાયણરાવ પેશવાના મરણ પછી જન્મે-લા પુત્ર માધવરાવ નારાયણને ગાદીયે બેસાડવાને મચેલી હતી, તેથી તે ટોળીના લસ્કરથી રાઘુબાને ગુજરાતમાં નાશી જવું પડ્યું, ત્યારે રાઘુબાએ ગોવિંદરાવને પોતાના પક્ષમાં લીધા અને ફતેસિંગરાવને શત્રુ જેવા ગણ્યા.

જ્યારે રાઘુબાને ઈંગ્રેજી લશ્કર આવી મળ્યું, ત્યારે રાઘુબાએ ફતેસિંગરાવને મંત્રિયોથી છૂટા પડવાને ઘણું એ કર્યું, પણ તેમાં તે ફાવ્યો નહીં. ગુજરાતમાં ઈંગ્રેજી લશ્કરની ફત્તેહ થઈ ત્યારે ફતેસિંગ અને રાઘુબા વચ્ચે કોલકરાર થયો. તેમાં એવું ઠર્યું કે તેમણે રાઘુબાને લશ્કર અને નાણાની મદદ કરવી અને રાઘુબાએ ગોવિંદરાવને દક્ષિણમાં જાગીર આપવી. ઈંગ્રેજ સરકારે એ કોલની બાંહેધરી માટે ભરૂચ અને બીજાં પરગણામાંનો ગાયકવાડ સરકારનો હમેશાનો ભાગ પોતે લેવા એવું લખાવી લીધું. બંગાલા સરકારના હુકમથી આ કોલ મંજુર કરવામાં આવ્યો હતો. રાઘુબાની સાથે હવેથી તેઓએ સંબંધ તોડી નાંખવાનું ધાર્યું હતું. તેથી પુનામાં કર્નલ એપ્ટને મંત્રિની ટોળી જોડે પુરંધરની સલાહ કરી. તે સલાહમાંનો એક ઠરાવ એ હતો કે જો ફતેસિંગરાવને પેશવા સરકારની રજામંદી વિના મુલક આપવાનો અખત્યાર નથી એમ સાબીત થાય તો ફતેસિંગથી મળેલો મુલક પાછો આપવો. મંત્રિયોના પક્ષવાળાઓની એમ કરવાની મરજી એ હતી કે ફતેસિંગરાવ પુનાના દરબારનું ઉપરીપણું કબૂલ કરે. તેઓએ સને ૧૭૭૮ માં ચઢેલી ખંડણી લઈ પાછા ફતેસિંગરાવને સેનાખાસખેલ બનાવ્યા.

૨૮. ત્યાર પછી ગાયકવાડ કુટુંબ જોડે ઈંગ્રેજ સરકારે સલાહ કરી. ગાયકવાડને પેશવાથી સ્વતંત્ર ઠરાવી મરેઠા લોકનું જોર કમી કરવાનો વિચાર કર્યો. ગુજરાતમાં પેશવા સાથે લઢાઈમાં જનરલ ગાડર્ડે કાંઈક જીત કરી, તેથી ફતેસિંગરાવ જોડે સામા સામી દોસ્તીનું તહનામું સને ૧૭૮૦ માં થયું. તેમાં એ ઠરાવ થયો કે ફતેસિંગરાવે મહીનદીની ઉત્તરનો પેશવાનો મુલક લેવા તથા તાપીનદીનો દક્ષિણનો

મુલક, ભરૂચની ઉપજ અનેનર્મદાનદીના કાંઠેના સીનોર ગામની પાસેનાં ગામો ઈંગ્રેજ સરકારને આપવાં. લઢાઇ વખતે પેશવા સરકાર તરફની ખંડણી માફ કરવી અને ઈંગ્રજી લશ્કરની ફોજમાં ત્રણહજાર સ્વાર મોકલવા. આ તહનામાથી થએલી શરતો બહુ કરી વડીલ સરકારે મંજુર રાખી પણ તેના લખાણ બાબત કાંઇ વાંધો કાઢયો. તે માટે સુધારેલા ખરડા ઉપર સરકાર અને કૌંસિલના મેંબરની સહિયો થઇ,ને તે નકલો મુંબાઇ મોકલી દીધી. તે ફતેસિંગરાવને પોહોંચતી કરી. તેમાં શો ફેરફાર કરેલો હતો તે કંઇ જણાયો નહીં. હરકોઇ ખરડા પ્રમાણેનો કરાર પ્રત્યેકને બાંધી રાખેછે કે નહીં. એ બાબતનો વિચાર કરવાની જરૂર જણાતી નથી. કારણકે સને ૧૭૮૨ માં સાલબાઇનું તહનામું થવાથી ઈંગ્રેજ સરકાર તથા પેશવા સરકાર વચ્ચે સલાહ થઇ, તેથી ગાયકવાડ સરકારનો મુલક લઢાઇની પૂર્વે જેમ હતો તેમ રહ્યો અને ફતેસિંગરાવને પ્રથમ પ્રમાણે પેશવા સરકારને ખંડણી આપવાનું ઠર્યું; પણ પાછળનું લેહેણું બધું મુકી દેવામાં આવ્યું.

૨૯. ફતેસિંગરાવ ગાયકવાડ પોતાની હવેલીના માળ-ઉપરથી સીડીએ ઉતરતાં પડી ગયા તેથી સને ૧૭૮૯માં મરણ પામ્યા. તે દિવસથી તેમના ભાઇ માનાજીએ શિયાજીરાવના નામે રાજ્ય કારભારનો દોર પોતાના હાથમાં લીધો, અને એ કબૂલ રાખવા માટે પેશવા સરકારને મોટી નજર આપી. પણ માધોજી સિંધિયાએ ગોવિંદરાવના હકને સહાય કરી, તેથી માનાજીએ પોતાનું જોર મજબુત કરવાને સને૧૭૮૦ની બોલી પ્રમાણે ઈંગ્રેજોની સોડ પકડી. પણ સાલબાઇના તહનામાથી આગલી બોલી રદ્દ થઇ ગઇ છે, એમ કહી તે લોકોએ વચમાં પડવાને ના પાડી. સને

૧૭૯૩માં માનાજીરાવ મરણ પામ્યા; તેથી કુટુંબ કલેશ બધ પડયો, અને ગોવિંદરાવ ગાયકવાડ એજ સાલમાં ગાદીએ બેઠા. તે વખતે મોટી નજર આપ્યા ઉપરાંત તાપી નદીની દક્ષિણનો ભાગ તથા સુરતના ફુરજાની આવકમાં- નો ભાગ પેશવાને આપવો એવા લેખ ઉપર સહી કરવી પડી. પણ પેશવા સરકારે એ પાછળથી આપેલું લીધુ નથી. કારણ કે ઇંગ્રેજ સરકારે એવો વાંધો ઉઠાવ્યો કે એતો સાલબાઈના તહનામાથી ઉલટું થાય અને ગાયકવાડસરકારનો મુલક તોડવામાં આવેછે.

૩૦. ત્યાર પછી કેટલેક વરસે પેશવાની તરફથી તેમ- નો ભાઇ ચીમનાજીઆપા ગુજરાતનો સુબો થયો. તેણે પોતાની તરફથી વહીવટ કરવાને આબાસેલુકરને ઠરાવ્યો. એ વખતે બાજીરાવ પેશવા અને તેના પ્રધાન નાના ફ- ડણવીશ વચ્ચે બનાવ નહોતો. તેથી તે પ્રધાનને અને તેની તરફના બીજા અમલદારોને બાજીરાવે સિંધિઆ પાસે કેદ કરાવ્યા હતા. તેમાં ઉપર લખેલો આબાસેલુકર પણ હતો. તેણે પોતે કેદમાંથી છૂટવાને માટે દશ લાખ રૂપિઆનું ખત લખી આપવા કહ્યું હતું તે લખીઆપી ગુજરાતમાં આવ્યો કે તરતજ સિંધિઆએ પેલા રૂપિ- આની ઉઘરાણી કરી. તેથી સેલુકરને જુલમ શિવાય બીજો કોઈ પણ રસ્તો સૂઝયો નહીં. સબબ તેણે અનેક પ્રકારના વેરા નાંખ્યા, અને હરેક બાને લોકોને દંડયા; તે એટલે સુધી કે કાંતનારીને પણ મુકી નહીં. તેથી સેલુકરનું નામ વિસારે પડયું નથી, અને તેના આજ પણ રાસડા ગવાયછે.

૩૧. ઇ. સ. ૧૮૦૦માં સુરતનો નવાબ મરણ પામ્યો એટલે તેના તાબાનો મુલક ઇંગ્રેજ સરકારના હાથમાં

આવ્યો. તેના બંદોબસ્ત સારૂ મુંબાઇના ગવરનર મિ. ડંકન સાહેબ સુરત આવ્યા. તેમની મુલાકાત સારૂ ગોવિંદરાવ ગાયકવાડે પોતાના વકીલને મોકલી તેની મારફતે ચોરાશી પરગણું તથા બીજા હક આપવા માંડયા. પણ વગર માગે એ પ્રમાણે કરવાનું કારણ પાછળથી માલમ પડયું. તે એ કે સેલુકર ગાયકવાડ સરકારને હેરાન કરતો હતો, તેમની હવેલી છીનવી લીધી હતી, અને તેનાં સુબાને કાઢી મૂકયો હતો, તેથી તેની સામે થવા માટે ગાયકવાડ સરકારે તરતજ તેમની મદદ માગી. પણ તે વાત ઉપર કાંઇ ધ્યાન આપવામાં આવ્યું નહીં.

૩૨. તેટલા માટે ગાયકવાડ સરકારે પોતાના સાધન વડે તોડી પાડવાનો નિશ્ચય કર્યો. તે ઉપરથી તેમણે પોતાના સરદાર શિવારામ ગારદીને ફોજ આપી અમદાવાદ જવાનો હુકમ કર્યો, એટલે તેણે પોતાની ફોજ સહિત અમદાવાદ જઈ શાહઆલમના રોજા આગળ પડાવ કર્યો. એ માણસ કામનો ઠંડો હોય એમ જણાય છે. કેમકે લોકોમાં એવી કહેવત ચાલતી હતી કે "શિવારામ ગારદી, જ્યાં પડ્યા ત્યાં એક મહિનો ને આઠ દી" આ વાત સેલુકરે સાંભળી કે તરતજ કાઠિયાવાડથી પોતાના તાબાના સરદારો તથા ઠાકોરોને તેડાવ્યા. તેઓએ શેહેર બહાર શાહઆલમના રોજા આગળ જઈ ગાયકવાડી ફોજ સામે લડાઇ કરી. તેમાં સેલુકરની હાર થઇ, અને તે પોતાના કિલ્લામાં જઈ ભરાઇ બેઠો. તેથી છેવટે તેના માણસોએ તેને તજી દીધો એટલે ગાયકવાડી સરદારે શેહેર લઇ સેલુકરને પકડી લીધો. ઈ.સ. ૧૮૦૦. પણ તેનો એટલો બધો રોફ લોકોમાં બેસી ગયો હતો કે જે વખતે તેને બેડીયો ઠોકવાને લવાર લાવ્યા, તે વખતે લવાર તેને બે-

ડીયો ઠોકતાં ધ્રુજવા લાગ્યા. એ રંગતાનમાં ઘણોજ ગુલતાન રહેતો એમ માલમ પડેછે. કેમકે ગાયકવાડ સરકારનું લશ્કર શેહેરમાં પેસી ભદ્ર સુધી આવ્યું ત્યાં સુધા એણે નાચ બંધ કર્યો નહોતો. કોઇ માણસ એમ કેહેવા આવેકે ગાયકવાડનું લશ્કર શેહેરમાં આવ્યું, ત્યારે તે એવો જવાબ વાળે કે "[1]કાય ફિકર આહે, યેઊંદ્યા" તે આવા ઢંગથી ગાયકવાડનો સામો થયો હતો, તેથી ગુજરાતનું રાજ્ય ખોયું. તે ઉપરથી એવી કેહેવત થઇ પડી કે "હાથમાં દંડો, બગલમાં મોઇ; હવેલી લેતાં ગુજરાત ખોઇ."

૩૩. ઉપર લખ્યા પ્રમાણે અમદાવાદ ગાયકવાડસરકારના હાથમાં આવ્યું. પેશવા સરકારનો ગુજરાતમાંજે જે ઠેકાણે હુકમ ચાલતો હતો, ત્યાં ત્યાં પોતાનો ચલાવ્યો. પેશવા સરકારને ઇજારા બદલ દર વરસે પાંચલાખ રૂપિઆ પોંચતા કરતા હતા, એ પ્રમાણે કરવામાં સને ૧૮૦૦માં ગોવિંદરાવ મહારાજ કૈલાસવાસ થવાથી હરકત પડી, અને રાજ્યમાં ફરીને ગડબડ ચાલવા લાગી.

पुनरावर्त्त माटे प्रश्न.

(૨૬) ઇંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકાર વચ્ચે સલાહ કયારે અને કયા રાજાની વખતમાં થઇ? (૨૭) ફતેસિંગરાવ અને રાઘુબા વચ્ચે કરાર કયારે થયો અને તેમાં શું ઠર્યું હતું? (૨૮) ગાયકવાડ સરકાર અને ઇંગ્રેજ સરકાર વચ્ચે દોસ્તીનું તહનામું કયારે થયું અને તેમાં શો ઠરાવ ઠર્યો હતો? (૨૯) ગોવિંદરાવ મહરાજ કયારે ગાદીએ બેઠા? (૩૧) ગુજરાતનો કયો સુબો ગાયકવાડને હેરાન કરતો હતો? (૩૨) શિવારામ અને સેલુકર વચ્ચે-

---

૧ શી ફિકરછે, આવવાદ્યો.

ની લડાઇનું વર્ણન કરો અને એ બેની શી કહેવતો થઇ પડી છે તે કહો?

प्रकरण ४ थुं.

૩૪. મહારાજા ગોવિંદરાવ ગાયકવાડનું મરણ ઉપર લખ્યા પ્રમાણે મધ્યરાત્રીએ થયુ.હવે બાબાજી આપાજી અને મીર કમાલુદીન એ બે મુખ્ય લશ્કરી સરદાર તથા મંગલ પારેખ અને શામળ બેહેચર એ બે મોટા સરાફ કે જે ઓના તાબામાં આરબનું લશ્કર હતું, તેઓએ એકઠા મળીને કામની બ્યવસ્થા કરવા માંડી. સવારના પોહોરમાં કુટુંબની સર્વ બાઇઓ એકઠી થઇ તેમાં લખતરના ઘરેની ઝાલા રજપૂતના કુટુંબની ગેનાબાઈ કરીને મહારાજની રાણી હતી તે સતી થવાને તૈયાર થઇ પણ તેના કારભારીઓએ તે બાઇને સારી પેઠે સમજાવી અને કુરાન તથા હિંદુની રીત પ્રમાણે સોગન ખાઇને તેને ખાત્રી પૂર્વક કહ્યું કે તમારા સ્વામીની વખતમાં તમારી જેવી સત્તા અને પ્રતિષ્ટા હતી તેવીજ અમે સાચવી રાખીશું. પછી ગોવિંદરાવ મહરાજને અગ્નિદાહ દેવાને લઇ ગયા. અને તેમના વડા પૂત્ર આનંદરાવ ગાયકવાડ ખરા હકદાર ગાદી ઉપર બેઠા. માજી ગેવિંદરાવ મહરાજનો પ્રધાન રાવજી આપાજી અમદાવાદ હતો. તેણે તરતજ પાછા આવીને કારભાર ચલાવવા માંડ્યો. કાનોજીરાવ કરીને માજી રાજાનો દાશી પુત્ર હતો. તે ઘણો શૂરો અને ટંટાખોર હતો. તેણે પોતાના બાપની હયાતીમાં તોફાન કર્યું હતું. તે ઉપરથી તે લોભને લીધે આગળ ડગલાં આ વખતે ભરે નહીં, માટે એ વાત પ્રધાને બીજા કારભારી અને સરાફોને કહી તેનો અટકાવ કરવાનો પ્રયત્ન પ્રથમ કરવા માંડ્યો. પણ

એ ઠરાવ કબૂલ કરવામાં આવ્યો નહીં. પછી કાનોજીરાવ તરતજ પોતાની સાથે મળી ગયેલા કારભારીઓની મદદ-થી રાજનો ધણી થઈ બેઠો, અને આનંદરાવ મહરાજને કેદ કર્યા. કાનોજીરાવ ઘણો જુલમી માણસ હતો. એ નઠારા માણસનેપોતાના દુરગુણ બતાવવાને હવે પૂરેપુરોલાગ મળ્યો. એણે રાજ્યના સર્વે કારભારીઓ ઉપર ઘણો જુલમ કરવા માંડ્યો. એણે આનંદરાવ મહારાજ ઉપરે ખરેખરી સજ્જાઈ નહીં પણ તેમનો એટલો બધો ધિક્કાર કરવા માંડ્યો કે પોતાના ભાઈની ઉઘાડી સલાહથી એની સામે એક ટોળી બંધાઈ. એ ટોળીએ સને ૧૮૦૧માં રાતની વખતે તેનું ર-હેવાનું ઘર ઘેરી લઈને તોફાન નહીં કરવાનો બંદોબસ્ત કરેયા પછી તેને પકડીને આનંદરાવ મહારાજની સામે લા-વ્યા. એ મહારાજની આજ્ઞા ઉપરથી તેનાં હથીઆર મુ-કાવ્યાં અને તેને બેડીઓ જડી ગુજરાત અને માળવા-ની વચ્ચેના [1]ડુંગર ઉપર કિલ્લો હતો ત્યાં લઈ જઈ કેદ કરેયો. આ બનાવ બન્યા પછી રાવજી આપાજી ખરેખરો પ્રધાન થયો.

૩૫. મજરાબાઈ નામે ફતેસિંગરાવ મહારાજની કુંવરી હતી, તેને એપ્રિલ મહિનો ઉતરેયા પછી તરતજ રાવજી આપાજી સાથે કાંઈ કારણસર કજીઓ થયો. તેનું શુંકારણ હતું તે કાંઈ જાણવામાં નથી. પણ પ્રધાને ત્યાંથી નીકળી ચાલીને સુરતમાં જઈ આશ્રય લીધો, અને વરસનો આ-ખરી પેહેલાં તો રાવજી પ્રધાનના પ્રધાનવટાની સામે એ કરતાં પણ વધારે ભય ઉપજાવે એવો એક નારાજ થએલો પુરૂષ થયો. તે પુરૂષ એ કે, જેના બાપ ખંડેરાવને હિમતે બાહાદુરનો ઈલકાબ આપી કડીની જાગીર આપવામાં આવી હતી તેનો દીકરો મલ્હારરાવ હતો. તે કડીની

---

[1] એને રામપૂર રોટોઆનો ડુંગર કહે છે.

ગાદી ઊપર ફતેસિંગરાવ ગાયકવાડ તેને કબૂલ રાખી તેના બાપનો જે કિતાબ હતો તે ધારણ કરવા દીધો હતો. એણે ગાયકવાડ સરકારના વડા ઘર સાથે પોતાનો રાજ્યધર્મ ચાલતો રાખવાનું કબૂલ કર્યું હતું. તે ઉપરથી તેની પાસેથી ચારસેં અસ્વારોની નોકરી લેવાને ઠરાવ્યું હતું, અને જો કદાપિ તે તેમ ન કરે તો દર વરસે ૧,૨૦,૦૦૦ રૂપીઆ આપે. આપ્રમાણે ઠરવાથી તે કડીનો નક્કી જાગીરદાર થયો. જેવી રીતે ગાયકવાડ સરકાર પોતાના રાજ્યમાં ઉપરી મરેઠી રાજ્યને નહીં ગણતાં સ્વતંત્રપણે કારભાર ચલાવતા હતા, તેવીજ રીતે તે પણ વડોદરાના રાજાનો પટાવત તરીકે ગણાતાં છતાં પોતાના રાજ્યમાં સ્વતંત્રપણે અધિકાર ચલાવતો હતો.

૩૯. રાવજી પ્રધાને મલ્હારરાવની પાસે ચઢેલી ખંડણી માગી તેથી તથા કાનોજીરાવની અયોગ્ય રીતે સ્થિતી થએલી તે તેનાથી સહન થઈ શકી નહીં, તેથી પોતે પ્રસિદ્ધપણે કહેવા લાગ્યો કે હું ખંડણી આપનાર નથી. તેમ છતાં જો તેમને મારી સાથે લઢવું હોય તો હું તૈયાર છું. આ સામાવાળીઆની વાત ગજરાબાઈની ટોળીવાળાઓએ પણ સ્વિકારી હતી. તે ઉપરથી મલ્હારરાવે ફોજ એકઠી કરવાનો પ્રારંભ કર્યો. એ ઉઘાડી રીતે બોલવા લાગ્યો કે રાવજી આપાજીએ અને તેના ભાઈ બાબાજીએ કેટલાંક સત્તા ઉપરાંતનાં અને જુલમનાં કામ કર્યાં છે, માટે હું તેઓને શિક્ષા કરનાર છું અને ગાયકવાડનાં કુટુંબના બીજા માણસો સાથે તથા કાનોજીરાવ સાથે ખોટી વર્તણુંક ચલાવીને તે જુલમી કામદારોએ જે તેઓના બાજબી હકો ખુંચી લીધા છે તે પાછા અપાવવાને હું આગળ પડ્યો છું. મુકુંદરાવ નામે માજી રાજાનો દાશી પુત્ર હતો, તે

પણ આવો વખત સાધીને ડાકોર ગામે શ્રી રણછોડજી મહારાજનાં દર્શન કરવા જવાના મિશે બહુ ધન અને જવેર લઇને વડોદરેથી ચાલી નિકળ્યો. તેને પાછો બોલાવી લાવવાને કામદારોએ ઘણો પ્રયત્ન કર્યો, પણ તેણે તેમનું માન્યું નહીં અને ઉલટો તોફાન કરવા લાગ્યો. તેથી તેઓએ તેને પકડી લાવવા સારૂ ફોજ મોકલી પણ તે પકડાયો નહીં અને નાશી જઇને કડીમાં મલ્હારરાવના પક્ષમાં ભરાઈ બેઠો. મલ્હારરાવે વિશનગર અને વિજાપૂરના કિલ્લા જોરાવરીથી લઈ લીધા. તે કાનોજીરાવને માટેજ લઈ રખ્યા છે એવું ફોકટ ડોળ બતલાવતો હતો. તેની તરફથી લડવાને જૂદે જૂદે ઠેકાણે થઇને ચાળીશ હજાર ફોજ તૈયાર છે એવી બડાશ મારવા લાગ્યો. ગાયકવાડ સરકારની નોકરીમાં એક આગળ લખેલો જૂનો નોકર જે શિવારામ ગારદી હતો, તે પણ કામદારોની ગેરવર્તણુકથી કંટાળીને મલ્હારરાવના પક્ષમાં ગયો. એણે એવી વાત ઉડાવી કે બીજા કેટલાક અમલદારો પણ મારી પેઠે કરવાની તૈયારીમાં છે. કજીયો કરી ઉઠેલી ટોળીઓની ફોજ સામ સામે આવી ગઈ. એટલે બાબાજી આપાજી અમદાવાદ નજદીક સાહીબાગ આગળ છાવણી કરી પડ્યો હતો, અને તેની એક ટોળી કાળાકાકોટ આગળ પડી હતી. મલ્હારરાવ પોતાની ફોજનો એક ભાગ રાખી રહ્યો, પણ તેનો ભાઈ બીજો ભાગ લઇને કડીથી આઠ ગાઉ આગળ આવીને બાબાજીની ફોજથી સુમારે સાત ગાઉને અંતરે કલોલ આગળ છાવણી નાંખી પડ્યો. નાની નાની ત્રણ વાર લડાઇયો થઈ ચૂકી, અને તેમાં મલ્હારરાવની જીત થએલી જણાઈ. આવી સ્થિતીમાં હોવા છતાં બંને પક્ષવાળાઓએ બ્રિટિશ ગવરનરનો આશરો માગ્યો. કાનોજી-

રાવની વતી ગજરાબાઈના કામદારે બ્રિટિશ સરકારને જે-મ ‡ચોરાશી પરગણું ને સુરત શેહેરની ચોથ આપવાને કબૂલ કર્યું, અને વળી તે સાથે ચોરાશી પરગણા કરતાં ચીખલી પરગણું જે ઘણું સરસ છે તે પણ આપવાને કબૂલ કર્યું. તેમ આણી ગમવાળાએ ઈ૦ સ૦ ૧૮૦૨ માં આનંદરાવ ગાયકવાડની વતી તેના પ્રધાન રાવજી આપાજીએ મિ૦ ડંકન સાહેબ પાસે મીરકમાલુદ્દીનને અને બીજા બે વકીલોને મોકલ્યા, અને કહેરાવ્યું કે ગોવિંદરાવના વખતમાં ચોરાશી પરગણું તથા સુરતની ચોથ આપવાનો ઠરાવ થયો હતો. પણ તેનો અમલ તે વખતે થયો નહીં હતો, તે રીત પ્રમાણે થવા વિશેનો તેઓએ દસ્તાવેજ કરી આપવો. બ્રિટિશ ગવરનરે સદરહુ લખેલા બંને પ-ક્ષકારોના હક વિશેનો વિચાર કર્યા પછી છેવટે આનંદરાવ મહારાજના નામથી પૂર્ણ અધિકાર ચલાવનારા કામદારોને આશરો આપવાનો ઠરાવ કર્યો. કારણ કે એ પ્રમાણે કરે-વાને મિ૦ ડંકન સાહેબને ઘણાં કારણ મળી આવ્યાં; તે એ કે—આનંદરાવ ગાયકવાડનાં પરગણાં જે કડીના જા-ગીરદારના મુલકની પાસે હતાં, તેનોજ માત્ર કબજો મલ્હા-રરાવ કરી બેઠો હતો. પરંતુ તે જતાં બાકીનો આખો દેશ તો આનંદરાવ મહારાજના તાબામાં હતો; તો એવી સ્થિ-તીના પક્ષવાળા માણસોનાં વચન ઉપર ભરોંસો રાખવો મુકી દઈને તેના સામાવાળીયા કાનોજીરાવના પક્ષના લો-કોનાં વચન ઉપર વિશ્વાસ રાખવાને ગવરનર સાહેબને કાંઈ વિશેષ કારણ જણાયું નહીં. વળી ગાયકવાડ સરકા-

‡એ બંને પરગણાં ગોવિંદરાવ ગાયકવાડે પ્રથમ આપ-વાને કબુલ કરેલાં, પરંતુ તેમનું મરણ થતાં સુધી પેશવાએ મંજુર નહીં કરેલાં સબબ એમને એમ અદબદ હતાં.

રના રાજ્યના જે ખરેખરા ઉપરી આનંદરાવ મહારાજકે જેણે કામદારોના ધારેલા ઠરાવ વિશે કરવાને પોતાના વિચાર ખુલ્લી રીતે જણાવવાને બ્રિટિશ સરકારને વચ્ચે પડવા માટે આદરસત્કાર ભરેલી રીતે અરજ કરી હતી કે સાલબાઇના કોલ કરાર પ્રમાણે ગાયકવાડના રાજ્યમાં થતા વિભાગ અટકાવવા જોઇએ. તેમજ ગવરનરે સાહેબને એવી પણ સૂચના કરવામાં આવી કે મલ્હારરાવ સિંધમાં પારકી ફોજ લાવવાનો પ્રયત્ન કરે છે. તો એ પ્રમાણે થવાથી ગુજરાતમાં બ્રિટિશ સરકારની સત્તા નોખી પડી જવાની. મિ૦ ડંકન સાહેબને એમ પણ ધાસ્તી લાગી કે આનંદરાવ મહારાજના કામદારોને માગેલો આશરો બ્રિટિશ સરકાર ભણીથી આપવામાં નહીં આવે તો એ સિંધિયાની પાસે જઈ માગે. આ બધાં કારણોને માટે બ્રિટિશ સરકારે પોતના મધ્યસ્થપણાનું વજન પાડવા સારૂ તથા ગાયકવાડ સરકારનું રાજ્ય આખે આખું રાખવાને માટે ફોજની એક ટુકડી મોકલવા સારૂ તૈયાર કરી.

૩૭. એ ટુકડીમાં ચારસેં યુરોપિયન સહિત બે હજાર માણસો હતાં. એ ટુકડીનો અધિકાર મેજર વાકર સાહેબને આપવામાં આવ્યો. એ અધિકારી ગુજરાતના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. મેજર વાકર સાહેબને માટે એવો પણ ઠરાવ કરવામાં આવ્યો કે જેમ બને તેમ લશ્કરી દેખાવ મુકી દેઇને વડોદરાના બ્રિટિશ રેસિડેન્ટનું પદ ધારણ કરવું. મેજર વાકર સાહેબને એવી ઉઘાડી રીતે સૂચના કરવામાં આવી કે ચોરાશી પરગણાની તથા સુરતની ચોથ બાબત અમલ કરવા માટે તમોને મોકલવામાં આવે છે. માટે પ્રથમ તો તમારે ગાયકવાડ સરકારના વકીલો સાથે વડોદરે જવું.

૩૮. સને ૧૮૦૨ ના જે મહિનામાં મેજર વાકર સાહેબ સુરતથી નિકળ્યા, તેજ મહિનામાં વડોદરે આવી પોંચ્યા. વડોદરેથી થોડાક માઇલને છેટે તેમને માન આપવા માટે પ્રધાન તરફનાં કેટલાંક માણસો થોભેલાં હતાં, તે તેમને મળ્યાં. વળી શેહેરથી એક કોશને છેટે તેમને તેડી લાવવા માટે રાવજી આપાજી સામો આવ્યો. એની સાથે એના સર્વ મુલકી અને લશ્કરી કામદારો પણ હતા. તેઓ ત્યાં આગળ ખુલી જગોમાં બીછાનાં બીછાવી બેઠા, ને તે ઠેકાણે મેજર વાકર સાહેબની આરબ જમાદાર વિગેરે પ્રત્યેક મળવા લાયક માણસ સાથે મુલાકાત થઈ, અને બધાએ અતિશય ભાવ બતાવ્યો. ત્યાંથી શેહેરમાં ગયા. ત્યાં એમને માટે તંબુ ઠોકાવી રાખ્યા હતા. તે વખતે અદબસર હથિયાર રાખી એમને માન આપવા માટે ફોજ ઉભી રાખેલી હતી. તે ઠેકાણે તોપોના બાર કરી તેમને સલામતી આપી. બીજે દિવસે પ્રધાન તેમની પાસે ગયો ને તરતજ કડી તાબે કરી લઇને મલ્હારરાવને કાઢી મુકવાની તેણે પોતાની ઘણીજ આતુરતા બતાવી. મેજર વાકર સાહેબને એ વેળાએ તે વાતની ચરચા ચલાવવાની મરજી નહોતી. માટે ખંભાત આગળ આવેલી ફોજને સારૂ સરસામાન પોંચાડવા વિશેની બીજી વાત ચલાવી. આ મુલાકાતની વેળાએ એવો ઠરાવ થયો કે મહારાજાની મુલાકાત લેવાને મેજર વાકર સાહેબે ત્રીજે પહોરે જવું. એ ઠરાવ આનંદરાવ ગાયકવાડે ફેરવ્યો, અને કહ્યું કે મુલાકાત લેવાને પ્રથમ એમને બોલાવવા એ ઠીક નહીં. આ સભ્યતાના બદલામાં ગાયકવાડ સરકારને રસ્તે જતાં મેજર વાકર સાહેબ મળ્યા, એટલે આનંદરાવ મહારાજ પોતાના હાથી ઉપરથી તરતજ ઉતરી પડીને મે-

ટ્યા ને તેમની સાથે તંબુમાં ગયા. એ મહારાજાની સાથે દરબારના સર્વ કામદારો, ઘોડેસ્વાર અને પાયદળ એ સર્વ હતાં. તેઓ ત્યાં પોંહોંચ્યા કે તરત તોપોની સલામતી આપવામાં આવી. આ મુલાકાત વખતે મેજર વાકર સાહેબે મહારાજાને એક ખાનગી ઓરડીમાં જવાને વિનતી કરી. તેથી જે જે અમલદારોને તથા સરદારોને તેઓની સાથે રહેવાને મેજર વાકર સાહેબે પસંદ કર્યા, તેઓને લઇને મહારાજા તે ઓરડીમાં ગયા. ત્યાં આગળ ગવરનર સાહેબની સલામ પોંચાડવામાં આવી, અને માજી મહારાજા ગોવિંદરાવના મૃત્યુ વિશેના દિલાસાનો સંદેશો પણ કહેવામાં આવ્યો. તે રાજાએ જરા પણ લક્ષ આપ્યા વિના સાંભળ્યું. તે ઉપરથી મેજર વાકર સાહેબને તરતજ માલમ પડ્યું કે કોઈ પણ બાબત ઉપર એક લક્ષ કરી દેવાને તેમનું ચિત્ત અશક્ત છે. ત્યાં જે કંઇ દીઠામાં આવ્યું તેનું વર્ણન મેજર વાકર સાહેબે નીચે પ્રમાણે લખ્યું છે.

૩૯. "આનંદરાવ મહારાજ આશરે તેત્રીસ કે ચોત્રીશ વરસની વયના છે. તેમનું શરીર બળવાન છે. તેમના અંગ ઉપર નબળાઈની કાંઈક દેખીતી નિશાની નથી, પણ તેમનો ચેહરો મોટી આંખોએ કરીને નબળો હોય એમ લાગેછે. તે કદાપિ સ્વભાવિક હશે અથવા નુકશાનકારી કેફી પદાર્થ ખાવાને લીધે હશે. કામ કરવાને તેઓ અશક્ત હોય એમ જણાય છે. તેનું કારણ તેમના અંગના નિર્બળપણાને લીધે નહીં પણ ઘણું કરીને ગાંજો ફુંકવાના નઠારા વ્યસનને લીધે છે. મનને આવા નિર્બળપણાની નિશાનીઓ છતાં પણ તેમનામાં સ્મરણ શક્તિ હોય એમ જોવામાં આવે છે. કારણ કે તેમણે પોતાના કામદારોમાં-

નાં કેટલાકનાં નામ ગણી બતાવ્યાં. પણ તેમને પોતાના રાજ વહીવટનું સામાન્ય જ્ઞાન હતું, તેથી કોઈ વખતે ગભરાઈ ગએલા જોવામાં આવે તો રાવજી તથા કમાલુદ્દીન તેમને મદદ કરતા. કોઈ કોઈ વખતે તેમનું કંઈ પણ લક્ષ જતું તો પોતાના શરીર ઉપરનાં ઘરેણાં પેહેરેલાં કોઈ પણ અંગ ઉપર જતું. તેઓ પોતાની પાઘડીનો શીરપેચ વારેવારે પાંસરો કરતા હતા, ને પોતાના હાથનું કડુ કાંડેથી અંગરખાની ચુડ ભણી ખસેડતા હતા. તેટલામાં આગામહમદના ઘડીયાળ ઉપર લક્ષ જવાથી તે લઇ તેમણે નાના છોકરાની પેઠે જોયું. આ પછી જ્યારે મુલાકાત થઈ રહેવા આવી ત્યારે તેઓ સાવધ થયા હોય એમ જણાયું, અને પોતે કહ્યું કે મારે માથે ઘણા શત્રુ છે. વળી તેઓ મારા વિશે ખોટી ખોટી વાતો ઉડાડે છે, તો મને એવી આશા છે કે તે આપ ગવરનરે સાહેબને જાહેર કરશો કે જેથી તેઓ ભૂલથાપ ખાય નહીં. આવી રીતે બોલતા તે વેળાએ રાવજી અને કમાલુદ્દીન પણ વારે વારે બોલવા લાગતા હતા. ત્યાર પછી આનંદરાવ ગાયકવાડે મલ્હારરાવની દુશ્મનાઈ વિશે વાત કાઢી, ને કહ્યું કે મારા શત્રુને શિક્ષા કરવાને જેમ બને તેમ ઉતાવળા જશો એવી આશા છે. તેને કડીમાંથી કાઢી મુંકવો એવું મને ઘણીવાર કહ્યું. આ મતલબ પૂરી પાડવાને તેમણે ઘણી આતુરતા બતાવી. તેમજ તે વિશે તેમના કામદારો પણ ફરી ફરીને એની એ વાત કહેતા હતા. તે ઉપરથી મેં રાજાને ખાત્રીથી કહ્યું કે ગાયકવાડ સરકારના ફાયદાને માટે કંપની સરકાર હમેશાં નજર રાખે છે, તેજ પ્રમાણે આ વખતે પણ આપના હકના ખાજબીપણાને લીધે ઇંગ્રેજ સરકારની ફોજ આપને આંચ નહીં આવવા દે. આ ઉપર લખેલી મુલા-

કાતની વેળાએ આનંદરાવ મહારાજે વિનય પૂર્વક વર્ત્તણુક ચલાવી, ને ઇંગ્રેજ સરકાર ઉપર પોતાનો આધાર છે તે તથા તેમના પૂર્વજોના કંપની સરકાર સાથેના ગાડા સંબંધને લીધે તેઓની સાથેની તેમની પ્રીતિ અને માન એ વારંવાર તેમણે કહી બતાવ્યું. રીત પ્રમાણે પાન સોપારી અને ગુલાબ વેહેંચાયા પછી આનંદરાવ ગાયકવાડ રજા લઈ વિદાય થયા.''

૪૦. મેજર વાકર સાહેબ મહારાજાને મળવા સારૂ બીજે દિવસે તેમની હવેલીએ ગયા, તે વખતનું વર્ણન તેણે નીચે પ્રમાણે કર્યું છે.—

''પેહેલી વાર કરતાં આ વેળાએ રાજાનો દેખાવ વધારે ગંભીર અને આનંદી દેખાયછે. વળી તેમનામાં પ્રથમની કેટલીક મૂર્ખાઇ દૂર થઇને તેને ઠેકાણે ઉદારતા અને બુદ્ધિનો કેટલોક અંશ આવેછે. બુદ્ધિ રીતે વાતચીત થયા પછી મહારાજાએ મને સરપાવ આપ્યો. તે પછી મને એક ખાનગી ઓરડામાં જવાને કહ્યું. ત્યાં મુખ્ય મુખ્ય માણસોનું ટોળુ તેઓના ચાકરો સહિત તે ઓરડામાં ધસી આવ્યું. આનંદરાવ ગાયકવાડે રાવજીનાં વખાણ કર્યાં તથા મલ્હારરાવને યોગ્ય શિક્ષા કરવાને ખરેખરી ઇચ્છા જણાવી. મહારાજાને મેં પૂછ્યું કે કાનોજીરાવને તમારા અભિપ્રાયથી કેદ કરવામાં આવ્યાછે કે નહીં, ત્યારે તેનો કાંઈ પણ ઉત્તર નહીં આપતાં તેઓ પોતાનું માથું નીચું રાખી ચૂપ થઇ રહ્યા. તેથી તેમના કામદારોએ એ ઉત્તર આપવા માંડ્યો, પણ તેઓ તો મુળગાએ બોલ્યાજ નહીં. પછી તેમણે ચૂપકીથી મારા કાનમાં એવું કહ્યું કે આરબ જમાદાર બધા મારા કટ્ટા શત્રુછે, તેથી તેઓ મને વાત કરવા દેતા નથી. ત્યારે

પછી અમે સર્વે વિદાય થયા." મહારાજાનો એક વિશ્વાસુ માણસ મંગળ પારેખ હતો, તેણે મેજર વાકર સાહેબને પાછળથી કહ્યું કે કાનોજીરાવને કેદ કરવા બાબત મહારાજાને જે પૂછવામાં આવ્યું હતું તે તે વખતે ધર્મની અસરને લીધે તેમનાથી બોલાયું નહીં. કારણ કે પોતાના ભાઇને કેદ કરવો એ ગુનાહ ભરેલું તથા પાપનું કામ છે, એવું સમજતાં છતાં પણ તેમને કેદ કરવા માટે લોકોની તરફથી અગત્ય પડી હતી. એ વાત જ્યારે બની ત્યારે તેમણે શોકની નિશાની બતાવવા માટે પોતાની દાઢી વધારી હતી, અને તેમને ઘણા દિવસ સુધી દુઃખ રહ્યું હતું.

૪૧. મેજર વાકર સાહેબને ગાયકવાડ સરકારનું રાજ્ય એટલું બધું નબળું અને અવ્યવસ્થિત જણાયું કે બહારનો આશરો મળ્યો નહીં હોત તો તે તુટી ગયું હોત. બંદોબસ્તની અવ્યવસ્થાને લીધે ઉત્પન્ન થતાં દુઃખો લોકો ઉપર એટલાં બધાં વિંટાઈ વળ્યાં હતાં કે ભાગ્યેજ વિચારમાં આવી શકે. બીજું કંઈ ન છતાં જ્યાં ત્યાં અવ્યવસ્થાજ ચાલી રહી હતી. સર્વ ખાતાના માણસોનો પગાર ચઢી ગયો હતો. પૈસા ધીરનારાઓને દેશ સાનમાં લખી આપેલો હતો. તેથી તેઓ જેમ પોતાની નજરમાં આવે તેમ તેમાંથી વસુલ કરી લેતા હતા. એક પગારદાર નાયક રાજાના કરતાં વધારે સત્તા ધારણ કરીને દેશમાં ફરતો હતો. તેમજ વળી લશ્કરી સરદારોએ આખું રાજ પોતાને તાબે કરી લીધું હતું અને રાજાને પણ પોતાને સ્વાધિન કરી લીધા હતા, તેઓ રાજકારભારના કામમાં બીલકુલ કુશળ નહીં હોવાથી તેઓનો ખરેખરો કબજો તો સરાફોના હાથમાં હતો. આખા વર્ષમાં ગાયકવાડ સ-

રકારને જે ખર્ચ થતો તે ઉપજ કરતાં ચાર પાંચ લાખ રૂપીઆ કરતાં વધારે થતો હતો. રાવજીઆપાજી પ્રધાન પોતાની તિક્ષણ બુદ્ધિ અને ડહાપણથી રાજ્યનો કારભાર ચલાવવાનો યોગ્ય પુરૂષ હતો. પરંતુ ચાળીશ વર્ષની મુદતમાં મરેઠી રાજ્યની ઘણીક સાખાઓ ઉખડી ગઈ હતી તે જોવાથી તથા ફેરફારમાં સામેલ રેહેવાથી રાજ્યના ફેરફારથી માહિતગાર થઈ રહ્યો હતો. આ પ્રમાણે થવાથી તે જરાક વેંહેમી થઈ ગયો હતો, તેથી તેની સાવધાની મટી જઈને કોઇ કોઇ વખતે તેનામાં બીકણપણાનો પ્રવેશ થતો. તેને પોતાની મરજી પ્રમાણે રાજ્યનો વહીવટ ચલાવવાને જોઈએ તેટલી છૂટ પણ નહીં હતી. આરબ સરદારોએ જે પોતાના રાજ્યની સત્તા છીનવી લીધી હતી, તે પાછી મેળવશે નહીં એવો કોઇ કોઇવાર ઈંગ્રેજ સરકારના વિચાર ઉપર તેને અંદેશો આવતો હતો. કારણ કે જેઓની સાથે ખરેખરી ચોકશી રાખવાનું હતું તેને બદલે તેઓ સાલસાઇ અને નિષ્કપટપણું દર્શાવતા હતા. એ દીવાન વિશે એમ પણ કહેવાય છે કે તે પોતાના મનનું મોકળાપણું વારેવારે બતાવતો હતો. તે પોતાના કામ કાજમાં અને રાજકીય કામ કાજમાં વેંહેમ ખાય એવો તેનો સ્વભાવ હતો.

૪૨. સને૧૮૦૨ના ઠરાવમાં એવી શરત હતી કે ઈંગ્રેજ સરકારે ગાયકવાડ સરકારને આરબ લોકોનું જોર કમી કરવાને [૧]મદદ કરવી. વળી સને મજકુરના ઠરાવથી વડોદરાના રાજ્યના અંદરના કારભારમાં ઈંગ્રેજ સરકારને વચ્ચે પડવાને બેહદ છૂટ મળી હતી. જ્યારે એ ઠરાવ થયો

૧ કોલકરાર અંક૭ની કલમ ૪થી પ્રમાણે.

ત્યારે વડોદરા ફક્ત નામનુંજ રાજ હતું. કાનોજીરાવ તથા મલ્હારરાવ આનંદરાવ મહારાજની સત્તાનો તિરસ્કાર કરતા હતા. રાજાનું શરીર તો આરબોએ[1] બાંધી લીધું હતું. એ આરબો સંખ્યામાં થોડા તો હતા, પણ તેમના હાથમાં સઘળા લશ્કરી હોદ્દા હતા, તેથી કાનોજીરાવને ગાદીએ બેસાડવાની તેઓની ખટપટ તેની સાથે ચાલતી હતી. ગાયકવાડ સરકાર ઇંગ્રેજો સાથે એવું કેહેણ ચલાવી રહ્યા હતા કે જો આરબો ગુજરાત છોડીને જાયતો તેઓને ચડેલો પગાર મળે અને તેમની ખરદાશ પણ સારી થાય. પરંતુ આરબોએ ના પાડી. તે ઉપરથી શેહેર વડોદરા કે જેને તેઓ પોતાને કબજે કરી બેઠા હતા, તેને ઇંગ્રેજ સરકારે ઘેરો ઘાલ્યો. તેથી આખરે આરબ લોકો શરણે ગયા, અને ચડેલો પગાર લઇ તેઓના જાન માલની જ્યાં જ્યાં બાંહેધરી આપવામાં આવી હતી ત્યાં ત્યાં પોતાની જગોએ ઇંગ્રેજ સરકારની બાંહેધરી અપાવીને તેઓએ જવાનું કબૂલ કર્યું. તે વખતે ગુજરાતમાં કોઇપણ પ્રકારનો બંદોબસ્ત બાંહેધરી યા જામીનગીરી શિવાય થતો નહીં. ગાયકવાડ સરકારને શાહુકારોએ જે નાણાં ધીરેલાં હતાં, તેમાં આરબ લોકોના જમાદાર જામીન થયા હતા, એટલુંજ નહીં પણ તેઓના ઉપર કોઈપણ પ્રકારે જુલમ કરવામાં આવે તો તેઓ પોતાના જાન બાંહેધરીમાં ધોરતા હતા. એક લેખે એ બાંહેધરીનો રીવાજ એટલાસારૂ રાખ્યો હશે કે રાજા કોઇપણ કોલથી વાંકા ચાલે નહીં. માટે એ પણ રૈયતના હાથમાં એક જાતનો અંકુશ આપવામાં આવ્યો હતો. જ્યારે આરબોને રજા આપવામાં

---

૧ આરબો આગળ રાજાનું કાંઈ ચાલતું નહીં.

આવી, ત્યારે તેઓ તે કબૂલાતથી મુક્ત થયા. તેઓએ પોતાની જામીનગીરી કાઢી નંખાવીને તેને ઠેકાણે ઇંગ્રેજ સરકારની જામીનગીરી અપાવીને તેઓની મોહર ચોઢાવી લીધી. તેમજ વળી જે લોકોએ આરબ લોકોને કાઢવામાં ગાયકવાડ સરકારને નાણાં વગેરેની મદદ કરેલી તેમની, દીવાન તથા બીજા કામદારો જેઓ રાજ્યનું ખરેખરૂં દીવાની કામ ચલાવતા હતા, તેઓએ ઇંગ્રેજ સરકારના હસ્તગત થતાં પેહેલાં પોતાના તથા પોતાના વંશજોના રક્ષણ માટે પ્રથમ બંદોબસ્ત કરી લેવા ધારેલું હતું તેમની, બાંહેધરી ઇંગ્રેજ સરકારે કબૂલ રાખી હતી. તે વખતે આવી બાંહેધરીઓ કરવાની પોતાનો જાપતો બેસાડવા માટે તથા લોકોનું માન રાખવા માટે ઇંગ્રેજ સરકારને ઘણીજ જરૂર હતી. જ્યાં સુધી વડોદરાના રાજકારભારમાં ઇંગ્રેજ સરકારે જાપતો તથા બારીક લક્ષ રાખ્યું ત્યાં સુધી લોકો ઉપર ગાયકવાડ સરકારથી કંઇ પણ હરકત થઇ શકી નહીં. પણ સને ૧૮૦૫ પછી જ્યારે ગાયકવાડ સરકારને કારભાર સ્વતઃ હવાલે કરી દીધો, ત્યારે લોકો ઉપર જુલમ ગુજારવા માંડ્યો. તે સવિસ્તર લખવાનો આ ઠેકાણે કાંઈ જરૂર જણાતી નથી.[1] હાલ થોડાં વરસ થયાં તો ઇંગ્રેજ સરકારનો વિચાર એવો ચાલતો હતો કે જે ચાર જણાની બાંહેધરી વંશપરમપરાની કબૂલેલી છે, તે શિવાય જેમ બને તેમ બીજી બાંહેધરીમાંથી નિકળી જવાય તો ઠીક.

૪૩. ઉપર લખ્યા પ્રમાણે આરબ લોકો ગાયકવાડ સરકારના રાજ્યમાં ઘણા જોરાવર થઇ પડયા હતા, ને વખતે ગાયકવાડ સરકારને નજર કેદ પણ કરી મુકતા હતા. તે

---

૧ એ સંબંધી પૂરતો હેવાલ તા. ૫મી અગસ્ટ સને ૧૮૯૩ ની પાર્લામેન્ટરી બ્લ્યુબુકોમાં આપેલો છે.

ઓના તરફના માણસોનો ખર્ચ દર વરસે રૂ ૩,૦૦,૦૦.૦ ત્રણ લાખનો થતો હતો. તોપણ તેમને કંઇ કહી શકાતું નહોતું. કારણકે તેઓના પગારના રૂ૨૦,૦૦,૦,૦,૦ વિશ લાખ ચેઢેલા હતા. તેને પેટે રાજ્યની સઘળી ઉપજ તેમને લખી આપેલી હતી. તેથી તેઓને રજા પણ આપી શકાતી ન હતી. મુલક સાનમાં લખી લેઇ એ રૂપીઆ ઇંગ્રેજ સરકારે ગાયકવાડ સરકારને ધીર્યા. એ આરબોને રજા આપવામાં કાંઇ પણ ખુનરેજી થવામાં આવી નહી. ત્યાર પછી ગાયકવાડની ‡કુમકે જે લશ્કર ઇંગ્રેજ સરકાર આપે, તેને પેટે સાત લાખ એંશી હજાર રૂપીઆનો મુલક તેમને કાઢી આપ્યો. એ બધા બંદોબસ્ત એકઠા કરી સને ૧૮૦૫ માં એક ચોકસ †તહનામુ કર્યું. તેમાં કુમકની સિબંદી વધારી તેના ખરચને *પેટે અગીઆર લાખ સિત્તેર હજારનો મુલક આપ્યો. ઇંગ્રેજ સરકારના ગાયકવાડ સરકાર ઉપરના લેહેણા રૂ૪૧,૩૮,૭,૩૨ હતા. તેને પેટે દર સાલે રૂ૧૨,૯૫,૦૦૦ ની પેદાશ થાય એટલી જમીન કાઢી આપી. ગાયકવાડ સરકારે પેશવા સાથેના નાણાની તકરારમાં ભાંજગડ કરવા માટે ઇંગ્રેજ સરકારને ઠરાવ્યા હતા. અર્થાત ઇંગ્રેજ સરકાર સાથે શી તરેહનો સંબંધ થયો હતો તે સઘળું [1]કોલકરારમાં વર્ણવ્યુંછે. આપેલા મુલકમાંથી સરકારના ખર્ચ જેટલી પેદાશ થઇ નહીં માટે ગાયકવાડ સરકારે બીજો મુલક રૂ૧,૭૬,૧૬૮ ની ઉપજનો [2]વધારો આપ્યો. પણ સને ૧૮૧૨ નીસાલમાં મુંબઈ સરકારે એવી જીકર ઉઠાવી કે, લશ્કરના ખરચ બદલ જે મુલક

‡ કોલકરાર અંક ૭૧ પ્રમાણે. † કોલકરાર અંક ૭૨ નું.
* એની વિગત મલ્હારરાવની હકીકતમાં જોવી.
૧ કોલકરાર અંક ૭૨ માં. ૨ કોલકરાર અંક ૭૩ માં જુઓ.

આપેલોછે તે બદલના એક કરોડ રૂપીઆ લેઇ તે તમામ મુલક ગાયકવાડ સરકારને પાછો આપી દેવો, તેમજ તહ- નામાથી જે દેશ મળ્યાછે તે પણ તેમને ઇજારે આપવા અને સિબંદી બાબતના જે ઠરાવછે તે તેમના તેમજ રહેશે. એ જીકર ધાર્યા પ્રમાણે ઉપરી સરકારે પસંદ કરી નહીં. તેથી તે બંધ પડી.

૪૪. કાઠિયાવાડની ખંડણી અને અમદાવાદનો ઇજારો પાંચ વરસને પટે પેશવા સરકારે આપેલો તે સને ૧૮૦૪ માં પૂરો થવાથી ફરી દશ વરસનો નવો કરી આપ્યો હતો. તે ઇંગ્રેજ સરકારના વચ્ચે પડવાથી, અને બાંહેધરીથી દર વરસે ૨૪,૪૫,૦૦૦ નો ઠરેલો હતો. તે પેશવાના લે- હેણા બદલ ગાયકવાડ સરકારે તેમના ઉપર સામું લેણું ભરૂચની વસુલાતનું પેશવાની તરફ જે હતું, તે ગાયક- વાડને પુછ્યા શિવાય ઇંગ્રેજ સરકારને આપ્યું તે, તથા ગુજરાત એ પેશવાનો મુલક તેમાં વિશેષ સિબંદી ગાય- કવાડની રોકાયલી તેના પગાર પેટેના કેટલાક રૂપીઆ હતા, તે મળી જે હતું તે કાઢ્યું. સને ૧૮૧૪ માં પટો પૂરો થ- યા પછી બીજો નવો કરી આપ્યો નહીં, અને બાજીરાવ પેશવાના માનીતા ત્રિંબકજી ડેંગલાએ કાઠિયાવાડના રાજા- ઓને જણાવી દીધું જે, પેશવા સરકારની ખંડણીનો ભાગ ગાયકવાડને હવેથી આપવો નહીં. તેમના લેણા બદલની તકરારનો ફડચો કરવાને ગાયકવાડ સરકારે પોતાના દીવાન ગંગાધર શાસ્ત્રીને ઇંગ્રેજ સરકારની બાંહેધરી લઈ ઈ. સ. ૧૮૧૪માં પુને મોકલ્યો. ત્યાં ઘણી હરકતે પહોંચ્યા પછી ભાંજગડ શરૂ થઈ. પણ તેમાંથી કાંઈ માખણ નીકળ્યું નહીં. તેથી પુનાના રેસિડેંટ મિસ્તર એલ્ફિન્સ્ટન સાહેબ- ને પૂછી પાછા વડોદરે આવવાનો વિચાર કર્યો. એ શાસ્ત્રી

બહુ ડાહ્યો પણ હઠ્યાનો ભોળો તેથી સામાના કપટની વાત જાણવા છતાં પણ તેણે કંઈ ગણકાર્યું નહીં, ને પેશવા સરકાર પંઢરપૂરની જાત્રા કરવા જતા હતા, તેમની સાથે તે પણ ગયો. પરંતુ પેશવા સરકારના કારભારી ત્રિંબકજી ડેંગલાએ પંઢરપૂરમાં એ શાસ્ત્રીને સને ૧૮૧૫ માં મરાવી નંખાવ્યો. નિરપરાધીને મારવા તે મોટું પાપ છે, તો વળી આતો બ્રાહ્મણ અને દેવ ભૂમિમાં ખૂન થયું, તેથી એ પાપીને માથે અઘોર પાપ પડ્યું એવું હિંદુ શાસ્ત્રમાંછે. પણ સ્વાર્થના મોં આગળ એ સર્વે વાત કોરે મુકી પેશવા અને ડેંગલા એ બંને નામુકર ગયા કે અમે કંઈજ જાણતા નથી. તથાપિ આખા દેશમાં એવી વાત ચાલી કે ડેંગલાએજ મારી નંખાવ્યો. તે વાત ઈંગ્રેજ સરકાર તરફથી તજવીજ થતાં સાબીત થઈ; તે ઉપરથી પેશવા સરકાર પાસેથી એ ગુનેગારને લઈને ત્યાંના રેસિડેન્ટ સાહેબે થાણાના કિલ્લામાં રાખ્યો, પણ ત્યાંથી એ નાશી ગયો. પરંતુ તે ફરીથી પકડાયો ત્યારે તેને ચુનાર ગઢના કિલ્લામાં જન્મ કેદ રાખ્યો. આ ઉપર લખેલા દગાને લીધે સને ૧૮૧૭ ના કરાર ઉપર પેશવા સરકારને સહી કરવી પડી, ત્યારથી પેશવાનો ગાયકવાડ સરકાર ઉપરના લેણા બદલનો બધો દાવો રદ થયો,ને પાછલા લેણાને પેટે ચાર લાખ રૂપીઆ લેવા કરી માંડી વાળ્યું. પણ પેશવાનું રાજ ઉંધુ વળવાથી તે ગાયકવાડ સરકારને ભરવા પડ્યા નહીં. ત્યાર પછી નવી *સલાહ સને ૧૮૧૭ માં થઈ. તે આનંદરાવ ગાયકવાડના તરફથી તે વખતના કામ ચલાવનાર ફતેસિંગ મહારાજે કરી. તેમાં મુખ્ય ઠરાવ એ હતો કે સિબંદી વધારવી. ગાયકવાડ સરકારે પેશવાના ઇજારાથી

* કોલકરાર અંક ૭૪ મો જોવો.

જે હકો ગુજરાતમાં મેળવ્યા હતા તે ઈંગ્રેજ સરકારે તેમને આપી દીધા, ને ઈંગ્રેજ સરકારે કેટલોક મુલક અદલ બદલ કરી પોતાના અમલનો મુલક નક્કી કર્યો. લઢાઇ વખતે ઈંગ્રેજી લશ્કર સાથે ગાયકવાડ સરકારે સ્વારો કુમકે આપવા, તથા દરેક ફોજદારી ગુનેગાર આપવા લેવા.

पुनरावर्त्त माटे प्रश्न.

(૩૪) ગોવિંદરાવ મહારાજના પછી ગાદીયે કોણ બેઠું અને તેમના વખતમાં કયા માણસને કેદ કરી રોટીયાના ડુંગર ઉપર મોકલી દીધો? (૩૫) રાવજી આપાજીને સુરત જવાની કેમ જરૂર પડી? (૩૬) ગાયકવાડ સરકાર સામે મલ્હારરાવ શાથી થયો અને તેથી તેમને કોની મદદ માગવી પડી? (૩૭) ઈંગ્રેજ સરકારે કયા અમલદારને કેટલા માણસો લઇ ગાયકવાડની મદદે મોકલ્યો હતો? (૩૮) મેજર વાકર સાહેબનો આવકાર કરવા માટે ફોજ વગેરેની ગોઠવણનું વર્ણન કરો? (૪૧) ગાયકવાડી રાજ્યની અવ્યવસ્થાનું વર્ણન કરો? (૪૨) આનંદરાવ મહારાજના વખતમાં આરબોનું જોર કેટલું હતું તેનું બયાન કરો? (૪૩) આરબોને ચઢેલો પગાર આપવા માટે કોણે રૂપીઆ ધીર્યા હતા? (૪૪) ગંગાધરશાસ્ત્રીને શાથી પુને જવું પડ્યું અને જવાથી શીશી બીનાં બની હતી તે કહો?

प्रकरण ५ मुं.

૪૫. આનંદરાવ મહારાજ સને ૧૮૧૯માં કૈલાસ વાસ થયા ત્યારે તેમના ભાઇ શિયાજીરાવ મહારાજ ગાદીયે બેઠા. એ મહારાજ ગાદીયે બેઠા એટલે ઈંગ્રેજ સરકારને વ-

ડોદરાના રાજકારભાર ઉપર ઘણી કાળજી રાખવી પડતી હતી તે કાઢી નાંખવાનો વિચાર કર્યો, અને એવું †ઠરાવ્યું કે ગાયકવાડ સરકારે બાંહેધરીદાર દીવાનો, ખંડીયાની કબૂનાતો તથા શાહુકારોના કોલ માન્ય રાખવા. વળી તેમજ અગાઉ સને ૧૮૦૩ માં આરબ લોકોને રજા આપવામાં શાહુકાર લોકોએ ઇંગ્રેજ સરકાર પાસેથી જે કબૂનાતો લીધેલી તેમાંની એક એ જે વડોદરાના શાહુકારોએ ગાયકવાડ સરકારને જે નાણાં ધીર્યાં હતાં તે ભરાવવા તથા રાજમાં તેઓને કાંઈ હરકત હેલો ન કરવા બદલની આરબોને ઠેકાણે ઇંગ્રેજ સરકારની જામીનગીરો દાખલ કરાવી લીધેલી તે શિવાય ગાયકવાડ સરકારની ભીડ ઓછી કરવાને જે કાંઇ બીજા નાણાં ધીરવામાં આવે તેમાં જે ઇંગ્રેજ સરકારની જામીનગીરી દાખલ કરાવેલી હોય તે પણ પાળે. સને ૧૮૨૦ માં ગાયકવાડ સરકારને કુલ દેવું એક કરોડ રૂપીઆનું થઇ ગયુ હતું. એ દેવું કાઢી નાંખવા માટે છ મુખ્ય શાહુકારોને ત્યાંથી ઇંગ્રેજ સરકારે પોતાની જામીનગીરીથી અપાવ્યા, અને તે દેવાને પેટે ગાયકવાડ સરકારે દર વરસે પંદર લાખ રૂપીઆ આપતા રેહેવું. એ કિસ્ત બરાબર ભરાતી ન હોતી, તેથી સને ૧૮૨૫ માં ઇંગ્રેજ સરકારને માલમ પડ્યું કે કરજ તો વધી ગયું છે, તેથી તેમણે બીજો ઠરાવ એવો ઠરાવ્યો કે કરજ ફીટાડવા માટે કેટલાંએક ગામ અમોને ઇજારે આપવાં. પણ એ વાત શિયાજીરાવ મહારાજે કબૂલ કરી નહીં. તે ઉપરથી તથા જામીનગીરી પણ કાઢી નાંખવામાં આવવાની નથી તે ઉપરથી સને ૧૮૨૮ માં પેટલાદ, કડી, વ્યારા, ડભોઈ, સંખેડા, બાધરપૂર, શિનોર, અમરેલી, દામનગર, શિયાનગર, કા-

---

† કોલ કરાર અંક ૭૫ માં જુઓ.

ઠિયાવાડ ઈલાકામાંનાં, મહિકાંઠા ઈલાકામાંનાં ને રેવાકાંઠા ઈલાકાંમાંના સંસ્થાનોની તથા રાજપિપળા અને ઉદેપૂરની ખંડણી ઉપર થોડાંક વરેસ સુધી જમિ મૂકી. અને ૧૮૪૨ માં શાહુકારોને તથા ગાયકવાડ સરકારને માંહોમાંહે સમજાવીને ઈંગ્રેજ સરકારે પોતાની જામીનગીરી કાઢી નંખાવી, અને ખંડણી તથા ગામો ગાયકવાડ સરકારને પાછાં સોંપ્યાં.

૪૬. ઈંગ્રેજી રાજ્યની હદમાં થઈ આવતા અફીણ ઉપર શેરે બાર રૂપીઆ લેખે જકાત લેવાનો ઠરાવ હતો. તે ઠરાવ પ્રમાણે ન કરે તો અગાઉના વખતમાં તે લાવવા દેવાની બંધી હતી. માટે વેચવાનો ભાવ કબૂલ કરી તે વિશે †ઠરાવ કર્યો. ત્યાર પછી તરતજ બીજો *ઠરાવ એવો થયો કે ગાયકવાડ સરકારે ઈંગ્રેજ સરકારની પરવાનગી વિના મહિકાંઠા અને કાઠિયાવાડમાં સ્વાર મોકલવા નહીં તથા ઈંગ્રેજ સરકારે ગાયકવાડને માથે ખર્ચ પડવા ન દેતાં ખંડણી ઉઘરાવી આપવાનું કબૂલ કર્યું. તેથી ઈંગ્રેજ સરકારને મધ્યસ્થ રાખ્યા વિના ખંડણીની તાકીદ ગાયકવાડ સરકારે કરવી નહીં, એવું પોતે કબૂલ કર્યું. બાળ હત્યા બાબતના ફંડમાં ગાયકવાડ સરકાર મુકરર ઠરાવ ઉપરાંત જે વસુલ આવે તે તથા કાઠિયાવાડમાંથી જે દંડ વસુલ થાય તે આપવાને §કબૂલ થયા. પવનના તોફાન વિગેરેથી કાઠિયાવાડમાંનાં પોતાના તાબાનાં બંદરોમાં જે વાહાણ ઘસડાઈ આવે તે ઉપર શી જકાત લેવી તે બાબતનો ‡ઠરાવ સને ૧૮૪૪ માં કર્યો.

૪૭. અગાઉની એક સલાહ નામાની કલમ ૮માં એમ હતું કે ગાયકવાડ સરકારે ત્રણ હજાર હુંશિયાર સિબં-

† કોલ કરાર આંક ૭૬. *કોલ કરાર આંક ૭૭ મો.
§કોલ કરાર આંક ૭૮મો. ‡કોલ કરાર આંક ૭૯મો.

દી કુમકમાં રાખવા. આ સિબંદીનું કામ નહીં પડતું ત્યારે એમની પાસે નોકરી કરાવવાનો હક ઈંગ્રેજ સરકારને નહોતો તોપણ રીવાજ એવા થઇ પડ્યો હતો કે બંડીયા રાજ્યોમાં તેમને વારે વારે પોલીશની જગોએ કામમાં લેતા, એ લશ્કર ઘણું ના કૌવત જણાયું માટે ગાયકવાડ સરકાર ઉપર તગાદો થયો કે એ તૃત્યાંશ લશ્કર નોકરીમાં લાયક થાય એવું તૈયાર કરી આપવું. તેમ કરવાને શિયાજીરાવ મહારાજે ના પાડી. તે ઉપરથી તેઓને વખતે વખતે પગાર મળે જાય માટે પંદર લાખ રૂપિઆની ઉપજનો મુલક જપ્ત કરી દીધો. તે ઉપરથી સરકારે [1]દશ લાખ રૂપિયા ઈંગ્રજ સરકારને ત્યાં અનામત રાખવા કબૂલ કરી તે જપ્ત થયેલો મુલક પાછો લીધો. એ થયા પછી બીજા વરસમાં ગાયકવાડ સરકારે ઈંગ્રજ સરકારની સામે કેટલાંક દુશ્મનાઈનાં કામ કર્યાં, તેથી તેઓની મિત્રાઈમાં ખલેલ પહોંચ્યું અને પેટલાદ પરગણું કે જેની ઉપજ સાત લાખ બત્રીશ હજારની આવતી હતી, તે જપ્ત કરી દીધું. વળી શિયાજીરાવને ગાદીયેથી ઉઠાડી બીજા કુટુંબના માણસને રાજા કરવાની ધમકી આપી. પેટલાદની ઉપજમાંથી "શોકંદરી" સવારની પલટણ ઉભી કરી. ત્યાર પછી સરકારે પંદરસે સારા માણસનો રિસાલો રાખવો એવી ફરમાશ થઈ. પણ એ ફરમાશ આગલા સને ૧૮૧૭ ના તહનામા ઉપરથી નહોતી થઈ. કેમકે ગાયકવાડ સરકારની વર્ત્તણુંકથી તે ધોરણ તો તુટી ગયું હતું, અને ઘણાં વરસ થયાં પોતે અણબનાવ રાખતા હતા. માટે આ બાબતમાં તેમણે ખૂબ વાંધો લીધો, તેથી આગલું સને ૧૮૧૭ નું ‡તહનામું તાજું થયું. તેમાં એમ ઠ-

૧ કોલ કરાર અંક ૮૧ મો ‡કોલ કરાર અંક ૮૨ મો.

ઠર્યું કે ત્રણ હજાર રિસાલાના સ્વારના ખર્ચને પેટે ગાયક-
વાડ સરકારે ત્રણ લાખ રૂપીઆ આપવા, અને તે રિ-
સાલો ખંડિયા મુલકમાં નોકરી બજાવે. વળી ગાયકવાડ સ-
રકાર હરકોઈ વખતે એ રિસાલો કમી કરી પંદરસેં માણસો
પણ રાખી શકે. એ કબૂલાત પૂરી થએથી પેટલાદ પાછું
આવ્યું અને અગાઉ જે સને ૧૮૩૨ માં દશ લાખ રૂ-
પીઆ અનામત મૂકયા હતા તે ગાયકવાડ સરકારને મજરે
મળ્યા. આ મહારાજાના વખતમાં સતી થવાનો ચાલ
નિકંદન થયો.

पुनरावर्त्त माटे प्रश्न.

(૪૫.)આનંદરાવ મહારાજ પછી ગાદીએ કોણ બેઠું અને
તેમના દેવા બદલનું કિસ્ત ન ભરાયાથી શું શું જપ્ત થયું
હતું? (૪૭) અંગ્રેજ સરકારે પંદર લાખનો મુલક સાથે જ-
પ્ત કર્યો અને તે કયારે પાછો મળ્યો?

प्रकरण ६ ठुं.

૪૮. મહારાજા શિયાજીરાવ સને ૧૮૪૭માં પડ્યા ત્યા-
રે તેમની ગાદીએ તેમના વડીલ પુત્ર ગણપતરાવ મહારાજ
બેઠા. એમના દીવાન ભાઉતાંબેકર થયા. તે ઘણા હુંશિ-
યાર હતા. તેને અને રેસિડેન્ટ કર્નલ આઉટરામ સાહેબને
બનતી રાસ આવતી નહોતી તથા બીજી રાજકીય ‡ખટ-
પટ ઘણી ચાલી, તેથી તે બંને વચ્ચે ઘણી તકરાર ઉઠી.

‡ એને લગતી તમામ હકીકત પાર્લામેન્ટરી બ્લ્યુ બુકો
તથા બોમ્બે એન્ડ બેરોડા ખટપટનાં પુસ્તક જુએથી મા
લમ પડશે.

માટે મુંબાઇના ગવરનર લાર્ડ ફાકલન્ડ સાહેબે કર્નલ આઉટરામને રેસિડેન્ટના હોદ્દા ઉપરથી દૂર કર્યા. તે વિલાયત ગયો ને ત્યાં તેણે ઘણી તકરાર કરી તેથી છેવટે સને ૧૮૫૩માં એવું થયું કે ગાયકવાડ સરકારના રાજ્યનો સંબંધ જે મુંબાઈ ઇલાકા સાથે હતો તે તોડીને બંગાલા ઇલાકા સાથે કર્યો. એટલે મુંબાઇ સરકારે વડોદરાના રાજ્યમાં હાથ ઘાલવો નહીં. એવું થોડાંક વરસ સુધી ચાલ્યું. પણ જ્યારે હિંદુસ્તાનમાં બલવો થયો ત્યારે હરેક કામ બંગાલે લખ્યાં જવાબ મંગાવતાં ઘણી ઢીલ થવા માંડી તેથી વારે વારે ઘણી હરકતો નડી. સબબ તે વહીવટ ફેરવી પ્રથમ જેમ હતું તેમ કર્યું એ મહારાજાને એકે છોકરો નહોતો. એમના વખતમાં સને ૧૮૪૯ માં એવી બંધી થઈ કે કોઇએ છોકરૂં વેચવું નહીં. તેમજ સને ૧૮૫૬માં કોઇ ગુલામ વેચે અગર ખરીદે નહીં એવી બંધી થઇ.

૪૯. મહારાજા ગણપતરાવ ગાયકવાડ સને ૧૮૫૬માં કૈલાસવાસી થયા. ત્યાર પછી સને મજકુરમાં તેમના ભાઈ આપાસાહેબ ઉર્ફે ખંડેરાવ મહારાજ ગાદીયે બેઠા.

૫૦. સને ૧૮૫૭માં હિંદુસ્તાનમાં જે બળવો થયો હતો, તેનો કાંઇક પ્રકાશ ગુજરાતમાં પણ થયો. અમદાવાદમાં ગ્રેનેડીઅર પલટણમાંના કેટલાક માણસોએ શેહેરમાં લૂંટવાનો નિશ્ચય કર્યો. પણ તેઓ પકડાયા, તેથી તેમાંના છ જણને તોપને મોડે બાંધી ઉડાડી મૂક્યા, છ જણને ગોળી બારથી માર્યા. છ જણને ફાંસીએ દીધા; બાકીના તમામ ગુનેગારને કાળે પાણીએ મોકલ્યા. એવું પણ કહેવામાં આવેછે કે તે વખતે ગાયકવાડ સરકારના ફટાઇયા બાપુ સાહેબ કે જે અમદાવાદ શેહેરની પાસે છાવણી નજીક કેદ હતા, તેમની શીખવણીથી એ પલટણવાળાઓએ બંડ

કર્યું. એ વાત ગમે તેમ હોય પણ એટલું તો ખરૂં કે બા-પુ સાહેબને ત્યાંથી સુરત મોકલવામાં આવ્યા. એ વખતે ઇંગ્રેજ સરકારના રસાલાવાળાએ પણ દાન બોલવાનો સંકેત કર્યો હતો, તેઓ પણ પકડાયા અને માર્યા ગયા નહીં એટલામાં તો એવી વાત ચાલી કે ઇંદોરવાળી બાઇજા બાઇ ઇંગ્રેજ સરકારની સામે થઇ છે, અને પંદર હજાર ફોજ લઇ ગુજરાતમાં આવે છે. એ વાત પણ પાયા વગરની નહોતી. કેમકે તેના દીકરા સાથે તેને અણબનાવ હતો, ને તે ઇંગ્રેજ સરકારની મદદમાં હતો. એ બાઇ ઘણી માથા ફરેલ હતી. તેને પૂર્વના બંડ સાથે કાંઇક સંબંધ હોય એમ સંભવતું હતું. એ જે કામ કરતી તે પડદેથી કરતી અને ઘણી બાહાદૂર કહેવાતી હતી, પણ પોતાની ધારણા પાર પાડયા પેહેલાં પોતે મરી ગઇ. એ વખતે ગુજરાતનાં મોટાં મોટાં શેહેરોમાં ઘણો ગભરાટ ઉઠી રહ્યો હતો. એ બળવા વખતે મહારાજા ખંડેરાવ ગાયકવાડે પણ ઇંગ્રેજ સરકારની સાથેની દોસ્તીના હકમાં ઘણીજ કિમતી અને તારીફ કરવા લાયક મદદ કરવાથી નામદાર હિંદુસ્તાનની સરકારે તેમને સર, કે, સી. એસ, આયનો માનવંતો ઇલિકાબ અને મોરછિલ ઇનાયત કર્યાં; અને ઓગણીશ તોપોને બદલે એકવિશ તોપનું માન મળવા લાગ્યું.

૫૨. આ ઉપર લખેલું બંડ પૂરૂં થયું નહીં, એટલામાં ગાયકવાડી રાજના વિજાપૂરનામે ગામનો રેહેવાશી મમન નામે એક વાણીઓ હતો, તેણે વડોદરાના કોઇ નાહાલચંદ નામે જવેરી સાથે બંડ કરવાની મસલત કરી. ગુજરાતના ઉત્તર ભાગમાં જે મેહવાસ છે, ત્યાંના કોળી લોકોને ઉશ્કેરી એકઠા કરવા માંડયા. તેમના સામી ઇંગ્રેજ સરકારની ફોજ ગઇ, અને કોઇ પણ લઢાઇ થયા શિવાય

તેના આગેવાન લોકો પકડાયા. તે લોકો ગાયકવાડ સરકારના મુલકના હતા. તેથી તેમની તજવીજ કરવાને પંચમાં બેસવા સારૂ ગાયકવાડ સરકારની તરફથી તેમના ન્યાયાધિસ ત્રિંબકરાવ શાસ્ત્રી ગયા. કેટલાક દિવસ સુધી તેમની તજવીજ થયા પછી તેમાંના જે ગુનેગાર ઠર્યા, તેમને વિજાપૂર આગળ તોપને મોડે બાંધી ઉડાડી મૂકયા.

૫૨. હવેથી તોફાન થતું અટકાવવા સારૂ સરકારે કાયદો ઠરાવી હિંદુસ્થાનના લોકો પાસેથી હથિયાર લેવાં શરૂ કર્યાં. જ્યારે સને ૧૮૫૮માં ગુજરાતમાં હથિયાર લેવા માંડ્યાં, ત્યારે જ્યાં ઊંચ વરણના લોકો વસતા હતા, ત્યાં લેવાને ઘણી મુસ્કેલી પડી નહીં. પણ મેહવાસના ભીલ લોકોનાં હથિયાર લેવાની વાત જ્યારે તે લોકોના જાણવામાં આવી, ત્યારે કેટલાએકે વગડામાં જઈ હથિયાર સંતાડ્યાં, કેટલાકે ઘરમાં ડાટ્યાં, કેટલાકે સારાં સારાં રાખી નઠારાં આપ્યાં, કેટલાકે ભાગી નાંખ્યાં અને કેટલાક તો તેમના બાપ દાદાની હિંમત પકડી બેઠા કે આપણે તો હથિયાર આપવાંજ નથી. તે ઉપરથી જણાયું કે તોફાન થશે માટે ઈંગ્રેજ સરકાર સાથે કેટલીક કરેલી સમજુતી પ્રમાણે મહારાજા ખંડેરાવ કેટલીક ફોજ લઈ અમદાવાદ ગયા, અને ત્યાંથી કેટલીક પોતાની અને કેટલીક ઈંગ્રેજ સરકારની ફોજ મેહવાસમાં ગઈ ને તમામ હથિયાર લીધાં. હથિયાર પૂર્ણ રીતે લેવાયાં નહીં. કારણ કે ઉપર લખ્યા પ્રમાણે સંતાડવામાં આવ્યાં હતાં. કાઠિયાવાડનાં તો મુદલ લેવામાં આવ્યાંજ નથી, કેમકે ત્યાંના પોલિટિકાલ એજંટ લાંગ સાહેબે સરકારને એવું કહ્યું કે કાઠિયાવાડના લોકો તરફથી બંડ થવાને લગીરે ધાસ્તી ન રાખવી.

૫૩. સને૧૮૬૬માં એક એવી વાત બની કે ગાયકવાડ સરકારના દરબારમાં હામુમીઆંજામુમીઆં કરી મુસલમાન ઉમરાવ હતા.તેઓએ આગળ ગાયકવાડ સરકારની ચાકરી સારી બજાવેલી તેથી જામુમીઆંને એરાળું પરગણું બક્ષિસ આપેલું છે. તે જામુમીઆંના વંશમાંના કોઇક જુવાન પુરૂષ ઉપર મહારાજાને કાંઇ વેહેમ આવવાથી તેના મળતીયા માણસોમાંથી એકને હાથોને પગે બાંધીને, બીજાને ગધેડા ઉપર બેસાડીને અને ત્રીજાને તરવારને ઝટકે ઘણી બુરી હાલત કરી મરાવી નંખાવ્યા. આ પ્રમાણે ઘાતકી શિક્ષા કર્યાથી આખા મુંબાઇ ઇલાકામાં પોકાર ઉઠયો, અને એ વાત છાપાવાળાએ આખી પૃથ્વી પર ફેલાવી દીધી. છેવટે બંગાળાની સરકારે મુંબાઈ સરકારની મારફતે લખી જણાવ્યું કે ગાયકવાડ સરકારે એવી સજા કરવી દુરસ્ત નહીં; અને સલાહ આપી કે આયંદે એવું ન થવું જોઇએ.

૫૪. એ મહારાજાના વખતમાં ગોવિંદરાવ પાંડુરંગ રોડે દીવાન રાજકીય કામમાં ઘણા કુશળ હતા, તે ઉપરથી રાજ્યની સર્વ વ્યવસ્થા સારા પાયા ઉપર ચાલવા માટે દીવાની, ફોજદારી, મુલકી, રેવેન્યું, સરવે તથા ઇનામ કમિશન ખાતાં કાઢયાં, અને કાયદા સારી રીતે બાંધ્યા, તેજ કાયદા આજ દીન સુધી ચાલેછે. એ દીવાન પોતાની કારકિર્દિમાં વાજબી કામ કરનાર તથા બોલનાર ચાલનાર હોવાથી તેની તથા નારાયણ ભાઉ સિંધે કે જે મહારાજાના ઘણા પ્રિય હોવાથી એક હલકી પાયરી ઉપરથી મોટા સેનાપતિના હોદા ઉપર આવેલા તેની વચ્ચે અંદરખાનેથી ખટરાગ ઉત્પન્ન થયો. ભાઉ સિંધેને દીવાન બનાવવાની સરકારની ઇચ્છા હતી, તેથી કેટલીક

રાજકીય ખટપટ ચાલતી પણ તે ભાઉ તાંબેકર અને કર્નલ આઉટરામના જેવી નહીં. એનું પરિણામ એજ થયું કે ગોવિંદરાવ રોડ્યા ઘેર બેઠા, અને નારાયણ ભાઉ સિંધે દીવાન થયા. તેજ વખતથી મરેઠાને દીવાન કરવાનું પ્રબળ ગાયકવાડી રાજ્યમાં થયુ. સને ૧૮૬૭.

૫૫. એ મહારાજાને સાઠમારી અને કુસ્તીનો શોખ ઘણો હતો. એમને પોતાને અત્રેની હવા, પાણી માફક નહીં હોવાથી શેહેરથી આશરે ગાઉ ત્રણેકને સુમારે મકરપરા ગામે પોતાને રહેવા માટે સારા સારા મકાન બંધાવ્યાં ત્યાં રહ્યા. રાજકીય કામકાજ ત્યાં ચલાવતા હતા. વળી રાજધાની કરવાનો વિચાર પણ ત્યાંજ હતો. પણ તે કેટલાક કારણસર પાર પડ્યો નહીં.

૫૬. એ મહારાજાને પોતાના ભાઈ દાદાસાહેબ ઉર્ફે મલ્હારરાવ સાથે કેટલાંક કારણોથી ઘણોજ અણબનાવ થયો હતો. તેથી પોતે જીવ્યા ત્યાંસુધી પોતાના ભાઇને પાદરે નજર કેદ રેહેવું પડ્યું હતું. એ ઘણા આગ્રહી અને આપ ખુદી સ્વભાવના હતા, અને કયા ધર્મ ઉપર એમનું વલણ હતું તે કંઇ સમજાતું નહીં હતું. પોતે હિંદુ છતાં મક્કે મોકલવાની હીરા, મોતી ને જવાહીરની લાખો રૂપીઆ ખરચી એક ચાદર તૈયાર કરાવી હતી. પણ દૈવ યોગે એકાએક કાળ હોવાથી મનના મનોરથ મનમાંજ રહ્યા. એમના વખતમાં દત્તક લેવાનો સનંદ ગવરનર જનરલ કર્નાક સાહેબે ઇનાયત કરી.

૫૭. એ મહારાજા સને ૧૮૭૦ માં પોતાનું રાજપાટ, દોલત અને સ્નેહીયોને છોડી પોતે પરલોકે વાસ કર્યો. આ વખતે લિંબાજીરાવ ઢોળે સેનાપતિ કે જે §એકિટંગ

---

§ ભાઉસિંધેને બ્રિટિશ સરકારની સમત્તિથી કેટલાંક મુદત થયે દીવાનગીરી ઉપરથી દુર કર્યા હતા.

દીવાનનું કામ કરતા હતા. તેમણે મહારાજાના પડવાના સમાચાર બ્રિટિશ રેસિડેન્ટ કર્નલ બાર સાહેબને જાહેર કર્યા. વળી તે સાથે એમ ફરમાશ કરીકે બીજા મહારાજાની દપાઇ ફેરવ્યા શિવાય કૈલાસવાસ લાસને આખર મજલે પહોંચાડાય નહીં, એવી રીતછે. તેથી મહારાજા મલ્હારરાવને પાદરેથી બોલાવવાની પરવાનગી મળી.

पुनरावर्त्त माटे प्रश्न.

(૪૮) શિવાજી મહારાજ પછી ગાદીએ કોણ બેઠું અને તેમના વખતમાં શી બીના બની તે કહો? (૪૯) ખંડેરાવ મહારાજ ક્યારે કોના મરણ પછી ગાદીયે બેઠા? (૫૦) ખંડેરાવ મહારાજાને ૧૮૫૭ ના બળવામાં ઘણી કિંમતિ મદદ કરવાથી ઇંગ્રેજ સરકારે તેમને શું શું ઇનાયત કર્યું? (૫૧) મગનના બંડની પૂરે પૂરી વાત કહી જાઓ! (૫૨) ઘાતકી શિક્ષા કરવાની મનાઇ ક્યારે થઇ? (૫૪) ખંડેરાવ મહારાજના દીવાન કોણ હતા અને તેમને કયા કયા કાયદા બાંધ્યા હતા? (૫૫) ખંડેરાવ મહારાજને ઘણો શોખ શાનો હતો અને તેઓ શાથી મકરપરે રહેવા ગયા? (૫૬) ખંડેરાવ મહારાજના મરી ગયાના સમાચાર રસિડેન્ટને કોણે કહ્યા તથા તેને બીજી શી ફરમાશ કરી હતી?

प्रकरण ७ मुं.

૫૮. જે તારીખે મહારાજા ખંડેરાવ કૈલાસવાસ થયા તેજ તારીખે મલ્હારરાવ મહારાજનું પાદરેથી આવવું થયું. અને બ્રિટિશ રેસિડેન્ટના હુકુમથી અસ્મતપન્હા મહારાણી જમનાંબાઇ સાહેબને આશા હોવાથી રાજનું કામ

કાજ મલ્હારરાવ મહારાજ રીજન્સી તરીકે ચલાવતા હતા. પછી જમનાં બાઇ સાહેબને પુત્રી આવવાથી સને ૧૮૭૧ માં એ મહારાજ ગાદીયે બેઠા.

૫૯. એ ઉદાર અને દાનેશ્વરી હતા. એમણે એજ્યુકેશન ખાતું ઉભું કર્યું અને કેટલાક કુવા તથા વાવો વગેરે સુધારાના કામ કરાવ્યાં. તેમજ ધર્માદાના, દેવસ્થાનનાં વર્ષાશન કે જે ભાઉસિંધેના વખતમાં બંધ થયાં હતા, તે પણ ચાલતાં કર્યાં; પરંતુ એમના રાજ્યના કામની અવ્યવસ્થા થતી ચાલી તેથી લોકોને ઈનસાફ ઝટ મળે નહીં એવું થયું તેથી રૈયત અને સરદારોએ કંટાળી લાચાર થઇ આખરે બ્રિટિશ સરકારનો આશ્રય માગ્યો. તે વખતે રેસિડેન્ટના હોદ્દા ઉપર કર્નલફેર સાહેબ હતા. તેમણે એ લોકોની ફરિયાદ ખરીછે કે ખોટી તે તથા રાજ્ય સારા પાયા ઉપર કેવી રીતે ચાલવું જોઇએ તે નક્કી થવા વડી સરકારમાં જાહેર કરતાં સને ૧૮૭૩ માં એક કમિશન બેઠું. તેના પ્રમુખ કર્નલ મીડ સાહેબે સઘળો હેવાલ બ્રિટિશ સરકારમાં લખી જણાવ્યાથી બ્રિટિશ સરકારે મહારાજાને સઘળી રીતે પોતાનું રાજ્ય સુધારવાને અઢાર માસની મુદત આપી, અને તેમાં એવું ઠરાવ્યું કે જો એ મુદતની અંદર જોઇએ તેટલો સુધારો નહીં થાય તો તેનું પરિણામ બૂરૂ નીપજશે.

૬૦. મલ્હારરાવ મહારાજના કાનપર ચારે તરફથી એવી ખબર આવવા લાગી કે રાજકારભાર નહીં સુધરે અને સારૂ કામ કરનારા નહીં રાખે તો ગાદી ઉપરથી ખસેડવામાં આવશે. તે ઉપરથી પ્રખ્યાત પ્રોફેસર દાદાભાઈ નવરોજજીને પોતાના દીવાન નિમ્યા. તેથી મિ૦ દાદાઈએ રાજ્યની સ્થિતિ પોતાના સુધરેલા વિચાર પ્રમાણે ચાલવા

માટે મિ૦ બાલા મંગેશ વાગલે, હોરમસજી અરદેશર વાડિયા, કાજી સાહબુદ્દીન અને પેસ્તનજી જ્હાંગીરજી એ લોકોને બોલાવ્યા. તેઓને લાયકના હોદ્દા તેમના સ્વાધિન કર્યાં. આ પ્રમાણે થવાથી કામ કાજનો રસ્તો અને ન્યાય શું છે તે લોકો સમજવા લાગ્યા, પણ પ્રથમની રાજકારભાર કરનારી મંડળીનું જોર ઘણું હેવાથી એ લોકો કંટાળી રાજીનામાં આપીને વિદાય થયા. તેમાં મિ૦ પેસ્તનજી સરકારની મારફતે આવેલા તે રહ્યા. એમ થવાથી મહારાજાએ બીજા લાયકીવાળા અમલદારો રસિડેન્ટ સાહેબની મારફતે બોલાવવા બાબત લખાણ કર્યું.

૬૧. મહારાજા તથા બ્રિટિશ સરકારના રેસિડેન્ટ કર્નલ ફેર સાહેબને ઘણા દિવસથી અણબનાવ ચાલ્યો આવતો હતો. આખરે મહારાજાના લખવાથી બ્રિટિશ સરકારે એ રેસિડેન્ટને દૂર કરી તેની જગોએ સર લુઈ પેલી સાહેબની નિમણુક કરી. એ નવા સાહેબ આવી પહોંચતાની અવલ કર્નલ ફેર સાહેબને ઝેર દેવાની ઉસ્કેરણી કર્યા બાબતનું તોહોમત મહારાજા ઉપર આવવાથી તે તોહોમતમાંથી મુકત થતાં સુધી તેમને બ્રિટિશ સરકારે તા૦ ૧૪ મી જાન્યુઆરી સને ૧૮૭૫ ને રોજ બ્રિટિશ રેસિડેન્ટના કાંપમાં નજર કેદ રાખ્યા, અને રેસિડેન્ટને કમિશનરનો હોદ્દો આપી વડોદરાની સઘળી રાજ સત્તા સોંપી. મહારાજાની પુરી રીતે તપાસ થવા સારૂ ત્રણ દેશીઓ અને ત્રણ યુરોપિયન સારા અધિકારીયોનું એક કમિશન ઠરાવ્યું. એ કમિશનનું કામ આશરે એક માસ ચાલ્યું. તેના પ્રમુખ કોચ સાહેબનો કમિશનરોના અભિપ્રાય સાથેનો રીપોર્ટ બ્રિટિશ સરકારમાં જતાં તે સરકારનો છેવટનો ઠરાવ સને ૧૮૭૫ ના એપ્રિલ માસની ૨૨ મી તા-

રીએ બહાર પડ્યો, તે ઉપરથી મહારાજા મલ્હારરાવને એકદમ સ્પેશિયલ ટ્રેનની મારફતે મદ્રાસ મોકલી દીધા. શેહેરમાં શાંતિ રહેવા કાજે બ્રિટિશ સરકારના ઠરાવનાં જાહેરનામાં ઠેક ઠેક તુરતજ ચોઢવામાં આવ્યાં.

૬૨. તારીખ ૨૮ મી એપ્રિલને રોજ મહાજનના કેટલાક લોકો તથા પોલીસના સિપાઈઓમાં કંઇક નજીવી તકરાર થઇ. એ તકરારનો લાભ ગામના કેટલાક લુચ્ચા લોકોએ લઇને મલ્હારરાવના પાર્વતિ બાઇથી થએલા છ માસના દીકરાને જીયાજીરાવ નામ આપીને ગાદીયે બેસાડ્યો અને દરવાજા બંધ કર્યા. પણ એટલામાં તેની અંદર લસ્કરની મદદ આવી પહોંચવાથી હુલડખોર લોકો વિખરાઇ ગયા. અને દરવાનોએ દરવાજા ઉઘાડ્યા. આ ગરબડ થવામાં મલ્હારરાવની રાણી માલસાબાઈ તથા પાર્વતિ બાઇ નામની બે રાણીઓનો પણ હાથ છે એવું બ્રિટિશ સરકારને માલમ પડવાથી તે રાણીઓને એમના કુંવર સાથે તાબડતોબ મલ્હારરાવ મહારાજ પાસે મોકલી દીધાં.

૬૩. ઉપર લખ્યા પ્રમાણે તોફાન થયા પછી કેટલેક દિવસે મહારાણી જમનાંબાઇ સાહેબ પુનેથી વડોદરે પધાર્યાં. ત્યાર પછી તારીખ ૨૭ મી મે સને ૧૮૭૫ને રોજ બ્રિટિશ સરકારની સલાહાથી અસ્મતપન્હા જમનાં બાઈ સાહેબે કાશીરાવ ગાયકવાડના આશરે બાર વર્ષની ઉમરના દીકરા ગોપાળરાવને દત્તક લઈ શિયાજીરાવ નામ આપીને ગાદીએ બેસાડ્યા. એ મહારાજાના દિવાન કે, સી, એસ, આય, સરટી માધવરાવ સાહેબ છે.

પુનરાવર્ત્ત માટે પ્રશ્ન.

(૫૮) મલ્હારરાવને રીજન્સી તરીકે કામ કેમ ચલવવું પડયું તા. તે ગાદીયે કયી સાલમાં બેઠા? (૫૯) અને ૧૮૭૩ની સાલમાં કયા સાહેબનું કમિશન શા વાસ્તે બેઠુ અને તેમાં છેવટ શો ઠરાવ થયો? (૬૦) ગાદી ઉપરથી ખસેડવામાં આવશે એવી વાત સાંભળવાથી મલ્હારરાવે શો બંદોબસ્ત કર્યો? (૬૧) મલ્હારરાવને શા વાસ્તે નજર કેદ કરવામાં આવ્યા અને કયાં? અને ત્યાર પછી શો ઠરાવ શી રીતે થયો તે વિગતવાર કહી જાવ?(૬૨) તા. ૨૮ એપ્રિલ સને ૧૮૭૫ને રોજે વડોદરામાં કજીઆ શાથી કયા લોકોએ કર્યો? અને છેવટ શું થયું? (૬૩) શીયાજી મહારાજને કયારે ગાદી આપી અને તેમનું નામ ને અઆઉ શું હતું?

સંપૂર્ણ.

पुरवणी नंबर १ लो.

प्रकरण ८ मुं.

૧. દામાજી બાવાએ પોતાનાભાઈ ખંડેરાવને હિંમતે બહાદુરનો ઈલકાબ આપીને કડી પરગણાની જે જાગીર આપી હતી, તેના વંશમાં મલ્હારરાવ થયા. તેમની પાસે ફતેસિંગરાવ મહારાજે ગાયકવાડ સરકારના વડા ઘરસાથે રાજ્ય ધર્મ ચાલતો રાખવાનું તથા ચારસેં અસ્વારોની નોકરી લેવાનું. અથવા નોકરીમાં અસ્વારો ન આપે તો દર વરસે તે બદલ રૂ ૧,૨૦,૦૦૦ આપવાનું કબૂલ કરાવી તેના બાપનો હિંમતે બહાદુરનો કિતાબ તેને ધારણ કરવા દીધો હતો. પણ ત્યાર પછી કેટલેક દિવસે પોતે ગાયકવાડ સરકારને ન ગણતાં સ્વતંત્રપણે કારભાર ચલાવવા લાગ્યો.

૨. પ્રધાનરાવજી આપાજીએ ચઢેલી ખંડણી માગી તેથી તથા કાનોજીરાવનું અપમાન અયોગ્યરીત થએલું ઈત્યાદિક બીજાં ખોટાં કારણો બતાવી પોતે ખંડણી આપવાને ના પાડી, ને કહ્યું કે લઢવું હોય તો હું તૈયારછું. તે ઉપરથી તેણે કેટલીક ફોજ એકઠી કરી વિશનગર તથા વિજાપૂરના કિલ્લા જોરાવરીથી લેઇ લીધા, એવા સમાચાર સરકારે સાંભળ્યા. તેથી બાબાજી આપાજીને કેટલીક ફોજ આપી મોકલ્યો. તે અમદાવાદ આગળ સાહીબાગ પાસે છાવણી નાખી પડેલો હતો, ને તેની એક ટુકડી કાળીકાકોટ આગળ પડી હતી. તેમજ મલ્હારરાવે પણ પોતાના તરફ તેની ફોજનો કેટલોક ભાગ રાખી બાકીની હનુમંતરાવને આપી કલોલ આગળ છાવણી નાંખવાને મોકલ્યો હતો. એ બંને પક્ષવાળાઓની નાની

નાની ત્રણવાર લઢાઇયો થઈ તેમાં મલ્હારરાવની જીત થઈ હતી. એવી હાલતમાં છતાં કાનોજીરાવની તરફથી ગજરાબાઇના કામદારે બ્રિટિશ સરકારની મદદ માગી. કારણ કે મલ્હારરાવ એ કાનોજીરાવના પક્ષમાં હતો. તેમજ આનંદરાવ ગાયકવાડ વતી રાવજી આપાજી પ્રધાને પાછલા ચોથા પ્રકરણમાં લખ્યા પ્રમાણે માગી હતી. એ બંને પક્ષકારો વિષે મિ.ડંકન સાહેબે કેટલાંક કારણોથી પૂર્ણ વિચાર કર્યા પછી આનંદરાવ ગાયકવાડને આશ્રો આપવો કબૂલ કરી મેજર વાકર સાહેબને ચારસેં યુરોપિયન સહિત બે હજાર માણસોની ફોજ આપી ગુજરાતમાં જવાને હુકમ આપ્યો. એ સરકારે આગળ ડગલું ભર્યું ન હોત તો જેમ હોલકર અને સિંધિયા સરકારના રાજ્યોની જેવી વલે થઇ તેમ ગાયકવાડ સરકારના વડોદરાના રાજ્યની પણ તેવીજ થાત. પણ તે કામ એકદમ આગળ વધીને એવા નિયમપર આવી ગયું કે તે નિયમ ગુજરાતના સર્વ રાજ્યોનો આગળ ઉપર થવાનો જે સંબંધ, તેનો આધાર થઈ પડ્યો.

૩. સુરતથી બીજી ફેબરૂવારીએ નીકળેલી ફોજ ખંભાતને બારે ઉતરી. તે આગળ (સને ૧૭૭૫ માં) કર્નલ કિટિંગઝના તાબાની ફોજ જે ખુલ્લી જગોમાં પડી હતી તે જાગોએ આવી પડી, અને તેમના ઉપરી અધિકારીને ઉતરવા માટે એક વાડી માંહેલો બંગલો આપ્યો. તેવામાં બાબાજી અને મલ્હારરાવની ફોજ વચ્ચે અનિર્ણિત અને અવ્યવસ્થિત નાની નાની લઢાઇયો થવા લાગી, અને તે સાથે માલ વિનાના કહેણ પણ ચાલવા લાગ્યાં. મલ્હારરાવનું લશ્કર બધું મળી પંદર હજાર હતું. એ લશ્કરમાં શિવારામ નામે એક સરદાર માત્ર દમવાળો હતો. તેની પાસે કવાયત શિખેલા એવું ફોગટનું ડોળ કરનારા સાતસેં હિંદુસ્તાની નોકરો હતા અને ત્રણ-

સેં કે ચારસેં મરેઠા સ્વાર હતા. એક પલટણ "ગોસાંઈની બાપડીનું લશ્કર" એવા નામથી ઓળખાતી હતી, તેનો ઉપરી પાર્કર નામે એક ઈંગ્રેજ હતો. બીજી એક બસેં માણસોની ટુકડી હતી તેનો સરદાર એકજેક્પિ કરીને ફીરંગી હતો. તેણે પોતાની ટુકડીમાં એક સરખો દેખાવ દેખાવાને મેહેનત લીધી હતી. "તેઓ લાલ ડગલા પેહેરતા હતા. શિવાય બાકિના બધાય પોતાને ગોઠે તેવો પોશાક પેહેરતા અને ફાવે તેમ લડતા" એમ પાર્કર તેઓને માટે લખેછે. આ સેળભેળ લશ્કરમાં ઉપર લખ્યાં તે શિવાય બાકી રહેલા સિંધી, પઠાણ, કાઠી અને કોળી હતા. તેમાં કાઠી અને કોળી લોક તો કવચ પેહેરેલા અસ્વાર હતા. તેઓનો ઉપરી ભુપતસિંહ હતો એ શખ્સ નઠારા નામથી પ્રસિદ્ધી પામેલા બંકોડાનો ઠાકોર હતો. તે હમણાં તો મલ્હારરાવની ટોળીનો બહુ નામીચો માણસ થઈ પડ્યો હતો. પણ પ્રથમ તો તેનો કટ્ટો શત્રુ હતો. કાનોજીના રાજ્ય કારભારના વખતમાં કડીના જાગીરદાર ઉપર મોકલવાનું કહીને એ ઠાકોરને વડોદરે તેડાવ્યો હતો. પણ કાનોજીરાવ કેદ થયા, તે વખતે એને પણ કેદ કરવામાં આવ્યો હતો. પરંતુ તેને કાંઈક કારણસર રાવજીએ છોડી મુંક્યો હતો.

૪. તારીખ ૨૨ મી ફેબ્રુવારી સને ૧૮૦૨ સુધીમાં બ્રિટિશ ફોજવાળાએ કાંઈ આગળ પગલાં ભર્યાં નહીં એટલી વારમાં મલ્હારરાવ બારભ કામદારો સાથે કાનોજીરાવને છોડી મુંકવામાં કપટ કાર્ય રમતો હતો. બાબાજી, અંગ્રેજ સરકારે ઢીલ કરી હતી તથા ખંભાતથી રેસિડંટે એક પોતાના વકીલને મલ્હારરાવ તરફ મોકલ્યો હતો તેથી નિરાશ થઈ ગયો હતો. મલ્હારરાવે પોતાની ફોજના માણસોને હથીઆર છોડવાને ના પાડી, તેમજ વિશનગર અને બીજી જગાઓ જે તેણે લઈ

લીધી હતી તે આપી દેવાને ના પાડી હતી. કંઇ પણ બંદોબસ્ત કરતાં પેહેલાં મલ્હારરાવની પાસે એ બંને વાંનાં કબૂલ કરાવ્યા શિવાય ચાલે એમ ન હતું, તેથી મિ. ડંકન જે આ વેળાએ ખંભાતમાં હતો તેણે બાબાજીની ફોજને જઈ મળવા સારૂ પોતાના લશ્કરને આજ્ઞા આપી. મલ્હારરાવને ખબર આપવામાં આવી કે મહારાજાનો જે મુલક તમે ગેરવાજબી રીતે દબાવી પડયાછો તે છોડાવવા માટે અત્રેથી ફોજ રવાના કરવામાં આવીછે. તમે જો મુલક પાછો આપવાને કબૂલ કરશો તો માત્ર સો માણસો લઈ મિ. ડંકન સાહેબને મળવા આવવાની રજા આપવામાં આવશે. એ વિના બીજા કોઈ પણ ઠરાવની તમારે આશા રાખવી નહીં. મેજર વાકર સાહેબ તા. ૨૩ મી માહે ફેબ્રુવારીને દિવસે નીકળ્યા તે માર્ચ મહિનાની તારીખ ૪ થી એ અમદાવાદ પોહોંચ્યા. ત્યાંથી બીજે દિવસે અડાલજ ગયા, ત્યાં સુધી મલ્હારરાવ સલાહનું કેહણ ચલાવતો હતો. પણ તે પ્રમાણે કરવાને તેની મરજી હોય એવી ખાત્રીપૂર્વક સાબીતી ન થવાથી તે પોતાના ભારે સરસામન તથા માંદાં માણસોને મુંકીને કડી તરફ રવાના થયો. તે તારીખ ૧૦ મી માર્ચ સને ૧૮૦૨ ને રોજ બ્રિટિશ ફોજ સહિત કડી મહાલમાં પેઠો. તેની સાથે ગાયકવાડી ફોજ પણ હતી કે જેને તેણે પછવાડે રેહેવા દીધી હતી. જો એમ કર્યું ન હોતતો તેની અવ્યવસ્થિત રીતને લીધે વાંકમાં આવી જાત. મેજર વાકર સાહેબ જે ઠેકાણે છાવણી નાંખી પડેલો હતો, તે ઠેકાણે તેની મુલાકાત લેવાને મલ્હારરાવે પોતાની મરજી જણાવી હતી. તે પ્રમાણે મુલાકાત તો થઈ ખરી પણ તે વખતની સર્વે હકીકત ઉપર નજર રાખતાં સલાહ શાંતીથી તકરાર પતી જાય એવું મેજર વાકર સાહેબને દીસ્યુ નહીં. કારણ કે મલ્હારરાવના મનમાં અવિશ્વાસ અને

દગો હતો એ વાત તે મુલાકાતની વેળાએ હથીઆર સજેલા ઘણાજ માણસો લેઇ ગયો હતો તે ઉપરથી સિદ્ધ થાયછે. ઘોડે સ્વાર અને પાયદળ થઇને બે હજાર કરતાં પણ વધારે માણસ રાખ્યાં હતાં, અને વળી તોપો પણ ત્રણ હતી. છાવણીથી બે માઇલના અંતરે મુલાકાત લેવાને માટે જે ચંદરવો બાંધવામાં આવ્યો હતો ત્યાં આગળ આવવાને પણ ના કહી. પરંતુ બીજા દિવસની સાંજરે મેજર વાકર સાહેબને કેટલાંક કારણ બતાવીને તે તેને મળ્યો. તેણે પોતાની નવી ફોજ કાઢી મુકવાની તથા બ્રિટિશ સરકાર કહે તે સર્વ વાત કબુલ કરવાની પોતાની મરજી જણાવી, પણ એવી રીતે કે પોતાની યોગ્યતા સચવાય એટલા માટે તેના કોઈ વિશ્વાસુ વકીલોની મારફતે ખાનગી રીતે કરાર કરવાને ઇચ્છા જણાવી હતી. તે પ્રમાણે મેજર વાકર સાહેબે તેનું કેહેણ કબુલ કર્યું. તે પછી મેજર વાકર સાહેબે તેની પાસે એવી માગણી કરી કે મહારાજનો મુલક જે તમે જીતી લીધોછે તે તેમને પાછો આપવો, ગાયકવાડની પ્રજામાંના જેઓને કેદ પકડવામામાં આવ્યાછે, તેમને છોડી મુકવા, તેમની પાસેથી લીધેલી રકમ તેમને પાછી આપવી, મહારાજની જે ખંડણી બાકી હોય તે આપવાને વ્યવસ્થા કરવી, લઢાઇનો ખર્ચ આપવો અને હવે પછી સારી ચાલથી ચાલવા માટે જામીન આપવા. એ રીતે સર્વ પ્રકારે મહારાજનું મન મનવવું. વળી તેમજ તેણે પોતાની નવી ફોજને રજા આપવી, હમેશાં રેહેતી હોય તેટલીજ ફોજ કડીના કિલ્લામાં રાખવી, અને તેના નિષ્કપટપણાની મેજર વાકર સાહેબને ખાત્રી થાય ત્યાં સુધી કડીની પાસે છાવણી કરી બ્રિટિશ લશ્કર રેહે તે પણ માગ્યું હતું.

૫. પરંતુ આગળ લખ્યા પ્રમાણે માલમ પડવાથી બ્રિટિશ ફોજને એકદમ કુચ કરવાનો ઠરાવ થયો, અને ગાયકવા-

ગ્રી ફોજને પાછળથી આવવાનું ઠરાવ્યું હતું. મેજર વાકરે તા. ૧૫ મીએ કલોલ આવ્યા ત્યારે ત્યાં કોઇ જોવામાં આવ્યું નહીં, તેમજ મલ્હારરાવના કાંઈ પણ સમાચાર જણાયા નહીં. ત્યાંથી તા. ૧૬ મીએ કડીથી આશરે ત્રણ માઇલને છેટે બુડાસણ નામે એક ગામ હતું ત્યાં ગયા. જ્યારે તેને બ્રિટિશ ફોજ આવી મળી ત્યારે મલ્હારરાવના કેટલાક ઘોડે સ્વાર જોવામાં આવ્યા. તે કંઈ પણ દુશ્મનાવટ બતાવ્યા વિના તરતજ જતા રહ્યા. પછી કડી પાસે એક ઊંચી જગો હતી તેનો કબજો લેઇને છેક ઉંચા ભાગ ઉપર એક તોપ તથા એક ટુકડી રાખી. આવી ઉંચી જગો કબજામાં આવી તેથી આખા કડી ગામનો દેખાવ, મલ્હારરાવની છાવણી, તેની ફોજ ચાલમેલ કરતી તથા મેદાન ઉપર વિખરાઈ જતી તે તમામ મેજર વાકર સાહેબના જોવામાં આવતું હતું. કડીનો કિલ્લો નાનો અને વાંકો ચુકો હતો. તેને ચાર દરવાજા હતા, તેમાં એક ફતેહ નામે દરવાજો હતો. તે દરવાજા આગળ માત્ર એક મોરચો બાંધ્યો હતો ને તેના ઉપર એક તોપ ચ-ઢાવી દીધી હતી. મલ્હારરાવના રેહેવાના કિલ્લામાં એક જગો હતી તે વેગળેથી દેખાતી હતી, પણ તેમાંનો એક મોટો બુરજ તથા ખુલ્લી અગાશીએ મુખ્યત્વે કરીને જણાઇ આવતાં હતાં. તેના ઉપરથી આસપાસના પ્રદેશ નજર તળે આવી શકે એમ હતું. સુમારે બપોરની વખતે મલ્હારરાવની પાસેથી કાગળ લઈ માણસો આવ્યા. તે કાગળમાં એટલી બધી નમ્રતા બતાવી હતી કે કપટ કાર્ય ઢાંકવાનું એક સાધન ઉભું કરવામાં આવ્યું છે એવું મેજર વાકર સાહેબના મનમાં આવ્યું નહીં. તેજ વખતે તે કાગળોના ઉત્તર એજંટ સુંદરજી અને કેપટન વિલિયમ્સ સાથે લખી મોકલ્યા. તેઓને ગયાને તો વિશ મિ-નિટ પૂરી થઇ નહીં અને તેની ફોજની છાવણી આગળ પો-

હોચ્યાએ નહીં એટલામાં તો તેઓને કેદ કરી લીધા ને તોપો નો મારો બ્રિટિશ ફોજ ઉપર ચલાવ્યો. મેજર વાકર સાહેબે ગાયકવાડી સરદારો સાથે થોડીક મસલત કર્યા પછી તેઓને કામ નિમી આપ્યાં ને તેમની સાથે એવો ઠરાવ કરી રાખ્યો કે ફોજે એકદમ ધસારો કરીને શત્રુની ફોજ ઉપર હલ્લાં કરવી. મીરકમાલુદ્દીન પાસે લગભગ એક હજાર ઘોડું હતું તે સહિત બ્રિટિશ ફોજની જમણી બાજુએ રહ્યો અને બાબાજીરાવ, પાયદળ, થોડા ઘોડે સ્વાર અને થોડા ગોલંદાજ લઈને તેની ડાબી બાજુએ રહ્યો.

૯. એ રીતે ફોજની ગોઠવણ થયા પછી સુમારે આઠી કલાકે પલટણ હારબંધ સંગાતે ચાર તોપો સહિત ધીરે પણ સરસ વ્યવસ્થાથી ચાલવા લાગી, અને શત્રુની ફોજને જઈ મળવાને તેની જમણી બાજુએ નમી. જેમ જેમ બ્રિટિશ ફોજ આગળ ચાલવા માંડી તેમ તેમ શત્રુની તોપોનો મારો વધારે ચાલવા લાગ્યો, નઠારા ભાગ્યે કરીને શત્રુએ એવી જગો પસંદ કરી હતી કે ત્યાંથી મારની અસર ઘણી થતી હતી, તોપણ આશરે પાંચ વાગતાં તેની ફોજથી સુમારે અર્ધા માઈલને છેટે મેજર વાકર સાહેબ આવી પોહોચ્યો. ત્યાં આગળથી શત્રુની ફોજ તમામ દેખાતી હતી. તેણે હલ્લો કરવાનો વિચાર જે પ્રમાણે અગાઉથી કરી રાખ્યો હતો તે પ્રમાણે કરવાને તૈયારીમાં હતો એટલામાં તો એવી ખબર જાણવામાં આવી કે બાબાજીની ટુકડી છાવણીથી જરા આગળ ચાલી છે અને તેના આરબ લોકો બ્રિટિશ ફોજની પછવાડે જવાને આનાકાની કરેછે. તેમજ મીરકમાલુદ્દીનને જે બાજુએ રેહેવાને ઠરાવ્યું હતું તે બાજુએ થોડીકવાર સુધી રહ્યા પછી શત્રુના ચઢીઆતા ઘોડાસ્વારના આગળ ટકી શકાવું નહીં, તેથી પછવાડે પડી ગયાછે. ગાયકવાડી ફોજનો અસર કરે એવો

આશરો મળ્યાવિના ધારેલા વિચાર પ્રમાણે કરવાનું મેજર વાકર સાહેબને ઘણું જોખમ ભરેલું લાગવાથી તેને તે વિચાર માંડી વાળવા બાબતની અગત્ય પડી. કેમકે જેમ જેમ તેની તરફ ચાલતો હતો તેમ તેમ શત્રુના મારાથી વધારે દૂર જઇ શક્તો હતો અને તેના ઘોડેસ્વાર જે ઊંચી જગોએ હતા તે જગાએ તેને જઈ પોહોંચવાનું બની આવ્યું હતું. આ ઠેકાણે અંધારૂં થતાં સુધી ફોજ રહી હતી. આવી રીતે ગડબડ થવાથી શત્રુને નુકશાન થયું હતું. તેમજ બ્રિટિશ ફોજને પણ ભારે નુકશાન થયું હતું. કારણ કે એંશીમી પલટણનો લેફટેનન્ટ ક્રિગ અને મ્યાકડોનલ્ડ તથા લોવેલ નામના બે કપ્પટનો માર્યા ગયા હતા. મરાએલા તથા ઘાયલ થએલા એ સર્વ મળી ૨૪૯ માણસ હતાં, તેમાં ૨૫ યુરોપિયન હતા. મેજર વાકર સાહેબને પોતાની પાસે જે ફોજ હતી તેનાથી તાબડતોબ અને ઓચિંતો હલ્લો કરીને લઢાઇનો અંત આણી શકાય એમ લાગ્યું નહીં. માટે મરેઠાની રીત પ્રમાણે કરવાને તેણે નિશ્ચય કર્યો, ને બાબાજીની સલાહ લીધા પછી મોરચો બાંધીને જેમ કિલ્લો બાંધેલું શેહેર હોય તેમ શત્રુની છાવણી ઉપર તેણે જવાને કબૂલ કર્યું. એ વખતે ખંભાતમાં મિ. ડંકને તથા કોંસિલના બીજા અધિકારિયોએ બની શકે તેટલી ફોજ એકઠી કરીને મોકલવાનો પ્રયત્ન કરવા માંડ્યો હતો, તેમજ મુંબાઇથી જે ફોજ મોકલવાને ઠરી હતી તે રવાને થવાને વહાણ ઉપર ચઢી. આ વેળાએ ગોવામાં બ્રિટિશ કમાન્ડિંગ કર્નલ સર વિલિયમ કુલાર્ક નામે હતો, તેને પણ હુકમ કરવામાં આવ્યો હતો કે તમારા તાબાનું યુરોપિયન લશ્કર અને દેશી પાયદળની પલટણ લઇને કડી આગળ બ્રિટિશ ફોજને જઈ મળવું.

૭. કેટલીકવાર સુધી કડી આગળ બેતાલ લઢાઇઓ થઈ, તેમાં સામાવાળા મેજર વાકરના લશ્કર ઉપર નજર રાખી

ગાયકવાડી ફોજના સરદારો ઉપર મુખ્યત્વે કરીને દુશ્મનાવટ જણાવતા હતા. આણી તરફ મેજર વાકર સાહેબના જાણવામાં આવ્યું કે આપણી પાસે જોઇએ એટલો દારૂગોળો નથી તેમજ બાબાજીની ફોજનું તોપખાનું કામે લાગે એવું નથી. વળી તેનું લશ્કર જો કે ખરેખરૂં નાહિંમતવાન નથી, પ્રમાણિકપણા વિનાનું નથી તોપણ જેવી રીતે મલ્હારરાવની ફોજમાં વગર કવાયત શિખેલા પણ પઠાણ, ગોસાંઈ અને કોળીઓ જેઓ શૂરવિર છે, અને તેમનામાં હાંસ છે, તેવી એમના મનમાં હોય એમ લાગતું નથી. તે ઉપરથી તેણે વિચાર્યું કે ગાયકવાડની ફોજની મદદ વિના હલ્લો કરવાનું કામ પાર ઉતારી શકાય એમ નથી. માટે બેહતર છે કે તેમ નહીં કરતાં પોતાનું રક્ષણ કરી બેસી રહેવું. વળી તેજ વેળાએ મેજર વાકર સાહેબ અને મલ્હારરાવ વચ્ચે સલાહનાં કહેણ ચાલતાં હતાં. તેથી પ્રથમ મેજર વાકર સાહેબે ક્યાપટન વિલિયમ્સને કેદખાનાના દુઃખમાંથી મોકળો કરવાને દરખાસ્ત કરી, પણ મલ્હારરાવે પોતાની ભણીની બહુ માગણી કરવા માંડી તેથી તે વાત પડતી મુકી.

૮. સર વિલિયમ કલાર્કે પોતાની ફોજ સહિત તારીખ ૧૨મી એપ્રિલને રોજ ખંભાતને બંદરે ઉતર્યો. તેણે પ્રથમ એવો મનસુબો કર્યો હતો કે જેવી ફોજ ઉતરે તેવીજ એકદમ રવાના કરવી. પણ તેમનો અટકાવ કરવાને ભકોડાનો ઠાકોર ભૂપતસિંહ એક હજાર અસ્વાર લઇ વાટ જોઇ રહ્યો હતો. તે ઉપરથી તેનાથી થતા નુકશાનમાં નહીં આવી પડવાને માટે થોભવા વાજબી વિચાર્યું હતું. ત્યાર પછી કેટલેક દિવસે સર વિલિયમ કલાર્કે પોતાની બધી ફોજ લઇ ચાલી નિકળ્યો. તે તારીખ ૨૪મી એપ્રિલે બુડાસણ આગળ મેજર વાકર સાહેબને મળ્યો. તે વેળાએ ગાયકવાડનું લશ્કર બાદ કરતાં બ્રિટિશ

લશ્કરમાં પાંચ હજાર માણસ થયું હતું. તેમાં બે હજાર કરતાં પણ વધારે યુરોપિયન હતા.

૯. મલ્હારરાવના દરબારમાં બધા સરદારો એકઠા મળી મસલત કરતા હતા તેવામાં સર વિલયમ કલાર્કના આવી પોંહોચવાના સમાચાર જાણવામાં આવ્યા, તે વેળાએ શિવારામ, ભૂપતસિંહ અને પઠાણોના સરદાર બોલી ઉઠયા કે ઘરમેળે કજીઓ પતાવી દેવો નહીં. પણ મુકુંદરાવ ગાયવાડે તેઓને ઠપકો દેવા માંડયો અને કહ્યું કે તમારે લીધે અમે પણ સંકટમાં આવી પડીશું એવો દોષ તેમને માથે મુક્યો. ટોળી માંહેલા બીજા જે આગેવાન હતા તેઓ ચિંતાતુર થઇ એક બીજાની સામું જોવા લાગ્યા, અને મલ્હારાવ પણ ડર પામી ગભરાઇ બોલવા લાગ્યો કે કોણ જાણે શા કારણને લીધે આપણું ઘરપેટે જે કહેણ ચાલતું હતું, તેનો કશોએ ઉત્તર સામાવાળાઓએ વાળ્યો નહીં. તેથી પોતાના મનમાં ધાર્યું કે જેમ બનવા કાળ હશે તેમ બનશે. પછી પોતાના શેહેર ઉપર હલ્લો કરતા પેહેલાં પોતાની તમામ ફોજને મોરચા બાંધી ઉભી રાખવામાં આવી હતી. તે વિખેરી નાંખવાની અગત્ય સર વિલિયમ કલાર્કને લાગી. જમણી બાજુએ પોતાના રક્ષણ માટે એક યુરોપિયન સરદારના હાથ નીચે જે બળવાન લશ્કર મુક્યું હતું કે જેમાં તોપખાનું, ઘોડેસ્વાર અને બારસેં અથવા ચૌદસેં પઠાણોની પલટણ હતી તેના ઉપર હલ્લો કરવા માટે તારીખ ૩૦મી એપ્રિલને દિવસે ઇંગ્લાંડના રાજાની ૭૫ મી પલટણ મુખ્ય ઠરાવી હતી, અને તેની એક બાજુએ ૮૪મી પલટણમાંના બાકી રહેલા માણસોને ચાર તોપો સહિત રાખવામાં આવ્યા હતા.

૧૦. એ પ્રમાણે તમામ લશ્કર લેફટેનન્ટ કર્નલ વુડિંગટનના હુકમ નીચે તૈયાર થયું હતું. એ રીતે તૈયાર થએલા

લશ્કર સહિત વુડિંગટન કોઇને દેખા ન દતાં ફરોઢીયું થતાં તોપખાનાની લગભગ આવી પોહોચ્યો, કે તરતજ બાયોનેટ ચલાવી શેહેર સ્વાધિન કરી લીધું. એમાં જેટલી તોપો પોતાના હાથમાં આવી તેમાંથી કેટલીક તેજ ક્ષણે શત્રુના સામી ઓઢવી દીધી, અને બ્રિટિશ ફોજ જેમ જેમ પોતાને લાભ થતો જાય તેમ તેમ જુસ્સાથી લઢવા માંડી. એ પ્રમાણે અગિયારે વાગતા પેહેલાં મોરચાનો આખો ભાગ જે કડીના મોખરા આગળ હતો, તે પોતાને સ્વાધિન કરી લેઇ જે ફોજ શત્રુનું રક્ષણ કરતી હતી, તેમાં ભંગાણ પાડીને અવ્યવસ્થા કરી નાંખી. આ પ્રમાણે જય પ્રાપ્ત કરી લેવામાં ઘણું નુકશાન થયું તો ન હોત પણ શત્રુના લશ્કરમાં દારૂનો એક કુંડીઓ પકડાયો, તે દુર્દૈવથી સળગી ઉઠ્યો તેથીજ કરીને ઘણું નુકશાન થયું હતું તે નીચે પ્રમાણે.

ઘાયલ થએલા તથા મરાયેલાની વીગત.

યુરોપિયન મરાયા	૨૨	તથા ઘાયલ થયા	૮૨	}	
દેશી ॥	૬	તથા ॥	૫૨	}	૧૬૨

અધિકારિયો મરાયાની વીગત.

લેફટેનન્ટ ફ્રાન્સીસ ડેવિ રાજાની ૮૪ મી પલટણનો
॥ ડેવિડ પ્રેસ ॥ ૮૫ મી ॥

અધિકારિયો ઘાયલ થયાની વીગત.

લેફટેનન્ટ હેનરીપાલચર પેહેલી અથવા ઊંચા કદની ટુકડીનો
લેફટેનન્ટ હેનરી રમ છઠ્ઠી પલટણની પેહેલી ટુકડીનો.

૧૧. ઉપર લખ્યા પ્રમાણે જય મેળવ્યા પછી મલ્હારરાવની છાવણી ઉપર લૂંટ કરી. તેમજ કડી પાસેનું કડેલ નામે ગામ લૂંટી બાળી નાંખ્યું. તેની જે ફોજ શેહેરના દરવાજા આગળ દોડી આવિ તેને અંદર પેસવા દિધી નહીં ને વેરાઈ જવાનો હુકમ આપવામાં આવ્યો. તેઓ ફરીને પાછા કડીની સામી

બાજુએ કેટલીકવાર સુધી એકઠાં થઈ ઉભાં રહ્યાં પણ તરત તેઓ ઉલટા ભારે ગરબડમાં આવી પડ્યા. મલ્હારરાવને ડર બતાવવામાં આવ્યો એટલે ક્યપટન વિલિયમ્સને છોડી મુક્યો તે ઓફિસર સુંદરજીને સાથે લઇને સાંજની વેળાએ બ્રિટિશ છાવણીમાં આવ્યો. બાબાજીરાવે આ જયના સર્વ સમાચાર પોતાના ભાઇને લખી મોકલ્યા. તેમાં તે બ્રિટિશ ફોજનું શૂરવીરપણું જોઇને બહુ રાજી થયો અને તેથી કરીને હવે તેને તથા તેના ભાઇને અને બીજા મિત્રોને લાભ થવાનો અવસર આવ્યો હતો તે પણ લખી જણાવ્યું હતું. તેણે લખ્યું કે "ઇંગ્રેજો જે રીતે લઢ્યા તે રીત જોઇને, બાબા સાહેબ! હું બહુ આશ્ચર્ય પામ્યો. એમના જેવું જગતમાં બીજુ કોઇ લઢી શકે એવું હોય એમ મને લાગતું નથી. ઘડીમાં તેમણે પોતાના ધાર્યા પ્રમાણે કર્યું, અને શ્રિમંત સરકારના ભાગ્યે કરી કડી બે દિવસમાં આપડા હાથમાં આવશે. કડેલથી કડી અરધો કોશ થાયછે. ઇંગ્રેજી ટુકડી ખાઇની લગભગછે. ઇંગ્રેજ સરકારને અહીં આણવાથી જે પરિણામો થશે તેથી તમારૂં બહુ ડહાપણ ચલાવેલું જણાશે, અને તેમના શૂરવીર પણાએ કરીને તેમની પ્રતિષ્ટા તથા પ્રિતી તમારા શત્રુઓને વિશેષ લાગશે એટલુંજ નહીં પણ આખા જગતને લાગશે. હવે આપણે ચિંતા કરવી મટી ગઈ. કેમકે હવે આપણી નજરમાં આવશે તેમ કરવાને આપણને કંઈ હરકત નહીં થાય."

૧૨. મલ્હારરાવે વિલિયમ ક્યપટન અને સુંદરજીને, છોડી મુક્યા તેથી સર વિલિયમ કલાર્કે કંઇ કહાવી મોકલ્યું હતું. તે ઉપરથી તેણે લઢાઇને બીજે દિવસે કેહેવરાવ્યું કે હું બ્રિટિશ સરકારને શરણ થાઇશ. પછી તેની મરજી જણાયા પ્રમાણે બ્રિટિશ છાવણીમાં તેડી લાવવાને એક ટુકડી દરવાજા આ-

અજ મોકલવામાં આવી. તે દરવાજા આગળ પાલખીમાં બેઠો હતો: ત્યાં તેના લોકોએ તેને નહીં જવા માટે ઘણું સમજાવ્યો અને અટકાવ્યો. તેથી કિલ્લો તોડી પાડવાને તોપોનો મારો આલ્યો, અને કામ ઘણું આગળ વધ્યું. તે ઉપરથી તારીખ ૩૭ મેને દિવસે મલ્હારરાવ માત્ર પોતે અને પોતાના કુટુંબના બચાવની શરતે શરણ થયો. ત્યાર પછી બે દિવસે કડીનો કિલ્લો શત્રુએ ખાલી કર્યો. તેમાં બ્રિટિશ અને ગાયકવાડની ફોજે પ્રવેશ કરવાથી તેઓના એકઠા બાવટા ઉડવા લાગ્યા. તે કિલ્લામાંથી નાની મોટી ૩૭ તોપો, કેટલાક હાથી, ઘોડા, ઊંટ અને ઘણુંક દારૂખાનું તથા સરસામાન તેમને હાથ લાગ્યો.

૧૩. ઉપર લખ્યા પ્રમાણે શરણ થયા પછી મલ્હારરાવે મુંબાઈના ગવરનર સાહેબને કોલ તરીકે પત્ર લખી મોકલ્યો. પછી મહારાજા આનંદરાવ ગાયકવાડને જે લખેલો પત્ર તેના કોલ કરારમાંથી નકલ કરી લીધીછે તે નીચે પ્રમાણે

શલામ બાદ તમારૂં લેહણું મારી પાસે નીકળતું હતું અને આપણા બંને વચ્ચે બાહેધરીઓ હતી તથાપિ મેં વાંધો ઉઠાવ્યો અને લશ્કર રાખી વિશનગરનો કિલ્લો લઇ તમારા રાજ્યમાં ફીતુર કર્યું તેથી બાબાજી આપાજી જોડે લઢાઇ થઈ.

આથી કરીને તમે અંગ્રેજ બહાદુરની કુમક સુધાં નામદાર જોનાથન ડંકન બાહાદુરે વચ્ચે પડી સલાહ સંપથી સમજુતી કરવાનું સમજાવ્યું પણ મેં તેની દરકાર કરી નહીં. તે ઉપરથી અંગ્રેજ લોકોએ તેમને કુમક આપવાનું કબૂલ કર્યું. તે પ્રમાણે આવીને કડીનો કિલ્લો તથા મારા તાબાનો બધો મુલક લઇ લીધો અને તમારી સરકારને સ્વાધિન કર્યો, અને મારા વાસ્તે નડીઆદ પરગણામાંથી દર વરસે સવા લાખ રૂપીઆની નીમણોક બાંધી આપીછે અને આપ મહારાજાની મેહેરબાનીથી મને જે મળ્યુ છે તે કબૂલ કરીશ અને મારો છોકરો કુટુંબ

અને ભાઇઓ તમારી સલાહ સંપથી ચાલશે. મારી ચાલ વિશે ગવરનર સાહેબે ખાત્રી કરી આપીછે અને એઓ સાહેબે સમજાવ્યું છે તે પ્રમાણે અમે સારી ચાલથી ચાલીશું અને તેમાં ફરેક પડશે નહીં. મારા કુટુંબના પોષણ માટે મને જાગીર આપીછે. મારી આગલી જગો બાબત દાવો રહ્યો નથી. પણ મારી સનંદ પ્રમાણે જો હું સારી સલુકાઇથી ચાલું તો ગવરનર સાહેબના હુકમ મુજબ સરકાર તરફથી મારી જેદાદ વધારી આપશે.

તારીખ ૨૭મી સફર તારીખ ૩જી જુન સને૧૮૦૨

મેજર વાકર તથા મીર કમાલુદીન હુશેનખાન અંગ્રેજી ઇસ્ટ ઇંડિયા કંપની તરફથી આ લેખ માટે બાંહિધરીદાર અથવા જામીન થયાછે

શહી મીરકમાલુદ્દીન હુસેનખાન જામીન માફક

"મેજર વાકર જામીન માફક."

૧૪. ઉપર લખ્યા મુજબ પત્ર આવ્યા પછી મહારાજાએ સરકાર તરફથી નડીયાદ પરગણામાંથી સવાલાખ રૂપીયાની જાગીર ખર્ચ અને કુટુંબના પોષણ માટે કાઢી આપેલી— એ કામના માટે ગામોના વહીવટના ઠરાવ બાંધ્યા તેની વીગતઃ—

૧લો—નડીયાદ પરગણામાં વેઠ, વેરો, બાંની બાંદરી અથવા બીજા કોઇ પણ પદાર્થ ઉપર નવો કર બેસાડાશે નહીં.

૨ જો—તે પરગણામાં શીરસ્તો ચાલેછે તે પ્રમાણે ઘાસ વિગેરે બંદોબસ્ત કાયમ તમારે રાખવો પડશે.

૩ જો—કોળી લોકો અથવા મેહવાશીઓ તરફથી કાંઇ જોર જુલમ થવામાં આવે અને તે તમારાથી દુઃખ મટાડાય નહીં તો તમે મંગાવશો તે માફક લશ્કર મોકલવામાં આવશે તેથી તે દુઃખનો નિકાલ થઇ જશે.

૪ થો—કડીમાં તમારાં સગાં વાહલાં, દોસ્તો હશે તેમને

હરકત હેલી થનાર નથી પણ તેઓએ સારી સલુકાઇથી ચાલવું પડશે.

૫ મો—લખતમાંના ઠરાવ પ્રમાણે પરગણામાંથી તમારા રૂ૧૨૫૦૦૦ તમારે લેતા જવા.

૬ ઠો—પરગણા ઉપર કાંઇ આફત, કજા, અથવા નુકશાન આવી પડશે તો તેના હિસાબ જોયા ઉપર છૂટ મુકી તે બાબત મજરે આપવામાં આવશે.

ઉપર લખેલી ૭ સરતો સરકારે કબુલ રાખવી પડશે અને તેના માટે નામદાર ઇંગ્લિશ ઇસ્ટ ઇંડિયા કંપની તરફના મેજર વાકર તથા કમાલુદીન હુસેનખાન બહાદુરને મધ્યસ્થ તથા ખોલાધર ઠરાવ્યાછે.

તારીખ ૭ મી સફર એટલે તા. ૨ જુન સને ૧૮૦૨

દીવાન રાવબાની શહી (આનંદરાવની)

મહોર.

૧૫. કડી તુટી કે તરતજ વડોદરામાં બ્રિટિશ રાજની સત્તા વધી. અગાઉ માર્ચ મહિનામાં મિ. ડંકન અને રાવજી વચ્ચે જે ઠરાવ થયો હતો તે પ્રમાણે ગાયકવાડ સરકારે ચોરાસી પરગણું અને સુરતની ચોથ તેમને આપી તે બ્રિટિશ ફોજના ખર્ચની જામીનગીરી પેટે સુરત અઠાવીશીમાંનો પોતાનો ભાગ આપ્યો. એક ગુહ્ય ઠરાવ થયો હતો. જે કે લઢાઇનો અંત આવતાં સુધી અમલમાં લાવવાને બંધ રાખવામાં આવ્યો હતો તે ઠરાવ એવો હતો કે બે હજાર દેશી પાયદળ, એક યુરોપિયન ગોલંદાજની ટુકડી અને તેના પ્રમાણમાં જેટલા ખરચવા જોઇએ તેટલા રૂપીઆ આપવાનું હમેશાંનું કબૂલ કર્યું હતું. તેના ખરચને પેટે બંને પક્ષકારોને સુલભ પડે તે ભાગ ગાયકવાડના રાજ્યમાંથી ઇંગ્રેજ સરકારને આપવો ઠર્યો. તેમજ આરબોનું લશ્કર કાઢી નાંખવાનું ઠર્યું હતું. ગાયકવાડ સરકારને

બ્રિટિશ સરકારે આ ઓ આપ્યો, તેના બદલામાં ખુશી થઇને આનંદરાવ ગાયકવાડે જુન મહિનાની ૪થી તારીખે સુરત અઠાવિશીમાંનું ચીખલી પરગણું આપ્યું. ત્યાર પછી બેદિવસે એક બીજો ઠરાવ થયો, તેમાં માર્ચ મહિનાના કોલકરાર અને ચીખલી પરગણું આપવાનો ઠરાવ રીત પ્રમાણે બાહાલ રાખવામાં આવ્યો હતો તથા જે આરબોને ઓછા કરવાના છે તેમનો પગાર આપવાને બ્રિટિશ સરકારે ગાયકવાડને જે પૈસા ધીરવા, તેને પેટે ગાયકવાડે વડોદરા, કોરલ, જનોડ, પેટલાદ, અને અમદાવાદનાં પરગણાં લખી આપવાં. તેજ દિવસે આનંદરાવ ગાયકવાડે એક ઠરાવ કરી આપેલો તે પ્રમાણે હવે પછી ગાયકવાડને મદદ આપવા સારૂ બ્રિટિશ સરકારે સહાયકારી ફોજ સંવત ૧૮૬૦ ઇ.સ. ૧૮૦૪ની સાલથી રાખવી. તેના ખરચને સારૂ ગાયકવાડ સરકારે ધોળકા પરગણું આપવું ઠરયું. પેહેલા વરસમાં લશ્કરના ખરચના રૂપિયા સાત લાખ એંશી હજાર થયા, તેની પણ એક દસ્તાવેજ થઇ તેને પેટે પચાસ હજાર રૂપિયાની નડિયાદ શેહેરની જેદાદ આપવામાં આવી તથા બાકીના રૂપિયા પૂરા કરવાને કડીની ઉપજ અને કાઠિયાવાડની સંવત૧૮૫૭-૫૮ અથવા ઇ.સ.૧૮૦૧-૨ની મુલકગીરી જમા સોંપવામાં આવી. જુનની તારીખ ૭મીએ મેજર વાકર સાહેબ વડોદરાના રેસિડેન્ટ ઠર્યા. તે વડોદરે જુલાઇની ૧૧મી તારીખે આવી પોંહોચ્યા તે સમયે ગાયકવાડે તેમનો ઘણો આદર સત્કાર કર્યો.

૧૬. પ્રધાન રાવજીના કેહેવા ઉપરથી તેના ઘરની પાસે પરામાં એક વાડી હતી ત્યાં આગળ મેજર સાહેબને માટે તંબુ ઠોકાવ્યો અને ત્યાં બ્રિટિશ સરકારનો વાવટો ચઢ્યો. આનંદરાવની સામે એક બીજું બંડ થયું હતું, તે સમી ગયાના સમાચાર થોડા દિવસ અગાઉ મળ્યા હતા તે એકે ગાયકવાડના

કુટુંબનો સગો એક ગણપતરાવ કરીને હતો. તે માજી મહારાજા ગોવિંદરાવના કરતાં પોતાનો વિશેષ હક્ક ધરાવીને સર્વ સત્તા લઈ લેવાને ઉભો થયો હતો, તોપણ ભલા સ્વભાવના મહારાજાએ તેને સંખેડાનો કિલ્લો અને તેનું નાનું પરગણું થોડે રૂપિએ ઈજારે આપ્યું હતું. તેના રૂપિયા આપવા બંધ કરી બેઠો હતો. મલ્હારરાવની સાથે મળી જઈને પોતે સ્વતંત્ર સ્થાપના કરવાને તૈયાર થયો હતો પણ કડી જેર થયા પછી તે પોતાના કિલ્લામાં ભરાઈ બેઠો હતો. ત્યાં માત્ર બે તોપો હતી પણ બીજું રક્ષણ માટે બરાબર સાધન પોતાની પાસે નહીં હોવાથી ગાયકવાડનો હલ્લો સહન કરી શક્યો નહીં. એ ગણપતરાવની સાથે મહારાજાના પિતાનો એક દાસી પુત્ર મોરારરાવ કરીને હતો. તે તેને મળી ગયો હતો. બ્રિટિશ ફોજની એક ટુકડી કપ્તાન બેથુનના ઉપરીપણા નીચે જઈને તરત ગાયકવાડની ફોજ સાથે મળી ગઈ હતી. એ બંને ફોજે જુલાઈ માસની તારીખ ૭ મીએ સંખેડું તાબે કર્યું. પણ તેમાં કિલ્લેદારોની ખાનગી મિલકત અને તેમના જીવ બચાવવાનો કોલકરાર થયો, પણ તે પહેલાંની રાત્રે ગણપતરાવ અને મોરારરાવ થોડા માણસો લઈ પગે ચાલતા નીકળી પડ્યા. તેઓ ગોવિંદરાવનો સાળો બાપુ પુવાર કરીને માળવામાં મોટો જાગીરદાર હતો તેના રક્ષણ નિચે ધાર જઈ રહ્યા હતા.

૧૭. હવે ગાયકવાડની પ્રધાન ટોળીનું અને બ્રિટિશ રેસિડેન્ટનું મન કેટલાક મહિનાથી આરબોને કાઢી મુંકવાના કઠણ કામ ઉપર લાગ્યું હતું. તેઓ એટલા બધા બળીયા થઈ પડ્યા હતા કે રાજ્યના પ્રત્યેક કામકાજમાં પોતાનું માથું ઘાલતા હતા. એનું યથાસ્થિત વર્ણન આપવાની આ ઠેકાણે કાંઈ જરૂર નથી. ટૂંકામાં એટલુંજ કે બ્રિટિશ ફોજના આશ્રય વિના તેમ થાય એમ નહોતું. છેવટે આરબોના જમાદારોને

વડોદરાના કિલ્લામાં પેરી લીધા, અને કર્નલ વુડિંગટનના તા- બાની ફોજના બળથી સને ૧૮૦૨ ના ડીસેમ્બર મહિનાની તારીખ ૨૫ મીએ તેઓએ વડોદરૂં છોડી જવાને કબૂલ કર્યું. કારણ કે તેઓના ચઢેલા પગાર વિગેરે તમામ કામનો નિવેડો કરી નાંખવામાં આવ્યો હતો.

૧૮. મલ્હારરાવ ગાયકવાડે ફરીને બંડ મચાવ્યું. સને ૧૮૦૩ના અક્ટોબર મહીનાના આરંભમાં બાબાજી આપાજી કાઠિયાવાડમાં મુલકગીરી કરવા નીકળ્યો હતો. તેના લશ્કરના ઘોડેસ્વારની એક ટુકડીને મલ્હારરાવની સાથે સાવર કુંડલા આગળ એક લડાઇ થઈ. તેમાં મલ્હારરાવના માણસ હાર્યાં અને તેનો બાટલો લૂંટાયો. એટલે તેણે ભાવનગર નાશી જઇને વખતસિંહ ગોહિલનો આશ્રય માગ્યો. પણ વ- ખતસિંહનો વિચાર તેનો પક્ષ ખેંચવાનો નહીં હતો તેથી દ્વા- રકાં કે ભૂજ હોડીમાં બેસીને નાશી જવા દીધો. પણ તેટ- લામાં બે ઈંગ્લિશ હોડીયો આવી પોહોંચી, ને તેની હોડીના ઉપર બે બાર કર્યા. તેથી મલ્હારરાવને ફરીને કિનારે આવવું પડ્યું અને ભાવનગર ઉતર્યો. પણ રાવલે તેને આશ્રો આ- પવાની ના કહી એટલે ડરી જઇને એ તથા એનો છોકરો પોતાનાં નિશાન, નગારાં, હાથી ઘોડા છોડી દઇ નાઠો. તે શ- ત્રુંજ્ય અથવા પાલીતાણાના ડુંગરે આવી પોહોંચ્યા, ત્યાં સુધી કોઈ ઠેકાણે ઢાળો કર્યો નહીં. ત્યાં માત્ર એક ચાકર સહિત તે અને તેનો છોકરો ઘણા દહાડા લગી ઘણા ખરા ભૂખે મર- તા રહ્યા. એટલામાં પાસે વસનારા લોકોએ તેની બાતમી બાબાજીને આપી. તેથી તેઓને લઇ આવવા સારૂ એકસો સ્વારની એક ટુકડી તેણે મોકલી. પેલા ત્રણ જણાઓ મરી જવાય એવી ભૂખની પીડા સહન કરતા હતા અને સર્વ આ- શાઓ તેઓએ કોરે મુકી હતી. તેથી જે અસ્વાર જઇ

મોહોંચ્યા તેમની સાથે કંઈ પણ તકરાર ન કરતાં તેઓ ગાયકવાડના સ્વારો સાથે આવવા કબૂલ થયા. તેઓને ગાયકવાડની છાવણીથી થોડે અંતરે આણ્યા એટલે તેમને લેવાને બાબાજીએ સામે સેના મોકલ્યા. આ કડીના બુદ્ધિમાન, લોભી, ઉડભંગી અને ભાગ્યહીણ જાગીરદારની ગુજરાતમાંના તેના છેલા દેખાવની વખતે તેની આવી સ્થિતિ થઈ. મે મહિનામાં તેને, તેના છોકરા ખંડેરાવ સહિત બ્રિટિશ સરકારના તાબામાં કર્યા. પછી તેને મુંબાઈ લઈ જવામાં આવ્યો ને ત્યાં તે મરતાં સુધી નજર કેદ રહ્યો.

૧૯. હવે બ્રિટિશ સત્તા ગુજરાતમાં કેમ પ્રવેશ થઈ તે વિશેનું થોડું વૃત્તાંત તો ઉપર આપવામાં આવ્યું; પરંતુ હવે પછીની વૃદ્ધી વિશે હું ટુંકામાં લખીશ ઈ. સ. ૧૮૦૫ના એપ્રિલ મહિનાની તારીખ ૨૧મીએ ગાયકવાડ સરકાર સાથે છેવટનો એક ઠરાવ થયો તેમાં વધારો અને ફેરફાર કરવાને જે યોગ્ય જણાયું તે કરી ચોકસ ઠરાવ થયો. ગાયકવાડે પ્રથમ બે હજાર માણસોની ફોજ સહાયતા માટે રાખી હતી પણ હવે ત્રણ હજાર રાખવાને કબૂલ થયા, ને તે તેમના મુલકમાં રહેવાને ઠરી. પરંતુ જ્યારે અગત્ય પડે ત્યારે તેને કામમાં લેવી એમ ઠર્યું. તેના ખરચને સારૂ અગિયાર લાખ સિત્તેર હજાર રૂપીઆની ઉપજનાં પરગણાં આપવાં ઠર્યાં. ચોરાસી, ચીખલી, સુરતની ચોથ અને એડાજીહ્લાના પરગણાં તો બ્રિટિશ સરકારને આપેલાંજ હતાં. ગાયકવાડ સરકારને બ્રિટિશ સરકારનું દેવું હતું તેના પેટામાં બીજાં પરગણાંની ઉપજ પણ જવા લાગી.

મહારાજા આનંદરાવ ગાયકવાડના વખતથી ઓનરેબલ ઈસ્ટઈંડિયાકંપનીને જે આપવામાં આવ્યું હતું તેની યાદી ગંગાધર શાસ્ત્રીની વિગત પ્રમાણે કર્નલ વાકરના સને ૧૮૦૬ ના જાનેવારી મહિનાની તારીખ ૧ લી ના રીપોર્ટ સાથે જો-

ડવામાં આવી હતી તે નીચે પ્રમાણે.

ઈનામ	ઉપજ રૂપિયા.
એડાજીલ્લાની કિલ્લેદારીની	૪૨,૦૦૦
ચિખલી પરગણું	૭૬,૦૦૦
સુરત બંદરની ચોથ	૫૦,૦૦૦
ચોરાસી પરગણું	૯૦,૦૦૦
કુલ ઈનામ	૨,૫૮,૦૦૦

જેદાદ	ઉપજ રૂપિયા,
નડિયાદ પરગણું	૧,૭૫,૦૦૦
ધોળકા પરગણું	૪,૫૦,૦૦૦
વિજાપૂર પરગણું	૧,૩૦,૦૦૦
માતર પરગણું	૧,૩૦,૦૦૦
મહુધા પરગણું	૧,૧૦,૦૦૦
કડી ટપ્પો	૨૫,૦૦૦
કિમ, કઠોદ્રાની જકાત	૫૦,૦૦૦
કાઠિયાવાડની વાર્ષિક વરાત	૧,૦,૦૦૦૦
કુલ જેદાદ	૧૧,૭૦,૦૦૦

૨૦. ગોવિંદરાવ મહારાજના વખતથી પેશવા અને વડોદરા સરકાર વચ્ચે કોઈ કોલકરાર થયો નથી. આબા સેલુકરનું બંડ બેસાડી દીધા પછી પેશવા પાસેથી ગાયકવાડ સરકારે અમદાવાદ, કાઠિયાવાડની મુલકગીરી, પેટલાદ, નાપાડ, ચુડા, રાણપૂર, ધંધુકા અને ઘોઘા પરગણાં તથા કંપનીના કેટલાક ભાગ ઇજારે લીધા હતા. પણ વસાઈનો કોલકરાર થયો તેમાં રાણપૂર, ઘોઘા, ધંધુકા તથા પેશવાનો ભાગ બ્રિટિશ સરકારને આપ્યો. એ શિવાય બાકી રહેલો મુલક દશ

વરસને પટે ગાયકવાડ સરકારને સને ૧૮૦૪ ના જુન મહિનાથી પેશવા સરકારે આપ્યો હતો. પણ પ્રથમ આપેલા પટાની મુદત થઈ રહી ત્યારે તે નવો આપેલો પટો પેશવાએ રદ કર્યો, અને ગુજરાતમાં પોતાની રાજસત્તા વધારવાની આતુરતા થઈ. તેથી સને ૧૮૧૫ માં ત્રિંબકજી ડેંગલાને સરસુબો ઠરાવ્યો. તેણે તે પ્રાંતમાંનો પેશવાનો મુલક તેના નામે લીધો. આ પ્રમાણે પોતાને જે સત્તા મળી હતી તેનો બ્રિટિશ સરકાર સાથે કપટકાર્ય રમવામાં ઉપયોગ કરવા માંડ્યો. પણ સને ૧૮૧૭ માં જે કરાર પેશવા સરકાર સાથે થયો તે કરાર પ્રમાણે આ તોફાની સુબાને તેણે માન્ય રાખ્યો નહીં. પેશવા સરકારે હવે પછી ગાયકવાડ સરકાર ઉપરનો દાવો છોડી દેવાને કબૂલ કરેલું હતું તે તથા પાછલા લેહેણા બદલનો ચૂકાદો કરેલો હતો તે શિવાય પોતાની ગુજરાતમાંની ઉપજ ઓરપાડ બાતલ કરતાં બ્રિટિશ સરકારને આપી.

૨૧. નવેંબર મહિનાની ૬ ઠી તારીખે વડોદરામાં વિશેષ કરાર થયો તેમાં પુના સરકારથી ગાયકવાડ સરકારને લાભ થયો હતો, તેથી ગુજરાતમાં જે એક બીજાનાં રાજ્ય હતાં તેની થોલ પડતી વેહેંચણી કરવાની રીતી અને તે સહાયકારી ફોજમાં એક હજાર કવાયતી પાયદલ તથા ઘોડેસ્વારની બે પલટણો વધારી લેવાનો ઠરાવ કરી તેના ખર્ચના બદલામાં બ્રિટિશ સરકારને થોલ પડતું વળતર કરવામાં વચ્ચે જે પરગણાં આવે તે આપવાનું કબૂલ કર્યું.

પુનરાવર્ત્ત માટે પ્રશ્ન.

(૧) મલ્હારરાવ કોનો દીકરો અને તેના બાપનો ઇલકાબ શો હતો? (૨) મલ્હારરાવે કયા કયા કિલ્લા જીતી લીધા અને કોની સાથે તેની જીત થઈ? (૩) મલ્હારરાવની ફોજમાં કેટલાં

માણસો તથા કયા કયા ઉપરી હતા? (૪) ગાયકવાડી દબાવેલો મુલક કોણે પાછો મેળવ્યો? (૫) ટેકરીઉપરથી કડીની ફોજનો દેખાવ કેવો દેખાતો તેનું વર્ણન કરો? (૬) પ્રથમની લઢાઈ શા કારણથી બંધ રાખવી પડી હતી? (૭) સામા પક્ષવાળા કોણા ઉપર દુશ્મનાવટ જણાવતા? (૮) વિલિયમ કલાર્કની ફોજ ક્યારે આવી મળી? (૯) મલ્હારરાવના દરબારની મસલત કહો? (૧૦) કડી કોણે જેર કર્યું અને ઈંગ્રેજનાં કેટલાં માણસ મરાયાં તેનું બયાન કરો? (૧૧) બાબાજીએ પોતાના ભાઇને જયના શા વર્ત્તમાન લખ્યા? (૧૨) મલ્હારરાવ ક્યારે શરણ થયો અને તેના કિલ્લામાંથી શું શું હાથ લાગ્યું? (૧૩) એના પોષણને માટે કંઇની કેટલા રૂપીઆની જાગીર આપી હતી? (૧૪) આપેલી જાગીર બાબતના શા ઠરાવ ઠર્યા હતા? (૧૫) ગુપ્ત ઠરાવ શો ઠર્યો હતો? (૧૬) રેસિડેન્ટ સાહેબને રહેવાને ક્યાં ઠર્યું? (૧૭) આરબો વડોદરૂં છોડી ક્યારે ગયા? (૧૮) મલ્હારરાવે ફરીને બંડ ક્યારે કર્યું અને તેમાં છેવટ શું નિપજ્યું? (૧૯) ઈનામ અને જૈદાદમાં કયાં કયાં પરગણાં કેટલી કેટલી કિંમતનાં આપવાં પડયાં હતાં.

શ્રીમંત સરકાર ગાયકવાડ મહારાજની વંશાવળી.

કેરોજી

કાનોજીરાવ (અ) | હરજીરાવ (બ) | પાનજી ઉર્ફે દામાજીરાવ | ઝીંગોજીરાવ

માલોજીરાવ (ક) | પીલાજીરાવ | તાત્યાજીરાવ | મહિજીરાવ ઉર્ફે માધવરાવ

દામાજીરાવ. પ્રતાપરાવ ઉર્ફે તાત્યાસાબ. ખંડેરાવ. આનંદરાવ. શયાજીરાવ. એશવંતરાવ. કેશોજીરાવ ઉર્ફે ધુંડોજી. જેસીંગરાવ.
(ડ)

મલ્હારરાવ | દીવરાવ | ભીવરાવ | ત્રિંબકરાવ

શયાજીરાવ | ફતેસિંગરાવ | માનજીરાવ. | મલ્હારરાવ ઉર્ફે રામરાવ | ગોવિંદરાવમહારાજ

દામાજીરાવ | આનંદરાવ | ફતેસિંગરાવ | શયાજીરાવ મહારાજ

ગણપતરાવ ઉર્ફે રાવસાબ | ખંડેરાવ ઉર્ફે આપાસાબ | આનંદરાવ ઉર્ફેનાનાસાબ. | સયાજીરાવ ઉર્ફેભાઉ સાબ | મલ્હારરાવ ઉર્ફે દાદાસાબ (હઈયાત) | એશવંતરાવ ઉર્ફે બાબાસાબ

શયાજીરાવ ઉર્ફેગોપાલરાવ (હાલ રાજ કરેછે)

(क)


- માલોજીરાવ
  - ગોવિંદરાવ ઉર્ફે ગોદાજી
    - ગણપતરાવ
      - ગોવિંદરાવ ઉર્ફે બાપુસાબ
        - આબાસાબ
        - સદાશીવરાવ ઉર્ફે રાવસાબ (હયાત)
        - મુરારરાવ ઉર્ફે દાદાસાબ (હયાત)
    - દફલતરાવ
    - માલોજીરાવ
      - ગોપાલરાવ
        - ખંડેરાવ ઉર્ફે બાબાસાબ (હયાત)
        - ગણપતરાવ (હયાત)

(ड)

- પ્રતાપરાવ ઉર્ફે તાત્યાસાબ
  - કેલોજીરાવ
    - ગબાજીરાવ
      - બીકોજીરાવ
        - ગબાજીરાવ (હયાત)
          - વિઠલરાવ (હયાત)
          - અવચીતરાવ (હયાત)
        - બાબુરાવ (હયાત)
        - કાશીરાવ (હયાત)
          - આનંદરાવ (હયાત)
          - ¹ગોપાલરાવ
          - સંપતરાવ (હયાત)
        - આબાજી (હયાત)
          - દાદાજીરાવ (હયાત)
        - સખારામ (હયાત)
  - જીપોજીરાવ
    - આબાજીરાવ
      - ધાડીરાવ
        - ગોવિંદરાવ
          - આવનરાવ (હયાત)
          - મેડોજીરાવ (હયાત)

મહારાજા ખંડેરાવની રાણી અસ્મત પન્હા જમનાંબાઈ સાહેબે તા૦૨૭ મી મે સને ૧૮૭૫ અથવા વૈશાખ વદ ૭ સંવત ૧૯૩૧ ને રોજ દત્તક લીધા.

૧ હાલ નામ સયાજીરાવ


(अ)
કર્નાજીરાવ
ગંગાજીરાવ
કેદારજીરાવ
ત્રિંબકરાવ
બાપુરાવ
વિઠલરાવ
ગંગાજીરાવ
નારાયણરાવ
ગોપાળરાવ
એશવંતરાવ
દાદાજીરાવ
ખંડેરાવ
(હયાત)
મલ્હારરાવ
ખંડેરાવ
પ્રતાપરાવ
મલ્હારરાવ
(ब)
હરજીરાવ
એસાજી
લીમાજી
શીવાજી
બીવજી
કુસાજી
નાવજી
વિઠલરાવ
સામરાવ
બાલાજી
બાલાજી
હરજીરાવ
સોદાજી
આપાજી
આનાજીરાવ
તુકાજીરાવ
આનાજીરાવ
ગોવિંદરાવ
રૂપાજી
સુબાનરાવ
બાલાજીરાવ
ગોવિંદરાવ
સખારામ
ગોપાલરાવ
કૃષ્ણરાવ
(હયાત)
કાશીરાવ
(હયાત)
નારાયણરાવ
વામનરાવ

શુદ્ધિ પત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.	કલમ.	પૃષ્ટ.	લીટી.
કયા	કર્યા	૭	૬	૨૩
તેણે	તેને	૯	૮	૭
ક્રિર્તિ	કીર્તિ	૧૧	૧૦	૪
શત્રૂ	શત્રુ	૨૦	૧૫	૧૫
ચબળા	ચંબળા	૨૦	૧૬	૧
ખડણી	ખંડણી	૨૮	૨૪	૩
બધ	બંધ	૨૯	૨૫	૨
હેવાથી	હોવાથી	૬૦	૫૭	૬
સલાહાથી	સલાહથી	૬૩	૫૮	૪

પુર્વણી નંબર ૧ લો.

તેમને	તમને	૧૩	૭૨	૨૨
નાકો	નાકા	૧૮	૭૭	૧૯